gujaratvandan.com

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

રવિવાર, 08 ઓક્ટોબર 2023

ભાદરવા વદ-09, વિક્રમ સંવત 2079 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 260 | વર્ષ : 07 | અંક : 22 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12



શ્રિયા શરણ: બોલિવુડમાં મહિલા માટે વય અવરોધરૂપ નથી

પેજ 11

**સુવિચાર**

મતભેદ એક એવી ઉધઈ છે જે ધીમે-ધીમે મન સુધી પહોંચીને લાગણીઓને કોતરી ખાય છે.

ICC World cup 2023 : 36 વર્ષ બાદ ફરી જંગ, ભારત બદલો લેશે?


# ક્રિકેટનો મહાકુંભ: આજે ચેન્નઈમાં ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે મુકાબલો

■ 1987માં ચેન્નઈમાં ભારતનો કાંગારૂઓ સામે 1 રનથી થયો હતો પરાજય

ગુજરાત | વંદન

ક્રિકેટના મહાકુંભ આઈસીસી વર્લ્ડકપનો અમદાવાદના મોટેરા સ્ટેડિયમથી દબદભાભેર પ્રારંભ થઈ ગયો છે. આ જ સ્ટેડિયમમાં 14મી ઓક્ટોબરે ભારત અને પાકિસ્તાનની મેચ રમાય તે પહેલા ચેન્નઈના ચેપોક સ્ટેડિયમમાં 36 વર્ષ બાદ પહેલી વાર ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મહાજંગ ખેલાશે તો આ મેચ સાથે જ ભારતની ટીમ ઈન્ડિયા પણ વર્લ્ડકપના મેદાનમાં પર ઉતરશે. નોંધનીય છે કે, 36 વર્ષ પહેલા ચેપોક સ્ટેડિયમમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાયેલી મેચમાં ભારતનો એક રનથી પરાજય થયો હતો. 8મી ઓક્ટોબરના રોજ યોજાનાર મેચમાં ભારત 36 વર્ષ પહેલાનો બદલો લેશે? વર્લ્ડકપના ચોથા દિવસે રવિવારે 8 ઓક્ટોબરે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચેન્નાઈના એમએ

...અનુસંધાન પેજ નં. 6 પર





## રોહિત સાથે ઓપનિંગ કોણ કરશે?

ઓસ્ટ્રેલિયા સામેની મેચ પહેલા જ ભારતીય ટીમના સ્ટાર યુવા ખેલાડી શુભમન ગિલને ડેન્ગ્યુ થતા ટીમને મોટો ઝટકો લાગ્યો છે. જેના પગલે ચેન્નઈના ચેપોકમાં નહીં રમે તો મોટો સવાલ એ છે કે આ મેચમાં ભારતી ટીમ માટે કોણ ઓપનિંગ કરશે? આવી સ્થિતિમાં આ મહત્વપૂર્ણ મેચમાં રોહિત શર્માની સાથે શુભમન ગિલની જગ્યાએ ઈશાન કિશન અથવા કે.એલ રાહુલ ઓપનિંગ કરી શકે છે. ઈશાન કિશને ઓપનર તરીકે વનડેમાં બેવડી સદી ફટકારી છે.


## ચેપોકમાં સ્પિનરોની ભૂમિકા મહત્વપૂર્ણ

ચેપોકની પીચ સામાન્ય રીતે સ્પિનરો માટે મદદરૂપ માનવામાં આવે છે અને તેમાં ઘણો ટર્ન જોવા મળે છે. ભારતીય ટીમમાં જાડેજા, અશ્વિન, કુલદીપ જેવા વર્લ્ડ ક્લાસ સ્પિનરો છે. ઓસ્ટ્રેલિયામાં એડમ ઝમ્પા, અને ગ્લેન મેક્સવેલ છે.

**ભારતની સંભવિત પ્લેઈંગ ઈલેવન** | રોહિત શર્મા (કેપ્ટન), ઈશાન કિશન, વિરાટ કોહલી, શ્રેયસ ઐયર, કે.એલ. રાહુલ (વિકેટ કિપર), સુર્યકુમાર યાદવ, હાર્દિક પંડયા, રવિન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ, જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ સિરાજ.

રશિયા-યુક્રેન વચ્ચે હજી યુદ્ધનો અંત આવ્યો નથી ત્યાં વધુ એક યુદ્ધ

# ઈઝરાયેલ- પેલેસ્ટિનિયન વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું



■ વર્ષો જૂની દુશ્મનાવટમાં હમાસે રોકેટ છોડ્યા, ઈઝરાયેલ યુદ્ધનું એલાન કર્યું

ગુજરાત | વંદન

પેલેસ્ટિનિયન સંગઠન હમાસે ઈઝરાઈલના ત્રણ શહેરો પર રોકેટ હુમલા કર્યા છે. અલજઝીરાના અહેવાલ મુજબ શનિવારે સવારે લગભગ 8 વાગે તેલ અવીવ, સેડેરોટ અને એશકેલોન શહેરમાં રોકેટ છોડવામાં આવ્યા હતા. આ રોકેટ રહેણાંક વિસ્તારો પર પડ્યા છે. જેમાં 5 લોકોનાં મોત થયા છે. 100થી વધુ લોકો ઘાયલ થયા છે. મૃત્યુઆંક વધી શકે છે.

હમાસે દાવો કર્યો છે કે તેમણે ઈઝરાઈલ પર 5 હજાર રોકેટ વડે હુમલો કર્યો છે. તે જ સમયે, ઈઝરાઈલની સેનાનું કહેવું છે કે ગાઝા પટ્ટીમાંથી 2,200 રોકેટ છોડવામાં આવ્યા હતા.થોડા સમય પછી, ડિફેન્સ મિનિસ્ટ્રીના હેડક્વાટરમાં ઈઝરાઈલ કેબિનેટની મીટિંગ થશે. અહીં વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સત્તાવાર રીતે હમાસ વિરુદ્ધ યુદ્ધની જાહેરાત કરી શકે છે.

...અનુસંધાન પેજ નં. 6 પર

## હમાસનો દાવો : ઈઝરાઇલ પર 5 હજાર રોકેટ વડે હુમલો

હમાસે દાવો કર્યો છે કે તેમણે ઈઝરાઈલ પર 5 હજાર રોકેટ વડે હુમલો કર્યો છે. તે જ સમયે, ઈઝરાઈલની સેનાનું કહેવું છે કે ગાઝા પટ્ટીમાંથી 2,200 રોકેટ છોડવામાં આવ્યા હતા.

## હમાસે 5 ઈઝરાયેલી સૈનિકોને કિડનેપ કર્યાનો દાવો

મિડલ ઈસ્ટમાં ઈઝરાયેલ અને ગાઝા પટ્ટીમાં હમાસના આતંકીઓએ શનિવારે વહેલી સવારે હુમલો કરી દીધો છે. સૌથી પહેલા તેમણે ઈઝરાયેલમાં 5 હજારથી વધુ સંખ્યામાં રોકેટનો મારો ચલાવ્યો છે. એ પછી જમીની માર્ગે પણ હુમલા ચાલુ છે. ગાઝી સૈનિકો ઈઝરાયેલમાં ઘૂસી ચૂક્યા છે. હમાસે 5 ઈઝરાયેલી સૈનિકોને કિડનેપ કર્યાનો દાવો કરાઈ રહ્યો છે

## શું છે ગાઝા પટ્ટીનો સમગ્ર વિવાદ?

ગાઝા પટ્ટી એ એક નાનો પેલેસ્ટિનિયન પ્રદેશ છે, જે ઈજિપ્ત અને ઈઝરાયેલ વચ્ચે ભૂમધ્ય સમુદ્ર કિનારે સ્થિત છે. પેલેસ્ટાઈન એ આરબ અને બહુમતી મુસ્લિમ પ્રભુત્વ ધરાવતો વિસ્તાર છે. તે 'હમાસ' દ્વારા શાસિત છે જે ઈઝરાયેલ વિરોધી આતંકવાદી જૂથ છે. તે એટલા માટે કારણ કે પેલેસ્ટાઈન અને અન્ય ઘણા મુસ્લિમ દેશો ઈઝરાયેલને યહૂદી રાજ્ય તરીકે માન્યતા આપવાનો ઈનકાર કરે છે. 1947 પછી, જ્યારે યુએનએ પેલેસ્ટાઈનને યહૂદી અને આરબ રાજ્યમાં વિભાજિત કર્યું, ત્યારે પેલેસ્ટાઈન અને ઈઝરાયેલ વચ્ચે સંઘર્ષ ચાલુ રહ્યો, જેમાં એક મહત્વનો મુદ્દો તેને યહૂદી રાજ્ય તરીકે સ્વીકારવાનો છે અને બીજો ગાઝા પટ્ટીનો છે જે ઈઝરાયેલની સ્થાપના છે. ત્યારથી, તે ઈઝરાયેલ અને અન્ય આરબ દેશો વચ્ચે સંઘર્ષનું કારણ સાબિત થયું છે.

## ન્યૂઝ બ્રિફ

### Bigg Boss 17માં થશે વિવાદિત એક્ટ્રેસ મમતા કુલકર્ણીની એન્ટ્રી



૯૦ના દશકની બોલિવુડ એક્ટ્રેસ મમતા કુલકર્ણીની રિયલ લાઈફ ઘણી ટ્રેજેડીથી ભરેલી છે. ફિલ્મ તિરંગાથી પોતાના એક્ટિંગ કરિયરની શરૂઆત કરનાર મમતા કુલકર્ણી રાતોરાત ફેમસ થઈ ગઈ હતી. ચાઈના ગેટ, વક્ત હમારા હૈ અને ક્રાંતિવીર જેવી ઘણી ફિલ્મોમાં તેણે ધમાલ મચાવી અને પછી અચાનક ફિલ્મ ઈન્ડસ્ટ્રી છોડીને દુબઈમાં વિક્કી ગોસ્વામી સાથે ભાગી ગઈ. ખબર છે કે હવે રિયાલિટી શૉ દ્વારા તે ફરી વાપસી કરી રહી છે. મમતા તે સમયે લાઈમલાઈટમાં આવી ગઈ હતી જ્યારે બે હજાર કરોડ રૂપિયાના ડ્રગ્સ રેકેટનો ખુલાસો થયો હતો અને આ કેસમાં વિક્કી ગોસ્વામીનું નામ સામે આવ્યું હતું. જોકે મમતાએ પોતાના લગ્નની ખબરોને હંમેશા અફવાહ જ ગણાવી છે.

### PM અને નરેન્દ્ર મોદી સ્ટેડિયમને ઉડાવી દેવાની ધમકી

મુંબઈ પોલીસને ધમકીભર્યો મેઈલ મળ્યો છે. જેમાં અમદાવાદમાં વડાપ્રધાન અને નરેન્દ્ર મોદી સ્ટેડિયમને ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. ગુરુવારે રાત્રે મળેલા આ મેલમાં મોકલનારએ બદલામાં ભારત સરકાર પાસેથી 500 કરોડ રૂપિયાની માંગણી કરી છે. આ ઉપરાંત કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈની મુક્તિની પણ માંગ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, લોરેન્સ બિશ્નોઈ દિલ્હીની મંડોલી જેલમાં બંધ છે અને નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપની ઘણી મેચો યોજાવાની છે. ઈમેલમાં કહેવામાં આવ્યું છે કે આતંકવાદી જૂથે હુમલો કરવા માટે પહેલાથી જ પોતાના લોકોને તૈનાત કરી દીધા છે.

### કેનેડાના વાનકુવરમાં પ્લેન ક્રેશ, બે ભારતીય ટ્રેઇની પાઇલટ સહિત ત્રણના મોત



કેનેડાના વાનકુવર નજીક ચિલીવેકમાં એક નાનું પ્લેન ક્રેશ થયું હતું. વિમાન દુર્ઘટનામાં બે ભારતીય ટ્રેઈની પાઈલટ સહિત ત્રણ લોકોના મોત થયા હતા. સ્થાનિક મીડિયા અનુસાર, પ્લેન આ વિસ્તારમાં એક ઝાડ સાથે અથડાયા બાદ ક્રેશ થયું હતું. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અકસ્માતમાં મૃત્યુ પામેલા બે ભારતીય પાયલોટના નામ અભય ગડરૂ અને યશ વિજય રામુગડે છે અને તેઓ મુંબઈના રહેવાસી હતા. સ્થાનિક અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી તપાસ કરી રહ્યા છે. કેનેડિયન પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'સ્થળનું નિરીક્ષણ કરવામાં આવ્યું છે અને આ વિસ્તારમાં કોઈ જાનહાનિ કે લોકોને કોઈ જોખમ હોવાના અહેવાલ નથી. આ દુર્ઘટના પાઈપર પીએ-34 સેનેકા નામના નાના ટ્વીન એન્જિન એરક્રાફ્ટમાં થઈ હતી.

### મેચના પગલે અમદાવાદ એરપોર્ટ ઓથોરિટીએ એસ્કોર્ટીંગ માટે ચાર્જ વધાર્યા

ક્રિકેટ મેચની શરૂઆત થતાં જ અમદાવાદ એરપોર્ટ પર સામાન્ય દિવસો કરતા ચાર્ટર્ડ પ્લેનોના મૂવમેન્ટમાં પણ વધારો થયો છે. ક્રિકેટના મહાસંગ્રામની શરૂઆત થતાં જ હાલના દિવસોમાં એરપોર્ટ પર રોજની 20થી વધુ ચાર્ટર્ડ પ્લેનની અવરજવર જોવા મળી રહી છે. 14 ઓક્ટોમ્બરે ભારત-પાકિસ્તાન વચ્ચે મેચ રમાવા જઈ રહી છે, ત્યારે ભારત-પાકિસ્તાન વચ્ચેની મેચ પહેલા જ અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઓથોરિટીએ ચાર્જ વધાર્યા છે. અમદાવાદ એરપોર્ટથી VVIPને એસ્કોર્ટ ફેસલિટી ફ્રીમાં નહી મળે, એસ્કોર્ટીંગ માટે 50 હજારની ફી વસુલવામાં આવશે.

## ભારતે 14માં દિવસે રચ્યો ઈતિહાસ, પ્રથમવાર મેડલમાં સેન્ચુરી ફટકારી



# જય હો...એશિયાડના ઈતિહાસમાં પહેલીવાર ભારતે 100 મેડલ જીત્યા

ગુજરાત | વંદન

એશિયાડના ઈતિહાસમાં પહેલીવાર ભારતે 100 મેડલ જીત્યા છે. ભારતીય મહિલા કબડ્ડી ટીમે ફાઈનલમાં ચાઈનીઝ તાઈપેઈને 26-25થી હરાવીને ગોલ્ડ જીત્યો અને ભારત માટે 100મો મેડલ જીત્યો. આ સાથે ભારતે હવે 25 ગોલ્ડ મેડલ જીત્યા છે.

એશિયન ગેમ્સના 14માં દિવસે તીરંદાજી કમ્પાઉન્ડમાં ભારતને ચાર મેડલ મળ્યા. જેમાં 2 ગોલ્ડ, એક સિલ્વર અને એક બ્રોન્ઝનો સમાવેશ થાય છે. દિવસની શરૂઆત તીરંદાજીની કમ્પાઉન્ડ વ્યક્તિગત મહિલા ઈવેન્ટમાં બે મેડલ સાથે થઈ હતી. શનિવારે, અદિતિ ગોપીચંદ સ્વામીએ કમ્પાઉન્ડ વ્યક્તિગત મહિલા તીરંદાજીમાં ભારતનો પહેલો મેડલ જીત્યો. અદિતિએ બ્રોન્ઝ મેડલ માટેની મેચમાં ઈન્ડોનેશિયાની રતિહ ફડલીને 146-140 થી હરાવ્યો.

આ સાથે જ ભારતને આ જ ઈવેન્ટમાં બીજો મેડલ પણ મળ્યો. ભારતની જ્યોતિ સુરેખા વેન્નમે ગોલ્ડ મેડલ જીત્યો હતો. તેણે ગોલ્ડ માટે સાઉથ કોરિયાની સો ચાવોનને 149-145થી હરાવ્યો. ચાવોનને સિલ્વરથી સંતોષ માનવો પડ્યો.

**ભારતનું એશિયન ગેમ્સમાં પ્રદર્શન**

| | | | |
|---|---|---|---|
| 2022 | 36 મેડલ | 2014 | 57 મેડલ |
| 2006 | 53 મેડલ | 2018 | 70 મેડલ |
| 2010 | 65 મેડલ | 2023 | 100 મેડલ |

# મહારાષ્ટ્ર: નાશિકમાં ડ્રગ ફેક્ટરી પર દરોડામાં 300 કરોડનું મેફેડ્રોન જપ્ત

■ 12 આરોપીને ઝડપી 141 કિલોનો ડ્રગ્સ ઝડપ્યો

ગુજરાત | વંદન

મુંબઈની સાકીનાકા પોલીસે નાશિકમાં મેફેડ્રોન બનાવવાના કારખાનાનો પર્દાફાશ કર્યો હતો. ડ્રગ ખરીદી અને વેચાણના સિંડીકેટના ૧૨ આરોપીને ઝડપી લઈ રૂા. ૩૦૦ કરોડનો ૧૫૧ કિલો મેફેડ્રોનનો જથ્થો કબજે કરવામાં આવ્યો હતો.

સાકીનાકા પોલીસ સ્ટેશનના સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટર ગબાજી ચિમટેએ જણાવ્યું હતું કે આ ગેંગને કોર્ટમાં હાજર કરવામાં આવી હતી. કોર્ટે તેમને પાંચ દિવસની પોલીસ કસ્ટડી આપી છે.

આરોપી અન્વર અફસર સૈયદ (ઉં.વ.૪૨), જાવેદ અયુબ ખાન (ઉં.વ. ૨૭), આસિફ નાસિર શેખ (ઉં.વ.૩૦), ઈકબાલ મોહમ્મદ અલી (ઉં.વ.૩૦), સુંદર રાજન શકની વેલ (ઉં.વ.૪૪), હસન સુલેમાન શેખ (ઉં.વ.૪૩), આરીફ નાસિર શેખ (ઉં.વ.૪૨), આયુબ અબ્દુલ સનાર સૈયદ (ઉં.વ.૩૨), નાસીર ઉંમર શેખ ઉર્ફે ચાચા (ઉં.વ.૫૮), અઝહર અસમત અંસારી (ઉં.વ.૩૨), હેહાન આલમ સુલતાન અહમદ અંસારી (ઉં.વ.૨૬), જિશાન ઈકબાલ શેખ (ઉં.વ.૩૪)ને પકડીને પોલીસે વધુ તપાસ આદરી છે.

મેક્સિકોમાં સર્જાયો ગંભીર માર્ગ અકસ્માત

# પ્રવાસીઓથી ભરેલી બસે પલટી મારતા 18નાં મોત, 29 ઈજાગ્રસ્ત





ગુજરાત | વંદન

મેક્સિકોમાં વેનેજુએલા અને હૈતીના પ્રવાસિઓને લઈ જઈ રહેલી એક બસ પલટી ખાઈ ગઈ. આ ઘટનામાં બે મહિલાઓ અને ત્રણ બાળકો સહિત કુલ 18 લોકોના મોત થઈ ગયા છે. રિપોર્ટ અનુસાર આ દુર્ઘટના ઓક્સાકા અને પડોસી રાજ્ય પ્યૂબ્લાને જોડતા રાજમાર્ગ પર સવારે થઈ.

આ બસ દુર્ઘટના મેક્સિકોના પડોસી રાજ્ય પ્યૂબ્લાની બોર્ડરની નજીક સ્થિત ટેપેલમેમે શહેરમાં થઈ. સ્થાનીક અધિકારીઓના નિવેદન અનુસાર બસ દુર્ઘટનામાં કુલ 29 લોકો ઘાયલ થયા છે. ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મેક્સિકોની રાષ્ટ્રીય ઈમીગ્રેશન એજન્સીએ જણાવ્યું છે કે બસમાં 55 વિદેશી નાગરીકો સવાર હતા. તેમાં કહેવામાં આવ્યું છે કે પીડિતોમાં પેરૂના લોકો પણ શામેલ હતા.

અમેરિકા જતા પ્રવાસીઓ સાથે જોડાયેલી આ નવી દુર્ઘટના છે. અમેરિકા-મેક્સિકોની બોર્ડર સુધી પહોંચવાના પ્રયત્નમાં અલગ અલગ દેશોના હજારો પ્રાવસી બસો, ટ્રેલરો અને માલગાડીઓમાં સફર કરે છે.

ગયા રવિવારે ચિયાપાસમાં ક્યૂબાના પ્રવાસીઓને લઈ જતી એક માલવાહક ટ્રક પલટી ખાઈ ગયો હતો. જેમાં 10 ક્યૂબાઈ પ્રવાસીઓના મોત થયા અને 25 ઘાયલ થયા. મેક્સિકન સાષ્ટ્રીય આવ્રજન સંસ્થાનનું કહેવું છે કે બધા મૃત ક્યૂબાઈ પ્રવાસી મહિલાઓ હતી અને તેમાંથી એકની ઉંમર 18 વર્ષથી ઓછી હતી.

# ચૂંટણી માટે BJPએ જે ખેડૂતનું પોસ્ટર લગાવ્યું, તેમણે કહ્યું- મારી પાસે 200 વીઘા જમીન...

ગુજરાત | વંદન

રાજસ્થાન વિધાનસભા ચૂંટણીની વચ્ચે બીજેપીએ 'નહીં રહેગા રાજસ્થાન' અભિયાન શરૂ કર્યું. આ અભિયાનના બેનર રસ્તા પર લગાવવામાં આવ્યા છે. હવે આજ બેનરમાંથી એક બેનરને લઈને હંગામો ઉભો થયો છે. હકીકતે બીજેપીએ 19 હજારથી વધારે ખેડૂતોની જમીન હરાજીને લઈને એક પોસ્ટર લગાવ્યું હતું. હવે આ પોસ્ટને લઈને રાજકારણ ગરમાયું છે.

બીજેપીના અભિયાન વાળા પોસ્ટમાં જે ખેડૂતના ફોટોનો ઉપયોગ કરવામાં આવ્યો છે તે ખેડૂતે બીજેપીના આ પોસ્ટને લઈને





વાંધો ઉઠાવ્યો છે. ખેડૂતે બીજેપી પર પોતાને બદનામ કરવાનો આરોપ લગાવ્યો છે. ખેડૂતનું કહેવું છે કે, "મારા પર કોઈ દેવુ નથી અને મારી જમીનની કોઈ હરાજી પણ નથી થઈ." આ ફોટોનો ઉપયોગ પરવાનગી વગર કરવામાં આવ્યો છે. BJPની તરફથી થોડા દિવસો પહેલા 'નહીં રહેગા રાજસ્થાન' હેઠળ આખા પ્રદેશમાં પ્રદર્શન કરવામાં આવ્યું છે. એવામાં

...અનુસંધાન પેજ નં. 6 પર

સેનાના જવાનો સહિત 56ના મોત, તળાવ ફાટવાની શક્યતા

# પૂર્વોત્તરના સિક્કમમાં ભારે તબાહી, 143 લાપત્તા થયાં



## પૂરથી 25000 લોકો અસરગ્રસ્ત થયા

અધિકારીઓએ જણાવ્યું કે આ પૂરથી 15 સૈનિકો સહિત કુલ 143 લોકો હજુ પણ ગુમ છે, જ્યારે લગભગ 2,413 લોકોને બચાવી લેવામાં આવ્યા છે. 25,000 લોકો પ્રભાવિત થયા છે. 1200 ઘરો તણાઈ ગયા છે. બચાવ કાર્ય સતત ચાલુ છે.

■ કેન્દ્ર સરકારે સંકટની ઘડીમાં સિક્કમમાં કરોડો રૂપિયાની સહાય જાહેર કરી

ગુજરાત | વંદન

પૂર્વોત્તરમાં મણિપુરમાં માનવસર્જિત બાદ સિક્કમમાં કુદરતસર્જિત આપત્તિએ ભારે તબાહી મચાવી છે. રાજધાની ગંગટોકથી 135 કિમી દૂર આવેલા લાચેન ખીણના શાકો ચુ તળાવના ફાટવાની શક્યતા જોવામાં આવી રહી છે. છેલ્લા 24 કલાકમાં આવેલા વિનાશકારી પુરમાં ઓછામાં ઓછામાં 56 લોકોમાં માર્યા છે. જેમાં ભારતીય સૈન્યના જવાનોનો પણ સમાવેશ થાય છે. એક અંદાજ પ્રમાણે હજુ 143 લોકો લાપત્તા છે. કેટલાક મૃતદેહો કેટલાય કિલોમીટર દૂરથી મળી આવ્યા છે. સેના દ્વારા પણ નાગરિકોની બચાવવાની સાથે સાથે જવાનોની પણ શોધખોળ ચાલી રહી છે. તાપમાનને કારણે ગ્લેશિયર

...અનુસંધાન પેજ નં. 6 પર

# ગગનયાન મિશનની તૈયારીઓ શરુ, પ્રથમ માનવરહિત ફ્લાઈટનું ટૂંકમાં પરીક્ષણ કરાશે

■ ગગનયાન માટે ફ્લાઈટનું પરીક્ષણ 25મીની આસપાસ કરવામાં આવી શકે છે

ગુજરાત | વંદન

ઈસરોના ચંદ્ર-સૂર્ય મિશનની સફળતા બાદ હવે માનવને અવકાશમાં મોકલવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. ગગનયાન મિશનને લઈ ઈસરોએ આજે ટ્વીટ કરી અપડેટ આપ્યું હતું. ઈસરોએ લખ્યું હતું કે,ગગનયાન મિશન માટે માનવરહિત ફ્લાઈટ પરીક્ષણ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. ફ્લાઈટ ટેસ્ટ વ્હીકલ એબોર્ટ મિશન-1 (TV-D1) માટેની તૈયારીઓ ચાલી રહી છે. જે ક્રૂ એસ્કેપ સિસ્ટમ માટેનું કાર્ય કરે છે. ઈસરોના એક અધિકારીએ જાણકારી આપી કે, ગગનયાન માટે ફ્લાઈટનું પરીક્ષણ 25 ઓક્ટોબરની આસપાસ કરવામાં આવી શકે છે.

**અવકાશયાત્રીઓને ગગનૌટ કહેવામાં આવશે** | ગગનયાન પ્રોજેક્ટમાં ત્રણ સભ્યોની ટીમને ત્રણ દિવસના મિશન માટે 400 કિમીની ભ્રમણકક્ષામાં મોકલવામાં આવશે અને ત્યારબાદ તેને ભારતીય પ્રાદેશિક જળસીમામાં સુરક્ષિત રીતે પૃથ્વી પર ઉતારવામાં આવશે. આ મિશનમાં ભાગ લેનારા અવકાશયાત્રીઓને ગગનૌટ કહેવામાં આવશે. આ

...અનુસંધાન પેજ નં. 6 પર

## 3 દિવસ પૃથ્વીની આસપાસ ફરશે ગગનયાન



ISROની યોજના હતી કે ગગનયાન દ્વારા ભારતીય અવકાશયાત્રીઓ 7 દિવસ સુધી પૃથ્વીની પરિક્રમા કરશે, પરંતુ બાદમાં આ યોજના બદલાઈ ગઈ. એવું કહેવામાં આવ્યું હતું કે 7 દિવસના બદલે, અવકાશયાત્રીઓ 1 કે 3 દિવસ પૃથ્વીની પરિક્રમા કરશે. આ મિશનમાં ગગનયાનનું ક્રૂ મૉડલ પૃથ્વીથી 400 કિલોમીટરની ઊંચાઈએ લોઅર અર્થ ઓર્બિટમાં ફરશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ મિશનમાં ભારતીય વાયુસેનાના સક્ષમ પાયલટ્સને મોકલવાની તૈયારી છે. એ જ કારણ છે કે તેની તૈયારીઓમાં દરેક બાબતનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. તેથી આ મિશન ખૂબ જ ખાસ છે કારણ કે તેમાં ભૂલ માટે કોઈ સ્થાન જ નથી.

## મહાદેવ બેટિંગ એપ કેસમાં મુંબઈમાં 6 સ્થળો પર ઈડીના દરોડા

ગુજરાત | વંદન

મહાદેવ બેટિંગ એપ કેસમાં ઈડીએ શુક્રવારે મુંબઈમાં એક પ્રોડક્શન હાઉસ પર દરોડા પાડ્યા હતા. કહેવામાં આવી રહ્યું છે કે આ પ્રોડક્શન હાઉસને ફિલ્મ બનાવવા માટે હવાલા દ્વારા પૈસા મળ્યા હતા. એટલે કે બોલિવૂડના આ પ્રોડક્શન હાઉસને અંડરવર્લ્ડ દ્વારા ફાઈનાન્સ કરવામાં આવતું હતું.

ઈડીએ મુંબઈના અંધેરી વિસ્તારમાં કુરેશી પ્રોડક્શન સહિત 6 સ્થળો પર દરોડા પાડ્યા હતા. કુરેશી પ્રોડક્શન બોલિવૂડના ટોચના સ્ટાર સાથે મોટા બજેટની ઐતિહાસિક ફિલ્મ બનાવવાની ચર્ચા ચાલી રહી છે. આ પ્રોડક્શન ચલાવતા લોકો વસીમ કુરેશી અને તબસ્સુમ કુરેશી છે. ઈડી અધિકારીઓએ વસીમ કુરેશીની પૂછપરછ કરી અને પ્રોડક્શન હાઉસના લેવડ-દેવડની તપાસ કરવામાં આવી હતી. સાથે જ વસીમ કુરેશીની તમામ વિદેશ યાત્રાઓની પણ તપાસ કરી રહી છે.

# 1100 કરોડનું રોકાણ, 1190 નોકરીઓનું સર્જન, CMના હસ્તે થયા વધુ 4 MoU

■ ટેક્ષટાઈલ, પેકેજિંગ, કેમિકલ તેમજ પાવર, ડિફેન્સ અને સ્પેસ સેક્ટર સેક્ટરમાં થયા MOU

ગુજરાત | વંદન

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં તાજેતરમાં જ રાજ્ય સરકારે જેની સફળતાના ૨૦ વર્ષ પૂર્ણ કર્યાં છે તે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં વ્યાપક પ્રતિસાદ મળી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈના દિશાદર્શનમાં ગુજરાતને બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટ માટે બેંચમાર્ક તરીકે પ્રસ્થાપિત કરતી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની દસમી શ્રેણી જાન્યુઆરી-૨૦૨૪માં યોજાવાની છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે આ સમિટને સફળ બનાવવા માટેના શ્રેણીબદ્ધ આયોજન હાથ ધર્યા છે. આ હેતુસર વાયબ્રન્ટ સમિટના પૂર્વાર્ધ રૂપે અત્યારથી જ દર અઠવાડિયે વિવિધ ઉદ્યોગ રોકાણકારો સાથે રાજ્યમાં ઉદ્યોગો સ્થાપવા માટેના MoUનો ઉપક્રમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની




પ્રેરણાથી પ્રયોજવામાં આવે છે.

વાયબ્રન્ટ સમિટ-૨૦૨૪નાં પૂર્વાર્ધરૂપે જુલાઈ-૨૦૨૩થી પ્રતિ સપ્તાહે રાજ્યમાં વિવિધ ઉદ્યોગોની સ્થાપના માટે MoU સાઈનીંગ ઉપક્રમની કડી યોજવામાં આવે છે. આ ઉપક્રમના આઠમાં તબક્કામાં ઉદ્યોગ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં બુધવાર તા. ૦૪ ઑક્ટોબરે આઠમી કડીમાં ટેક્ષટાઈલ, પેકેજિંગ, કેમિકલ્સ તેમજ પાવર, ડિફેન્સ અને સ્પેસ સેક્ટર માટે રૂ. ૧,૧૦૦ કરોડથી વધુના રોકાણો માટે ચાર MoU થયા છે. તેનાથી સંભવિત ૧,૧૯૦ જેટલી રોજગારીની તકોનું નિર્માણ થશે. આ ઉપક્રમમાં જુલાઈ-૨૦૨૩થી અત્યાર સુધીમાં તા. ૪ ઓક્ટોબરે થયેલા MoU સહિત આઠ તબક્કામાં કુલ ૧૪,૬૩૬ કરોડ રૂપિયાનના સંભવિત રોકાણો માટેના ૩૫ MoU થયાં છે. આ MoU સાકાર થતાં રાજ્યમાં સમગ્રતયા ૫૧, ૯૦૭ જેટલા રોજગાર અવસરો ઊભા થશે.

આ MoU અનુસાર સુરત જિલ્લાના ઈચ્છાપોર ખાતે પોલિ ફિલ્મ્સ મેન્યુફેક્ચરીંગ યુનિટ શરૂ કરવા માટે એસ. એમ. એલ. ફિલ્મ્સ લિમિટેડ દ્વારા રૂ. ૪૫૦ કરોડનું રોકાણ કરવામાં આવશે. આ યુનિટ વર્ષ ૨૦૨૪-૨૫માં કાર્યરત થતા ૪૦૦ જેટલી રોજગારી પ્રાપ્ત થશે. પેકેજિંગ સેક્ટરના ઉદ્યોગ માટે ભરૂચ જિલ્લામાં બીઓપીપી અને બીઓપીઈટી મેન્યુફેક્ચરીંગ યુનિટ કાર્યરત કરવા માટે આકાશ પોલિ ફિલ્મ્સ લિમિટેડ દ્વારા રૂ. ૪૦૦ કરોડનું રોકાણ કરવામાં આવશે તથા અંદાજે ૪૦૦ જેટલી રોજગારી પ્રાપ્ત થશે. આ એકમ માર્ચ-૨૦૨૫ સુધીમાં કાર્યરત થશે. તેમજ ભરૂચમાં કેમિકલ ડાઈઝ અને ઈન્ટરમીડીયેટ્સ માટે કેમિકલ મેન્યુફેક્ચરીંગ યુનિટ કાર્યરત કરવા સુપરીત કેમિકલ્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા રૂ. ૧૫૦ કરોડનું રોકાણ કરવામાં આવશે, જેમાંથી ૧૫૦ લોકોને રોજગારી પ્રાપ્ત થશે. આ યુનિટ વર્ષ ૨૦૨૫ સુધીમાં કાર્યરત થઈ જવાનો અંદાજ છે.

---

ગુજરાતમાં પ્રથમ પર્વતીય ટનલ બનાવવામાં મળી સફળતા

## બુલેટ ટ્રેનનો રૂટ બન્યો સરળ! પહાડોમાંથી 7 ટનલ બનાવાશે

ગુજરાત | વંદન



મુંબઈ-અમદાવાદ વચ્ચે બુલેટ ટ્રેન રૂટનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. આ નિર્માણ કાર્યમાં મોટી સફળતા મળી છે. વાસ્તવમાં, ગુજરાતના વલસાડમાં બુલેટ રૂટ પર પ્રથમ પર્વતીય ટનલ બનાવવામાં સફળતા મળી છે. તેનું નિર્માણ નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ (NHSRCL) દ્વારા કરવામાં આવી રહ્યું છે જેણે એક નિવેદનમાં જણાવ્યું છે કે 'ન્યૂ ઓસ્ટ્રિયન ટનલ મેથડ' દ્વારા 10 મહિનામાં ટનલનું નિર્માણ કરવામાં આવ્યું છે.

NHSRCL દ્વારા કહેવામાં આવ્યું છે કે આ ટનલ ગુજરાતના વલસાડના ઉમ્બરગાંવ તાલુકાના જરોલી ગામથી લગભગ એક કિલોમીટર દૂર છે. તેમાં ટનલ, ટનલ ગેટ, ટનલ એન્ટ્રી કેનોપી જેવા અન્ય સંકળાયેલ માળખાં છે," તેણે કહ્યું. આ 350 મીટર લાંબી ટનલનો વ્યાસ 12.6 મીટર અને ઊંચાઈ 10.25 મીટર છે. આ ઘોડાના નાળના આકારની ટનલમાં બે હાઈ-સ્પીડ ટ્રેન ટ્રેક બનાવવામાં આવશે.

મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ કોરિડોરમાં પર્વતોમાંથી પસાર થતી સાત ટનલ હશે અને તે તમામનું નિર્માણ NATM દ્વારા કરવામાં આવશે. તમને જણાવી દઈએ કે મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ કોરિડોર પ્રોજેક્ટની અંદાજિત કિંમત રૂ. 1.08 લાખ કરોડ. શેરહોલ્ડિંગ પેટર્ન મુજબ, ભારત સરકાર એનએચએસઆરસીએલને રૂ. 10,000 કરોડ ચૂકવશે, જ્યારે તેમાં સામેલ બે રાજ્યો, ગુજરાત અને મહારાષ્ટ્ર, પ્રત્યેકને રૂ. 5,000 કરોડ ચૂકવવાના રહેશે.

---

## શ્રમિકોના વેતનમાં ખાસ ભથ્થા તરીકે દૈનિક રૂ.21 મળશે

ગુજરાત | વંદન

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, રાજ્યના શ્રમિકોનું માસિક લઘુત્તમ વેતન રૂ.૧૧,૪૬૬ થી વધીને ખાસ ભથ્થા સાથે વેતન રૂ. ૧૨,૦૧૨ થશે. આ વધારાથી રાજ્યના આશરે બે કરોડથી વધુ શ્રમિકોને લાભ થશે. શ્રમિકોના હિતો અને કલ્યાણને વરેલી રાજ્ય સરકારે ચાલુ વર્ષે બજેટ સત્ર દરમિયાન વર્ષ-૨૦૨૩માં શ્રમિકોના લઘુત્તમ વેતનમાં ૨૫ ટકા જેટલો માતબર વધારો કર્યો હતો. હવે, માસિક રૂ. ૫૪૬નું ખાસ ભથ્થુ તેમના વેતનમાં આપવામાં આવશે.


મંત્રીએ વધુમાં ઉમેર્યું કે, રાજ્યના ઝોન-૧ અને ઝોન-૨ના કુશળ, અર્ધ કુશળ અને બિન કુશળ કેટેગરીનાં તમામ શ્રમિકોના વેતનમાં ખાસ ભથ્થા તરીકે રૂ.૨૧ આપવામાં આવશે, જે તા.૧લી ઓક્ટોબર ૨૦૨૩થી તા.૩૧મી માર્ચ ૨૦૨૪ સુધી અમલમાં રહેશે.

---

'પશુ ચિકિત્સા સેવા'નો વ્યાપ વધારવા લેવાયો મહત્ત્વનો નિર્ણય

## ગુજરાતમાં ચાલુ વર્ષે નવા 250 મોબાઈલ પશુ દવાખાના શરૂ કરાશે

ગુજરાત | વંદન



ગુજરાતના સર્વાંગીણ વિકાસ માટે ઉદ્યોગ સહિતના અન્ય ક્ષેત્રો સાથે પશુપાલન ક્ષેત્રને પણ એટલું જ મહત્વ આપવામાં આવી રહ્યું છે. રાજ્યની પોણા ત્રણ કરોડ જેટલી પશુ સંપદા-સમૃદ્ધિને આરોગ્ય રક્ષા કવચ પુરૂં પાડી 'દરેક જીવને અભયદાન'નો મંત્ર સાકાર કરવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. પશુપાલકોના આર્થિક ઉત્થાન માટે રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે અનેકવિધ પશુ કલ્યાણકારી પ્રયાસો હાથ ધર્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યમાં શરૂ કરેલી પશુ આરોગ્ય સેવાનો વ્યાપ વધારવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. પશુ સારવાર માટેની મહત્વપૂર્ણ યોજના '10 ગામ દીઠ એક મોબાઈલ પશુ દવાખાના' અંતર્ગત રાજ્યમાં ચાલુ વર્ષે EMRI-GHS મારફતે 250 નવા ફરતા પશુ દવાખાના શરૂ કરવામાં આવશે.

પશુપાલન મંત્રી રાઘવજી પટેલે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા પશુધન માટે ઘર આંગણે પશુ ચિકિત્સા સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. 10 ગામ દીઠ એક મોબાઈલ પશુ દવાખાના યોજના હેઠળ ગુજરાતમાં કાર્યરત 460 મોબાઈલ પશુ દવાખાના થકી અત્યારે 5300થી વધુ ગામના પશુઓને વિનામૂલ્યે સારવાર સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે. રાજ્યના મહત્તમ ગામડાઓને આ સેવાનો લાભ મળે તે માટે નવા ફરતા પશુ દવાખાના શરૂ કરી વધુ ગામડાઓને આવરી લેવાની રાજ્ય સરકારની નેમ છે.

રાઘવજી પટેલે ઉમેર્યું હતું કે, ચાલુ વર્ષ 2023-24 માં જ નવા 250 ફરતા પશુ દવાખાના શરૂ કરવાનો રાજ્ય સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે. 200 નવીન ફરતા પશુ દવાખાના બિન-આદિજાતિ વિસ્તારમાં અને 50 નવીન ફરતા પશુ દવાખાના આદિજાતિ વિસ્તારમાં શરૂ કરવામાં આવશે. કુલ 17.75 કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. નવા 250 ફરતાં પશુ દવાખાનાના માધ્યમથી રાજ્યના વધુ 2500 ગામના પશુઓને ઈમરજન્સીમાં 1962 નંબર પર ફોનથી ઘર આંગણે જ પશુ સારવારની સેવાઓ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે. ગામોમાં સેવા ઘરબેઠા ઉપલબ્ધ થવાથી જે તે વિસ્તારમાં પશુચિકિત્સા સેવાના વ્યાપમાં પણ વધારો થશે.

---

વાઈબ્રન્ટ ગુજરાત સમિટ-2024ના ભાગરૂપે

## 26મી ઓક્ટોબરે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે એક વિશેષ કોન્ફરન્સનું આયોજન: ઋષિકેશ પટેલ

ગુજરાત | વંદન



ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, દીવ, દમણ અને દાદરાનગર હવેલીની વિવિધ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ, NEP નોડલ ઓફીસરો અને નિષ્ણાતો થશે સહભાગી

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં લેવાયેલા મહત્વના નિર્ણયો અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વાઈબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૨૪ની પૂર્વ ઉજવણીના ભાગરૂપે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા આગામી તા. ૨૬મી ઓક્ટોબરના રોજ 'વેસ્ટર્ન ઝોન વાઈસ ચાન્સેલર્સ કૉન્ફરન્સ ઓન ઈમ્પ્લીમેન્ટેશન ઓફ નેશનલ એજ્યુકેશન પોલિસી-૨૦૨૦' કોન્ફરન્સનું સ્ટેચ્યુ ઓફ યુનિટી-એકતાનગર ખાતે આયોજન કરવામાં આવશે.

પ્રવક્તા મંત્રીએ આ સંદર્ભે જણાવ્યું હતું કે, આ એક દિવસીય કોન્ફરન્સનો શુભારંભ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ કરાવશે. જેના શુભારંભ પ્રસંગે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન, ગુજરાતના ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી ઋષિકેશભાઈ પટેલ, શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ્લભાઈ પાનશેરિયા સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા રાજ્ય તેમજ દીવ, દમણ અને દાદરાનગર હવેલી કેન્દ્રશાસિત પ્રદેશોની યુનિવર્સિટીઓના કુલપતિઓ, NEP નોડલ ઓફીઅરો અને નિષ્ણાતો મળી ૪૮૦ જેટલા ડેલીગેટ્સ પણ આ કોન્ફરન્સમાં ભાગ લેશે. અલગ-અલગ ચાર સેશનમાં ૨૦ જેટલા નિષ્ણાતો પોતાનાં વક્તવ્ય આપશે અને ચર્ચા-વિચારણા પણ કરશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જાહેર કરેલી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ ભારતમાં ૩૬ વર્ષ પછી શિક્ષણક્ષેત્રે ધરખમ સુધારો લાવતી એક મહત્વપૂર્ણ નીતિ છે. આજે દેશના અનેક રાજ્યોમાં આ નીતિનું સઘન અમલીકરણ કરવામાં આવી રહ્યું છે, અને ગુજરાત NEP-૨૦૨૦ના સફળ અને અસરકારક અમલીકરણમાં પણ અગ્રેસર છે. આ કોન્ફરન્સ માટે એક ખાસ પોર્ટલ પણ શરુ કરવામાં આવ્યું છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

---

## નવરાત્રિ સુધરી જશે! રેલવે કંપનીને ગુજરાત મેટ્રોનો ₹857 કરોડનો કોન્ટ્રાક્ટ, સુરત માટે બનાવશે કોચ

ગુજરાત | વંદન



ટીટાગઢ રેલ સિસ્ટમ લિમિટેડે સુરત મેટ્રો રેલના પ્રથમ તબક્કા માટે 72 મેટ્રો કોચના નિર્માણ માટે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન સાથે રૂ. 857 કરોડના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ પ્રોજેક્ટમાં 38 સ્ટેશનો સાથે કુલ 40.45 કિલોમીટર લાંબા બે કોરિડોરનો સમાવેશ થાય છે અને તેની કિંમત રૂ. 12000 કરોડથી વધુ છે.

ટીટાગઢ રેલ સિસ્ટમ લિમિટેડે મંગળવારે (3 ઓક્ટોબર) ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન સાથે રૂ. 857 કરોડના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ કરાર સુરત મેટ્રો રેલના પ્રથમ તબક્કા માટે 72 મેટ્રો કોચના નિર્માણને લગતો છે. આ પ્રોજેક્ટની ઓર્ડર વેલ્યુ અંદાજે રૂ. 857 કરોડ છે. તમને જણાવી દઈએ કે ટીટાગઢ રેલ સિસ્ટમ લિમિટેડ પહેલા ટીટાગઢ વેગન્સ લિમિટેડ તરીકે ઓળખાતી હતી.

કરાર પર હસ્તાક્ષર કર્યાના 76 અઠવાડિયા પછી પ્રોજેક્ટ શરૂ થશે અને પ્રોજેક્ટ 132 અઠવાડિયામાં પૂર્ણ થવાની સંભાવના છે. સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટમાં 38 સ્ટેશનો સાથે કુલ 40.45 કિમીની લંબાઈવાળા બે કોરિડોરનો સમાવેશ થાય છે અને તેનો અંદાજિત ખર્ચ 12,020 કરોડ રૂપિયા છે.

Titagarh Rail System Limited (TRSL) એ આગામી કેટલાક વર્ષોમાં અંદાજે રૂ. 650 કરોડના મૂડી ખર્ચે તેની ક્ષમતાને વિસ્તારવાનું નક્કી કર્યું છે, જેમાંથી મોટી રકમનું રોકાણ કરવામાં આવ્યું છે અને રૂ. તેનો સકારાત્મક પ્રતિભાવ પણ જોવા મળી રહ્યો છે.

આ પહેલા પણ થોડા મહિના પહેલા ટીટાગઢ રેલ સિસ્ટમ્સ લિમિટેડને અમદાવાદ મેટ્રોની ડિઝાઈન, બાંધકામ, સપ્લાય, ટેસ્ટિંગ, કમિશનિંગ માટે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) તરફથી રૂ. 350 કરોડનો ઓર્ડર મળ્યો હતો. આ કંપની રેલવે વેગન અને પેસેન્જર કોચની ઉત્પાદક છે.

---

ખાલી પડનારી બેઠકોની વિગતો 11મીએ જાહેર કરાશે

## સરકારી ડિગ્રી અને ડિપ્લોમા ફાર્મસી કોલેજોમાં ખાલી 223 બેઠક માટે ઓફલાઈન રાઉન્ડ કરાશે

ગુજરાત | વંદન

રાજ્યની ડિગ્રી-ડિપ્લોમા ફાર્મસીમાં પ્રવેશ માટે પ્રક્રિયા પૂર્ણ કરાયા બાદ સરકારી-ગ્રાન્ટેડ કોલેજોની અંદાજે 223 બેઠકો ખાલી પડી હતી. આ બેઠકો માટે હવે નવેસરથી રાઉન્ડ કરવાની જાહેરાત કરવામાં આવી છે. અગાઉ પ્રવેશ લઈ ચૂકેલા અને પ્રવેશ વંચિત હોય તે તમામ વિદ્યાર્થીઓ આ રાઉન્ડમાં ભાગ લઈ શકશે. ગુજકેટ આપી હોય કે ન આપી હોય તમામ વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. આ રાઉન્ડ ઓફલાઈન ધોરણે કરવામાં આવશે. વિદ્યાર્થીઓએ આગામી 8મી સુધી રજિસ્ટ્રેશન કરવાનું રહેશે.ફાર્મસીમાં ચાલુ વર્ષે 13 નવી કોલેજોને મંજુરી આપવામાં આવ્યા બાદ બેઠકોની સંખ્યા 9 હજાર સુધી પહોંચી ગઇ હતી. અત્યાર સુધીમાં કરાયેલા સ્વનિર્ભર કોલેજોની ખાલી પડેલી બેઠકો ભરવાની સત્તા કોલેજોને સોંપી દેવામાં આવી હતી. જેની સામે ગ્રાન્ટેડ અને સરકારી કોલેજોમાં ખાલી પડેલી બેઠકો માટે નવેસરથી ઓફલાઈન રાઉન્ડ જાહેર કરવામાં આવ્યો છે. સરકારી અને ગ્રાન્ટેડની કઈ કોલેજમાં કેટલી બેઠકો ખાલી પડી છે તેની વિગતો પણ વેબસાઈટ પર જાહેર કરવામાં આવી છે. પ્રવેશ ઈચ્છતા વિદ્યાર્થીઓએ આગામી 8મી સુધી ઓનલાઈન ફોર્મ ભરીને રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. અગાઉના રાઉન્ડમાં ફાળવવામાં આવેલા પ્રવેશ પૈકી નોન રિપોર્ટીંગ થયેલી બેઠકો સહિતની કુલ બેઠકોની વિગતો 11મીએ જાહેર કરવામાં આવશે. પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે કે, સામાન્ય રીતે ફાર્મસીમાં ગુજકેટ આપી હોય તેવા વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવતો હોય છે.

---

## અંબાજી મંદિર પ્રસાદ વિવાદ : કેટરર્સનું ટેન્ડર રદ : હવે મંદિર ટ્રસ્ટ જ પ્રસાદ બનાવશે

■ મંદિરમાં હજુ મોહનથાળના પ્રસાદના 18 લાખ પેકેટનો સ્ટોક

ગુજરાત | વંદન

પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં ગઈકાલે મોહનથાળ બનાવતી મોહિની કેટરર્સ એન્જસીના ઘીના સેમ્પલ ફેઈલ થતા હોબાળો મચી ગયો છે.ફુડ વિભાગે 180 ઘીના ડબ્બા સીઝ કર્યા હતાં. ત્યારે હવે આ પરિસ્થિતિને ધ્યાને લઈ મંદિર પ્રસાદને મોટો નિર્ણય લીધો છે. જેને પગલે હવે નવી એજન્સીને ટેન્ડર ફાળવવામાં આવશે અને મોહીની કેટરર્સનું ટેન્ડર રીન્યુ નહી કરાય



મંદિરના ભેટ કેન્દ્રમાં પ્રસાદના 18000 પેકેટનો સ્ટોક પડયો છે.

ભાદરવી પુનમના પ્રસાદનો બફર સ્ટોક હશે.ટુંક સમયમાં મોહનથાળની પ્રસાદીનું ટેન્ડર અન્ય સંસ્થાને સોંપવામાં આવશે ત્યા સુધી પ્રસાદ બનાવવાની કામગીરી મંદિરના કર્મચારીઓ દ્વારા કરવામાં આવશે.

વ્યવસ્થાના ભાગ રૂપે મંદિર પ્રસાસન દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે.અંબાજીમાં 7 દિવસ ચાલેલા મહામેળામાં 45 લાખ લોકોએ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. જેમાં 4 કરોડ 61 લાખની પ્રસાદની આવક થઈ હતી.ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે 15 કિલોના 200 જેટલા ઘીના ડબ્બા કલેકટરે મંદિરમાં પ્રસાદ બનાવતા કોન્ટ્રાકટરને પણ બ્લેકલિસ્ટ કર્યો છે.

---

## દિવાળી પૂર્વે લાખો રેશન કાર્ડધારકોને વધારાનું સીંગતેલ અને ખાંડ અપાશે

ગુજરાત | વંદન



નવેમ્બર મહિનામાં દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખતા રાજ્યના લાખો રેશન કાર્ડધારકોને ઓક્ટોબરમાં જ સીંગતેલ અપાશે. તે સાથે તહેવારો નિમિત્તે નિયત ઉપરાંત એક કિલો વધારાની ખાંડ પણ આપવામાં આવશે.

નાગરિક પુરવઠા નિગમ દ્વારા તહેવારોમાં રાબેતા મુજબના અનાજ સાથે વધારાના અનાજના પુરવઠાની વિતરણ વ્યવસ્થા આ વખતે આગોતરૂ આયોજન કરીને ગોઠવવામાં આવી છે. નવેમ્બરમાં દિવાળીના તહેવારો છે ત્યારે એનએફએસએ સહિતના અંત્યોદય અને બીપીએલ રેશન કાર્ડધારકોને ઓક્ટોબર મહિના દરમિયાન વધારાનો જથ્થો આપી દેવાશે. જેમાં રેશન કાર્ડ દીઠ સીંગતેલનું એક લિટરનું પાઉચ સો રૂપિયામાં અપાશે. તે સાથે દર મહિને મળવાપાત્ર ઉપરાંત વધારાની એક કિલો ખાંડ પણ નિયત દરથી અપાશે. જોકે, છેલ્લા બે મહિનાથી અપાતી બાજરી અમદાવાદ શહેરના રેશનકાર્ડધારકોને ઓક્ટોબર મહિનામાં નહીં મળે તેના સ્થાને રાબેતા મુજબ મળતા ઘઉં સાથે બાજરીની અવેજીમાં ઘઉં મેળવી શકાશે.

જોકે, એકતરફ વધારાના જથ્થાનું વિભાગ સુચારું આયોજન કરી રહ્યું છે ત્યારે વિતરણ વ્યવસ્થાની અનેક ખામીઓ હજુ સુધી સુધારી શકાઈ નહીં હોવાની ફરિયાદ દુકાનદારો કરી રહ્યા છે. ઓક્ટોબર માસ શરૂ થઈ ગયો છે, પરંતુ ઓનલાઈન જથ્થાની પરમીટ મળી નથી કે તેના ચલણ પણ ઓનલાઈન મૂકાયા નથી. ધારાસભ્યોની સંકલન સમિતિમાં દર મહિને પહેલી તારીખે જ રેશનિંગના અનાજ વિતરણનો તમામ જથ્થો મળી જાય તેવી વ્યવસ્થા ગોઠવવા માટે મહિનાઓ પૂર્વે સૂચનો કરાયા હતા. જેનો અમલ હજુ સુધી કરાયો નથી.

---

બેદરકારી

સરસ્વતી સાધના યોજના હેઠળની સાયકલોનું લાંબા સમય સુધી વિતરણ કરવામાં ન આવી

## વિદ્યાર્થીઓને નિશુલ્ક આપવાની 1.42 લાખ સાયકલો ભંગારના ભાવે વેચવા કાઢી

ગુજરાત | વંદન

સરસ્વતી સાધના યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લાના વિદ્યાર્થીઓને આપવાની સાયકલોનું સમયસર વિતરણ નહીં થવાના કારણે એક દાયકા સુધી પડી રહેતા ભંગારમાં ફેરવાયાના પગલે આવી ગાંધીનગરમાં પડેલી ૧.૪૨ લાખથી વધુ સાયકલો હવે મફતના ભાવે એટલે, કે રૂપિયા ૪૦૦ની એક લેખે હરાજી કરી દેવા નિર્ણય લેવાયો છે. વર્ષ ૨૦૧૪-૧૫માં ઉપરોક્ત સાયકલોની શિક્ષણ વિભાગે પત્ર દ્વારા પાઠવેલી સુચનાના પગલે ખરીદી કરવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લા પંચાયતના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા ૧,૪૨,૧૨૮ જેટલી સાયકલોની રૂપિયા ૪૦૦ની એક લેખે અને ૧૪ સાયકલોની રૃપિયા ૭૫૦ની એક લેખે હરાજી કરવા માટે પ્રક્રિયા શરૃ કરી આવી છે. જોકે આ તળિયાની કિંમત છે. પરિણામે સાયકલ દિઠ બે-પાંચ રૃપિયા વધુ પણ ઉપજી શકે છે. ઈન્ચાર્જ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડા. બી. એન, પ્રજાપતિ દ્વારા જણાવવામાં આવ્યા પ્રમાણે પાટનગરમાં સેક્ટર ૧૨માં સિવિલ હોસ્પિટલની પાછળ બીઆરસી ભવન ખાતે તારીખ ૧૯મી ઓક્ટોબરના રોજ હરાજી યોજવામાં આવનાર છે. હરાજીમાં ભાગ લેનારાઓને તારીખ ૧૯મીએ જ કુલ તળીયાની નિયત કરાયેલી રકમના ૫ ટકા સિક્યુરીટી ડિપોઝીટ અને અને અર્નેસ્ટ મની ડિપોઝિટ તરીકે ૩ ટકા રકમ પણ



ભરવા જણાવવામાં આવ્યું છે.

જરૂરતમંદ વિદ્યાર્થીઓ શાળા અને ટયુશન ક્લાસમાં સમયસર પહોંચી શકે તેના માટે સરકારે ૯ વર્ષ પહેલા ઉપરોક્ત સાયકલોની ખરીદી કરી હતી. પરંતુ નિશુલ્ક આપવાની આ સાયકલોનું લાંબા સમય સુધી વિતરણ કરવામાં આવ્યુ ન હતું. આશ્ચર્ય તો એ વાતનું છે, કે વર્ષ ૨૦૧૯ના નવેમ્બર મહિનામાં આવી સાયકલ રૃપિયા ૪ હજારની એક લેખે વેચાણ કરાઈ રહ્યાનો વિવાદ થયો હતો. જે તે સમયે તપાસો પણ કરવામાં આવી હતી. ત્યારે સાયકલ સ્ટોર દ્વારા સાયકલ સેમ્પલની હોવાનો જવાબ આપવામાં આવ્યો હતો.

શાળા, કોલેજના વિદ્યાર્થીઓને નિઃશુલ્ક આપવા માટે જ સરકાર દ્વારા સરસ્વતિ સાધના યોજના હેઠળ ખરીદવામાં આવેલી ઉપરોક્ત સાયકલો પૈકી એકની ખરીદ કિંમત માત્ર રૂપિયા ૩ હજારની ગણવામાં આવે તો પણ રૂપિયા ૪૩ કરોડ જેટલી રકમ થવા જાય છે. હવે આ સાયકલોનું હરાજી દ્વારા ભંગારના ભાવે વેચાણ કરી દેવામાં આવશે. ત્યારે તળિયાની કિંમત પ્રમાણે પુરા ૬ કરોડ આવે તેવી સ્થિતિ નથી. આમ સરકારી તંત્રો દ્વારા થાળી ભંગીને વાટકી કરી નાંખવામાં આવ્યા જેવો તાલ સર્જાયો છે.

# અમદાવાદમાં લાખોની વસતિને બચાવવા ફાયરબ્રિગેડના માત્ર 568 જવાન તૈનાત

## 60 લાખની વસતીની આગ-અક્સ્માતથી બચાવવા માત્ર 568 ફાયરબ્રિગેડ જવાનો

ગુજરાત | વંદન

મેગા સિટીમાં રોજબરોજ આગ, અકસ્માત કે કોઈ દુર્ઘટનાના બનાવો બનતા રહેતા હોય છે, જેમાં ફાયર બ્રિગેડની મદદની જરૂર પડતી હોય છે. આ માટે અમદાવાદ શહેરમાં કુલ 18 ફાયર સ્ટેશન છે. 30 સપ્ટેમ્બર 2022 સુધીમાં ફાયર બ્રિગેડના ટેકનિકલ અધિકારી અને કર્મચારી, ઓટોમોબાઈલ વર્કશોપ વિભાગ, અન્ય સ્ટાફ, કોમ્યુનિકેશન સ્ટાફ કાયમી અને હંગામી તથા એડમિન વિભાગ એમ કુલ 6 વિભાગ આવેલા છે. આ તમામ વિભાગમાં મોટા ભાગે મંજૂર મહેકમ કરતા સ્ટાફની અછત જોવા મળી રહી છે. આ મામલે અનેક વખત ફાયર બ્રિગેડના મહેકમ અને તેમાંય ખાસ કરીને સ્ટાફમાં વધારો કરવા માટેની રજૂઆત કરાઈ છે પરંતુ પરિસ્થિતિમાં હજી સુધીમાં કોઈ મોટો ફેરફાર જોવા મળી આવ્યો નથી. ફાયર બ્રિગેડના 6 વિભાગમાં મંજૂર મહેકમ પ્રમાણે 880નું સંખ્યા બળ છે તેની સામે 568ની જ નિમણૂક કરવામાં આવી છે.

અમદાવાદમાં હાલમાં 2000થી પણ વધુ બાંધકામ ચાલી રહ્યા છે. આ સાઈટ્સમાં અકસ્માત થવાની સંભાવના હોય છે. માનવજીવન જોખમાતું હોય તેવા કિસ્સામાં ફાયર બ્રિગેડની મદદ લેવાય છે. આ વિભાગ ઘણા ઓછા સ્ટાફ સાથે કાર્યરત છે. ઉપરાંત, ગુજરાતભરમાં કોઈપણ શહેરમાં કોઈ મોટી દુર્ઘટના સર્જાય કે પછી કુદરતી આફત આવી પડે ત્યારે અમદાવાદ ફાયર બ્રિગેડની મદદ લેવામાં આવે છે. તેનું કારણ છે કે અમદાવાદ ફાયર બ્રિગેડ અત્યાધુનિક ટેકનોલોજીથી સુસજ્જ છે. જોકે, માત્ર સ્ટાફ પૂરતા પ્રમાણમાં પૂરો નથી પાડવામાં આવ્યો. તંત્રે ફાયર બ્રિગેડને સાધન સામગ્રી તો પૂરી પાડી દીધી છે પરંતુ તેની સામે સાધનનો ઉપયોગ કરનારા કર્મચારીઓ પૂરતા પ્રમાણમાં આપ્યા નથી જેના લીધે ફાયર બ્રિગેડને ઘણી જ તકલીફો સહન કરવી પડે છે.




**ફાયર બ્રિગેડમાં મહત્ત્વની પોસ્ટ પર નિમણૂકમાં ઉદાસીનતા**

| અધિકારીઓ | મંજૂર સંખ્યાબળ | ભરાયેલી જગ્યા |
|---|---|---|
| 1. ચીફ ફાયર ઓફિસર | 1 | 0 |
| 2. એડિશનલ ચીફ ફાયર ઓફિસર | 1 | 0 |
| 3. ડે. ચીફ ફાયર ઓફિસર | 4 | 2 |
| 4. ડિવિઝનલ ફાયર ઓફિસર | 4 | 4 |
| 5. સ્ટેશન ફાયર ઓફિસર | 18 | 15 |
| 6. સબ ફાયર ઓફિસર | 21 | 11 |
| 7. ફાયર મેન તથા સહાયક ફાયર મેન | 408 | 345 |

# અમદાવાદ-દિલ્હી સહિત દેશના 8 શહેરોમાં મકાનોનું વેચાણ વધ્યું, ભાવમાં 11 ટકાનો વધારો

ગુજરાત | વંદન

કોરોના પીરિયડ પછી દેશમાં રિયલ એસ્ટેટ સેક્ટરમાં તેજી આવી છે. રિયલ એસ્ટેટ સેક્ટરમાં ગ્રોથ નોંધાઈ રહ્યો છે. હાલમાં જ રિયલ એસ્ટેટ કંપની નાઈટ ફ્રેન્ક ઈન્ડિયાએ એક રિપોર્ટ જાહેર કર્યો છે. દેશના આઠ મોટા શહેરોમાં મજબૂત માંગને કારણે જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ઘરનું વેચાણ વાર્ષિક ધોરણે 12 ટકા વધીને 82,612 યુનિટ થયું છે. આ છ વર્ષમાં સૌથી વધુ ત્રિમાસિક વેચાણનો આંકડો છે. એક વર્ષ અગાઉના સમાન ગાળામાં આઠ મોટા શહેરોમાં રહેણાંક એકમોનું વેચાણ 73,691 યુનિટ હતું. નાઈટ ફ્રેન્કના એક રિપોર્ટમાં આ જાણકારી આપવામાં આવી છે.

નાઈટ ફ્રેન્ક ઈન્ડિયા રિપોર્ટ : નાઈટ ફ્રેન્ક ઈન્ડિયાના બુધવારે (4 ઓક્ટોબર)ના રોજ જાહેર કરાયેલા અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે આ આંકડો મહત્વપૂર્ણ છે કારણ કે ત્રિમાસિક વેચાણ છ વર્ષમાં સૌથી વધુ સ્તરે પહોંચી ગયું છે. ડેટા અનુસાર, જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટર દરમિયાન મુંબઈમાં ઘરનું વેચાણ ચાર ટકા વધીને 22,308 યુનિટ થયું હતું, જે એક વર્ષ અગાઉ 21,450 યુનિટ હતું. આ છ વર્ષમાં સૌથી વધુ ત્રિમાસિક વેચાણનો આંકડો છે.

દિલ્હી-એનસીઆરમાં હાઉસિંગનું વેચાણ રિપોર્ટિંગ સમયગાળામાં 11,014 યુનિટથી 27 ટકા વધીને 13,981 યુનિટ થયું છે. બેંગલુરુમાં રેસિડેન્શિયલ પ્રોપર્ટીનું વેચાણ 13,013 યુનિટથી નજીવું વધીને 13,169 યુનિટ થયું હતું, જ્યારે પુણેમાં વેચાણ 10,899 યુનિટથી 20 ટકા વધીને 13,079 યુનિટ થયું હતું.

હૈદરાબાદમાં ઘરનું વેચાણ 7,900 યુનિટથી પાંચ ટકા વધીને 8,325 યુનિટ થયું હતું અને અમદાવાદમાં તે 3,887 યુનિટથી છ ટકા વધીને 4,108 યુનિટ થયું હતું. ચેન્નાઈમાં વેચાણ 3,685 યુનિટથી પાંચ ટકા વધીને 3,870 યુનિટ થયું છે, જ્યારે કોલકાતામાં વેચાણ 1,843 યુનિટથી બમણાથી વધુ વધીને 3,772 યુનિટ થયું છે

નાઈટ ફ્રેન્ક ઈન્ડિયાના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શિશિર બૈજલે જણાવ્યું હતું કે ઘરના વેચાણની ગતિ ચાલુ છે અને તે ઘણા વર્ષોમાં ઉચ્ચતમ સ્તરે પહોંચી ગઈ છે. મજબૂત માંગને પહોંચી વળવા બિલ્ડરો નવા પ્રોજેક્ટ શરૂ કરી રહ્યા છે જેના કારણે મકાનોનો પુરવઠો પણ મજબૂત છે. વેચાણના સારા આંકડા વચ્ચે રિયલ એસ્ટેટ માર્કેટની એકંદર આરોગ્ય સુધરી રહી છે.

### વિધાનસભા વિપક્ષ નેતા અમિત ચાવડાની માગણી

# બિહારની જેમ ગુજરાત સરકાર જાતિ આધારિત વસ્તી ગણતરી કરાવો

ગુજરાત | વંદન

દેશમાં તાજેતરમાં જ બિહારની સરકારે જાતિ આધારિત વસતી ગણતરીના આંકડા જાહેર કર્યા હતાં. હવે ગુજરાતમાં પણ કોંગ્રેસ દ્વારા જાતિ આધારિત વસ્તી ગણતરી કરવાની માંગ કરવામાં આવી છે.



કોંગ્રેસના ધારાસભ્ય અમિત ચાવડાએ નિવેદન આપ્યું હતું કે, બિહાર સરકારની જેમ ગુજરાત સરકાર જાતિ આધારિત વસ્તી ગણતરી કરે. જેથી બિન અનામત વર્ગનાં લોકોને વસ્તી ગણતરીથી ફાયદો થશે.

અમિત ચાવડાએ મીડિયાને જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર તાત્કાલિક જાતિ આધારિત વસ્તી ગણતરી કરાવે. મુખ્ય પ્રવાહમાં સમાજ લાવવા માટે સતત લડાઈ ચાલી રહી છે. અંગ્રેજોનાં શાસનકાળથી જાતી આધારિત વસ્તીનાં આંકડા મળી આવે છે. 2011માં કાસ્ટ સેન્સસ મુજબ સામાજીક રીતે વસ્તી ગણતરી કરાઈ છે પરંતુ જાતિ આધારીત વસ્તી ગણતરીનાં આંકડા જાહેર ન થયા. જેથી ધાર્મિક આંકડા જાહેર કરીને રાજકીય લાભ લેવામાં આવ્યો હતો. સમાજમાં અસમાનતા દૂર કરવા જાતિ આધારિત ડેટા ખૂબ જરૂરી છે.

કેટલાક લોકો દ્વારા રાજકીટ એજન્ડાના લાભ મુજબ અનામતની જાહેરાત કરાઈ હતી. કર્ણાટક, ઓરીસ્સામાં જાતિ આધારિત વસ્તી ગણતરીનો પ્રયત્ન થયો છે. બિહારમાં જાતિ આધારિત વસ્તી ગણતરી કરી છે. કોર્ટમાં જવા છતાં જાતિ આધારિત વસ્તી ગણતરી રોકાઈ ન હતી.

# અમદાવાદમાં આવેલ ઐતિહાસિક સમા આશ્રમ રોડનો 47 વર્ષ પછી કાયાકલ્પ કરાશે

ગુજરાત | વંદન

શહેરની ઓળખ સમાન આશ્રમ રોડ સૌથી જૂનો અને ટ્રાફિકથી ધમધમતો એક માર્ગ જ નથી, તે અમદાવાદીઓને શહેરના સમૃદ્ધ ઐતિહાસિક ભૂતકાળ સાથે પણ જોડે છે.તેનો હવે કાયાકલ્પ થવા જઈ રહ્યો છે. મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ રુપે 1976માં પ્રથમ વખત બનાવેલા આ માર્ગને હવે 47 વર્ષ બાદ ‘ગૌરવ પથ’ તરીકે વિકસાવાશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન(AMC)એ 29 સપ્ટેમ્બરે આશ્રમ રોડના રિડેવલપમેન્ટ માટે રૂ.35.75 કરોડનું ટેન્ડર બહાર પાડ્યું હતું. આશ્રમ રોડ મહાત્મા ગાંધી સાથે સંકળાયેલા પાલડીના કોચરબ આશ્રમ અને સાબરમતી આશ્રમને જોડે છે. ગાંધીજી 1915થી 1917 દરમિયાન દક્ષિણ આફ્રિકાના ફિનિક્સ આશ્રમના અન્ય કેદીઓ સાથે કોચરબ આશ્રમમાં રોકાયા હતા અને 1917માં સાબરમતી આશ્રમમાં રહેવા ગયા હતા.




આ ઐતિહાસિક માર્ગ પર આ ઉપરાંત અન્ય ચાર સંસ્થાઓ છે જે ગાંધીજી સાથે જોડાયેલી છે. આશ્રમરોડ પર આવેલી એમ.જે. લાઈબ્રેરીનું ઉદ્ઘાટન ગાંધીજીએ કર્યું હતું અને તેમના પુસ્તકો બેહરા મૂંગા શાળા, નવજીવન પ્રેસ અને ગુજરાત વિદ્યાપીઠને દાનમાં આપ્યા હતા. વિદ્યાપીઠની સ્થાપના તેમણે અસહકાર આંદોલનના ભાગરૂપે કરી હતી અને તેઓ તેના આજીવન કુલપતિ હતા. 1983માં એએમસીએ આશ્રમ રોડનું વિસ્તરણ કર્યું હતું. 2002માં અમદાવાદ માટેના ડેવલપમેન્ટ પ્લાનમાં રિ-ડેવલપમેન્ટ પ્લાન હેઠળ રોડની પહોળાઈ વધારીને 36.39 મીટર કરવામાં આવી હતી.

એએમસીના એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે 1995માં મ્યુનિસિપલ કોર્પોરેશને રિ-ડેવલપમેન્ટ હેઠળ સીજી રોડની પહોળાઈ વધારીને 30 મીટર કરવાનો નિર્ણય લીધો હતો અને ત્યારબાદ 2020માં ફરીથી તેનું નવીનીકરણ કર્યું હતું. આશ્રમ રોડ પરના વિવિધ પટ્ટાઓમાં પણ આ કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમકે કલેક્ટર ઓફિસની સામેનો પટ્ટો 60 મીટર પહોળો છે, જ્યારે મોટા ભાગના રસ્તાની પહોળાઈ 30 મીટરથી 36 મીટરની વચ્ચે છે. ઉસ્માનપુરા અને પાલડી ચાર રસ્તા વચ્ચેની હાલની પહોળાઈ 30 મીટર છે, જ્યારે રેકોર્ડ પર આશ્રમ રોડને 36.39 સુધી પહોળો કરી શકાય છે.

એએમસીના રોડ પ્રોજેક્ટ ડિપાર્ટમેન્ટના 2023-24ના બજેટમાં આઈકોનિક રસ્તાઓ માટે આશ્રમ રોડનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો. બજેટમાં અન્ય પાંચ રસ્તાઓ માટે નાણા ફાળવાયા હતા જેમાં એરપોર્ટ સર્કલથી ઈન્દિરા બ્રિજ, એરપોર્ટ અને ડફનાલા સર્કલ વચ્ચેનો વિસ્તાર, વિસત સર્કલથી ઝુંડાલ રિંગ રોડ સર્કલ, વિસત સર્કલથી તપોવન સર્કલ સુધીનો વિસ્તાર અને રાજપથ ક્લબથી એસપી રિંગ રોડ સુધીના રસ્તાનો સમાવેશ થાય છે.

# કેનેડામાં ભારતીય એમ્બેસી પર હુમલાની તપાસ અમદાવાદ NIAને સોંપાઇ

ગુજરાત | વંદન

કેનેડામાં ભારતીય દૂતાવાસ પર થયેલા હુમલા મામલે તપાસ અમદાવાદ NIAને સોંપવામાં આવી છે. મહત્વનું છે કે 23 મી માર્ચના રોજ ખાલીસ્થાની કટ્ટરપંથી સમર્થકોએ ઓટાવામાં ભારતીય હાઈ કમિશન પર હુમલો કર્યો હતો. હવે તેની તપાસ અંગે નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી અમદાવાદની ટીમ કેનેડા જશે. જોકે હજુ સુધી કેનેડા સરકારે હુમલા અંગે ખાલિસ્તાની સમર્થકોની માહિતી આપી નથી.

ઓટાવામાં થયેલા હુમલાની અને ત્યારબાદ અમદાવાદ સહિતના સ્થળોએ ખાલીસ્થાનની સમર્થકોના વહેતા થયેલા પ્રિરેકોર્ડેડ મેસેજની તપાસ અંગે નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી દિલ્હી દ્વારા ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ મુખ્ય તપાસનીસ અધિકારી તરીકેનો ચાર્જ અમદાવાદ એનઆઈએના વડા ધ્રુમન નિમ્બલેને ચાર્જ સોંપાયો છે. જે તપાસ અર્થે ટીમ સાથે કેનેડા જશે.

### અમદાવાદમાં નવરાત્રી અંગે પોલીસની ગાઈડલાઈન

# વીમા પોલિસી, ફાયરસેફ્ટી સહિત આ 12 નિયમોનું પાલન ફરજિયાત

**ફાયરસેફ્ટી, CCTV, પાર્કિંગ પણ ફરજિયાત આપવુ પડશે**

ગુજરાત | વંદન

ગરબાના આયોજનને લઈને લોકોમાં અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. ચાલુ વર્ષે અમદાવાદના લગભગ 50 પાર્ટી પ્લોટ ઉપરાંત ફાર્મ હાઉસ અને ક્લબમાં ગરબાના આયોજનો થઈ રહ્યા છે. ગત વર્ષે 42 સ્થળે આયોજન થયા હતાં જેમાં આ વર્ષે વધારો થયો છે. ત્યારે આ અંગે આયોજન પોલીસ પરમિશન માટે ફાયર સેફ્ટી ગવર્મેન્ટ ઓથોરાઈઝ ઈલેક્ટ્રિશિયન અને આર્ટિસ્ટનું સંમતિપત્ર તેમજ સીસીટીવી, પાર્કિંગ અને સિક્યુરિટી ગાર્ડની માહિતી તથા ખેલૈયાઓને વીમા પોલિસી સહિતની બાબતો ફરજિયાત કરાઈ છે. પોલીસે 12 મુદ્દાની ગાઈડલાઈન બહાર પાડી છે. જેમા નોંધ કરાયેલ ડોક્યુમેન્ટ અને સર્ટિફિકેટ આયોજકોએ ફરજિયાત રજૂ કરવાના રહેશે. ત્યારબાદ જ



પરમિશન આપવામા આવશે. તેમ જણાવાયું છે.

આયોજકોએ કોઈ એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ પર તથા પાર્કિંગ એરિયા કવર થાય તે રીતે કેમેરા લગાવવા અને તેનું રેકોર્ડિંગ પોલીસ માંગે ત્યારે આપવા સહિત અનેક નિયમ અમલી કરાયા છે. જેમાં સિક્યુરિટી ગાર્ડ અને સ્વયંસેવકો પણ રાખવા પડશે. તથા સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન મુજબ લાઉડ સ્પીકર વગાડવા રાત્રે 12:00 વાગ્યા પછી મંજૂરી અપાશે નહીં. દર્દીઓ વૃદ્ધો અને વિદ્યાર્થીઓને અડચણરૂપ ન થાય તે રીતે અવાજની મર્યાદા પણ નક્કી કરાઈ છે. આથી લાઉડ સ્પીકર આયોજકોએ મર્યાદામાં જ વગાડવાનું રહેશે.

ગરબા જોવા આવતા લોકોને અડચણ ઊભી ન થાય તેવી માટે પાર્કિંગની વ્યવસ્થાએ સ્વયંસેવકો પણ રાખવા પડશે. તથા ગરબાના આયોજનના સ્થળે ટ્રાફિકજામ ન થાય તે માટે સ્થળથી 100 મીટર દૂર પાર્કિંગની વ્યવસ્થા રાખવા જણાવ્યું છે. એટલું જ નહીં વધુ ટ્રાફિક થશે તો ગરબાના આયોજનની પરમિશન પણ રદ કરી દેવા સુધીના આકરા નિર્ણયો લેવાશે.

### કમિશ્નરની તપાસમાં કાગડાપીઠ પોલીસ સ્ટેશનનો ભાંડો ફુટ્યો, એક પોલીસકર્મી સસ્પેન્ડ

# પાસપોર્ટ વેરિફિકેશનના મોટાભાગના કિસ્સામાં અરજદારોને ''વ્યવહાર'' કરવો પડે છે : ફરિયાદો

- સેટેલાઈટ, બોપલ, અમરાઈવાડી, રામોલ સહિતના અરજદારોને થાય છે કડવા અનુભવ

ગુજરાત | વંદન

શહેર પોલીસ દ્વારા પાસપોર્ટ વેરિફિકેશન માટે પોલીસે અરજદારના નિવાસ સ્થાને જવાનું હોય છે. પરંતુ એક કિસ્સામાં પોલીસની આ કામગીરીની પોલ ખુલી ગયી કેમ કે અન્ય કોઈ નહી પરંતુ ખુદ પોલીસ કમિશ્નર તેની જાત ચકાસણી કરતા કાગડાપીઠ પોલીસ સ્ટેશનનો ભાંડો ફુટી ગયો હતો.કાગડાપીઠ પોલીસ સ્ટેશન દ્વારા એક કેસમાં પાસપોર્ટ વેરિફિકેશન માટે અરજદારને પોલીસ સ્ટેશને બોલાવ્યો હતો આ કામગીરી સંભાળનાર પોલીસ કર્મી નરેન્દ્ર સરવૈયાને જ્યારે ખુદ પોલીસ કમિશ્નર જે.એસ મલિકે પુછતા તો સરવૈયા એમ કહ્યું કે હું અરજદારના ઘરે ગયો હતો પરંતુ કમિશ્નરે કહ્યું




અરજદારને તમે પોલીસ સ્ટેશને બોલાવ્યા હતા તે દરમિયાન પોતાની ભુલ કબુલી હતી અને તેના પગલે તેને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, પોલીસ કમિશનર કાગડાપીઠ પોલીસ મથકની મુલાકાતમાં તમામ વિભાગની મુલાકાત લીધી હતી. પોલીસકર્મીઓને મળીને તેમની કામગીરી અંગે ચર્ચા કરી તેમની કોઇ પણ તકલીફો હોય તો તેની રજૂઆત માટે તક આપી હતી.

**આવા અનેક કિસ્સાઓ......**

સૂત્રો કહ્યું કે- આવા અનેક કિસ્સાઓમાં પોલીસકર્મી અરજદારના ઘરે જવાને બદલે તેમને પોલીસ સ્ટેશને આવવાની ફરજ પાડે છે. કમિશ્નરની સપરાઇઝ વીજિટ એક કિસ્સો બહાર આવ્યો છે. પરંતુ જો તમામ સૌની તપાસ કરવામાં આવે તો સંખ્યાબંધ પોલીસ કર્મી સસ્પેન્ડ થઈ જાય. આ ઉપરાંત મોટા ભાગના અરજદારોની પછી તે શહેરના અમરાઈવાડી, સરદારનગર, વાડજ, નારાયણપુરા, રામોલ, સેટેલાઇટ, બોપલમાં રહેતો હોય તો એમની તેવી ફરિયાદો મળી આવશે કે પાસપોર્ટ વેરિફિકેશન માટે પોલીસનો ''વ્યવહાર'' કરવો પડે છે.

### સંજીવ ભટ્ટે કથિત ડ્રગ્સ પ્લાન્ટિંગ કેસમાં ટ્રાયલ જજ સામે ત્રણ અરજી કરી હતી

# સુપ્રીમ કોર્ટનો ટ્રાયલ જજ વિરુદ્ધ વારંવાર અરજી બદલ સંજીવ ભટ્ટને રૂ. 3 લાખનો દંડ



ગુજરાત | વંદન

સુપ્રીમ કોર્ટે બરતરફ કરાયેલ IPS અધિકારી સંજીવ ભટ્ટની તેમના વિરુદ્ધ કથિત ડ્રગ પ્લાન્ટિંગ કેસમાં ટ્રાયલ ચલાવી રહેલા પ્રીસાઈડિંગ ન્યાયાધીશ સામે પક્ષપાત અને અન્યાયી હોવાનો આરોપ મૂકતી અરજીઓ મંગળવારે ફગાવી દીધી હતી અને તેમને રૂ. 3 લાખનો દંડ ફટકાર્યો હતો.

ન્યાયમૂર્તિ વિક્રમ નાથ અને રાજેશ બિંદલની બેન્ચે સંજીવ ભટ્ટ દ્વારા દાખલ કરાયેલી ત્રણ અરજીઓ પર પ્રત્યેક એક લાખ રૂપિયાનો દંડ કર્યો હતો. આ દંડ ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ્સ વેલ્ફેર ફંડમાં જમા કરાવવાનો રહેશે.

એક અરજીમાં, સંજીવ ભટ્ટે હાલના ટ્રાયલ જજ, ત્રીજા એડિશનલ સેશન્સ જજ પર પક્ષપાતનો આક્ષેપ કરીને, બનાસકાંઠા (ગુજરાત) ખાતેના સૌથી વરિષ્ઠ એડિશનલ સેશન્સ જજની કોર્ટમાં ટ્રાયલ ટ્રાન્સફર કરવાની માંગ કરી હતી. બીજી અરજીમાં ટ્રાયલ કોર્ટની કાર્યવાહીના ઓડિયો-વિડિયો રેકોર્ડ કરવાના નિર્દેશોની માંગ કરવામાં આવી હતી. ત્રીજી અરજીમાં ટ્રાયલમાં વધારાના સાક્ષીઓને રજૂ કરવાની માંગ કરવામાં આવી હતી.

આ કેસમાં સુનાવણી કરતાં ન્યાયાધીશ વિક્રમ નાથે પૂછ્યું, “તમે સુપ્રીમ કોર્ટમાં કેટલી વાર ગયા છો? ઓછામાં ઓછા એક ડઝન વખત?” ન્યાયમૂર્તિ નાથે આ વર્ષે ફેબ્રુઆરીમાં સુપ્રીમ કોર્ટ દ્વારા પસાર કરાયેલા આદેશ તરફ ધ્યાન દોર્યું, જેમણે રૂ. 10,000/-ના દંડ સાથે ટ્રાયલને ઝડપી બનાવવા હાઈકોર્ટના નિર્દેશને પડકારતી તેમની અરજી નકારી કાઢી હતી.

સંજિવ ભટ્ટ તરફથી હાજર રહેલા વરિષ્ઠ એડવોકેટ દેવદત્ત કામતે રજૂઆત કરી હતી કે 19 સાક્ષીઓને બોલાવવા એક અરજી દાખલ કરવામાં આવી હતી, જેમને પ્રોસિક્યુશન દ્વારા ટાંકવામાં આવ્યા હતા પરંતુ ટ્રાયલ સમયે તેઓને બાકાત કરી દેવામાં આવ્યા હતા.

“જો ફરિયાદ પક્ષે આ સાક્ષીઓને પ્રોસિક્યુશન સાક્ષીઓ તરીકે ટાંક્યા છે અને તેમને બાકાત કરી દેવાયા છે, અને હું તેમને સાક્ષી તરીકે તપાસવા માંગુ છું, તો તેને કેવી રીતે ઉશ્કેરણીજનક અથવા ટ્રાયલમાં વિલંબ કરવાનો પ્રયાસ કહી શકાય?” કામતે પૂછ્યું. “સ્વાભાવિક રીતે, આ સાક્ષીઓ કાર્યવાહી માટે અસુવિધાજનક હતા અને તેથી જ તેઓને પડતા મૂકવામાં આવ્યા,” તેમ કામતે વિનંતી કરી. તેમણે તેમની દલીલોને મજબૂત કરવા માટે ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ 233(3) પર આધાર રાખ્યો. એમ કહીને કે ફરિયાદ પક્ષને સાક્ષીઓની તપાસ કરવામાં સાડા ત્રણ વર્ષ લાગ્યાં, કામતે દલીલ કરી કે તેમની અરજીને સુનાવણીમાં વિલંબ કરવાના પ્રયાસ તરીકે જોઈ શકાય નહીં.

જો કે સુપ્રીમ કોર્ટની બેંચ આ કેસની સુનાવણી પર ધ્યાન આપવાનું વલણ ધરાવતી ન હતી અને દંડ સાથે તેમની અરજી બરતરફ કરી હતી. બેન્ચે દંડ ઘટાડવાની કામતની અરજી પણ નકારી કાઢી હતી.

ન્યાયાધીશ નાથે કહ્યું હતું કે, “તેઓ શ્રેષ્ઠ વકીલો સાથે વારંવાર કોર્ટનો સંપર્ક કરી રહ્યા છે. તેમની પાસે નાણાંની કોઈ કમી નથી. તેઓ વકીલોના લાભ માટે કંઈક કરી શકે છે.” આ સાથે ન્યાયાધીશે દંડની રકમ ગુજરાત હાઈકોર્ટમાં જમા કરાવવાનો નિર્દેશ આપ્યો હતો. એડવોકેટ્સ વેલ્ફેર ફંડ. ગુજરાત રાજ્ય તરફથી વરિષ્ઠ એડવોકેટ મનિન્દર સિંહ હાજર રહ્યા હતા. વરિષ્ઠ એડવોકેટ આત્મારામ નાડકર્ણી અને સિદ્ધાર્થ ધર્માધિકારી અને એડવોકેટ ઓન રેકોર્ડ અભિકલ્પ પ્રતાપ સિંહ ફરિયાદી તરફથી હાજર થયા હતા.

# અમદાવાદના સોનીએ પત્નીને વર્લ્ડ કપ ટ્રોફી સહિત ક્રિકેટની સોનાની કિટ આપી

## 20 દિવસની મહામહેનતે બનાવી ગોલ્ડ ક્રિકેટ કિટ

ગુજરાત | વંદન

ક્રિકેટ વર્લ્ડ કપ 2023ની ફાઇનલ મેચ ભલે 19 નવેમ્બરે હોય અને ત્યારે જ ટ્રોફીના વિજેતા દેશની જાણ થવાની હોય, પરંતુ અમદાવાદનાં હર્ષાબેનને એ પહેલાં જ વર્લ્ડ કપ ટ્રોફી મળી ગઈ છે. આ વર્લ્ડ કપ ટ્રોફી પણ શુદ્ધ સોનામાંથી બનેલી છે. હર્ષાબેનના પતિ મનીષભાઈ સોનીએ તેમને સોનામાંથી બનેલી વર્લ્ડ કપ ટ્રોફીનો પેન્ડલ અને બુટ્ટીનો સેટ ગિફ્ટમાં આપ્યો છે. આ ઉપરાંત મનીષભાઈ સોનીએ સોનામાંથી વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને વિવિધ વસ્તુઓ પણ બનાવી છે.

અમદાવાદના મનીષભાઈ સોનીને ક્રિકેટમાં ખૂબ રસ છે. એમાં પણ ક્રિકેટરસિકો માટે વર્લ્ડ કપ આકર્ષણનું કેન્દ્ર હોય છે. ત્યારે આ વખતે વર્લ્ડ કપની મેજબાની ભારત કરી રહ્યું છે, તેથી ક્રિકેટપ્રેમીઓનો ઉત્સાહ આસમાને છે. મહત્ત્વનું છે કે આ ક્રિકેટ મેચના ઉત્સાહને મનીષભાઈએ અનોખી રીતે પ્રદર્શિત કર્યો છે. તેમણે 60 ગ્રામ સોનાનો ઉપયોગ કરીને ક્રિકેટ પિચ, તિરંગો, બેટ, બોલ, નાની અને મોટી વર્લ્ડ કપ ટ્રોફી, ટ્રોફીનું પેન્ડલ-બુટ્ટી, આર્મ્સ પેડ, થાઈ પેડ, લેગ ગાર્ડ, એલ્બો, હેન્ડ ગ્લોવસ, તથા વ્હાઈટ બોલની ચેઈનમાં BCCIના લોગોનું પેન્ડલ બનાવ્યું છે. મનીષભાઈ સોનીએ ગોલ્ડ ક્રિકેટ કિટ, ટ્રોફી અને BCCIના લોગોના પેન્ડલવાળી માળા બનાવવા માટે સતત 20 દિવસ મહેનત કરી છે. તેમણે જાતે જ આ દરેક વસ્તુની ડિઝાઇન કરીને પોતાના હાથે જ બનાવી છે.

**કૌટુંબિક વ્યવસાય સાથે શોખને જીવંત રાખવો જરૂરી**

મનીષભાઈએ જણાવ્યું હતું કે “હું સોની છું અને મારી જ્વેલરી શોપ છે. એ મારો વારસાગત ધંધો છે, પરંતુ મને અવનવી વસ્તુઓ બનાવવાનો શોખ છે. ક્રિકેટ મારી ફેવરિટ રમત છે. એમાં પણ આ વર્ષે ભારતમાં યોજાઈ રહેલા વર્લ્ડ કપને કારણે એ વિશેષ બની ગઈ છે. મારો ક્રિકેટ પ્રત્યેનો પ્રેમ દર્શાવવા ગોલ્ડ ક્રિકેટ કિટ સહિત અન્ય વસ્તુઓ બનાવી છે. આ સાથે ગોલ્ડ ક્રિકેટ કિટ તેમણે કોઈપણ કિંમતે વેચવા તૈયાર નથી.

સાપ્તાહિક ગુજરાત વંદન

## સંપાદકીય....

## કેનેડા સામે બે જ વિકલ્પ છેઃ યા તો સજ્જડ પુરાવા આપે યા આરોપ લગાવવાનું બંધ કરે....!



ભારતની વિદેશ નીતિ વસુદેવ કુટુંબકમની રહી છે. ભારત કોઇના પર પ્રથમ વાર કરતો નથી અને જે વાર કરે તેને છોડતો નથી એવી વિદેશ નીતિ વધારે કડક બની રહી હોય તેમ ભારતે કેનેડા સાથેના રાજદ્વારી સંબંધોને વધારે કડક બનાવીને ભારતમાંથી તેમના 41 ડિપ્લોમેટ અધિકારીઓને ભારત છોડી જવા અલ્ટીમેટમ આપ્યું છે. તે અગાઉ કેનેડાએ ભારતના ડિપ્લોમેટને હાંકી કાઢ્યા બાદ ભારતે પણ વળતી કાર્યવાહી કરી હતી. જોકે એક સાથે 41 ડિપ્લોમેટ અધિકારીઓની ભારતમાંથી હકાલપટ્ટી નો નિર્ણય દર્શાવે છે કે ભારત અને કેનેડા વચ્ચેના સંબંધોનો નો યુ-ટર્ન સ્તરે પહોંચી ગયા હોય એમ જણાય છે. અલબત્ત, તેની શરૂઆત કેનેડાએ જ કરી છે.

કેનેડાના બ્રિટિશ કોલમ્બિયામાં શીખ ખાલિસ્તાની નેતા હરદીપસિંહ નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટનો હાથ છે એવો સીધેસીધો આક્ષેપ કેનેડાએ કર્યો છે. આઝાદ ભારતમાં એવું પહેલી વાર બન્યું કે કોઇ દેશ દ્વારા ભારતની સામે આવો ગંભીર આક્ષેપ કર્યો હોય. અમેરિકાને હચમચાવનાર આતંકી ઓસામા બીન લાદેનને અમેરિકાએ હણી નાખ્યો તેમ શક્ય છે કે ભારતે પણ પોતાના ભાગેડુ અને ખૂંખાર આતંકીઓ કે જેઓ વિદેશની ધરતી પર ત્યાંના કોઇ દેશના છત્રછાયામાં રહીને ભારતમાં ભાંગફોડ, હત્યાઓ અને કાયદો વ્યવસ્થા કથળે એવી ગેરકાયદે પ્રવૃતિઓ આચરતા હોય તો તેમને વિશ્વમાં ગમે ત્યાં હણી નાખવામાં કોઇ છોછ નથી. અલબત, આ બાબત ખૂબ જ ગોપનિય રહેતી હોય છે. કેનેડાએ પ્રથમવાર આ બાબતને ઉઘાડી પાડીને ભારતની સામે સીધો આક્ષેપ કરતા તો કરી દીધો પરંતુ તેના સજ્જડ પુરાવા આપવા જોઇએ.

વિશ્વમાં એકબીજા દેશો સામસામે અરસપરસ આક્ષેપ પ્રતિઆક્ષેપ કરે ત્યાં સુધી ઠીક છે પરંતુ એક એવા નેતાની હત્યાને મામલે કેનેડા સરકારનું ભારત સામેનું વલણ કે જે ભારતનો વોન્ટેડ આતંકી છે અને ભારતના ભાગલા પાડીને ખાલિસ્તાન નામના અલગ દેશની લડત કેનેડાની ધરતી પર રહીને ચલાવતો હોય અને કેનેડા સરકાર આંતરરાષ્ટ્રીય ધોરણેને માન્ય રાખી તેની સામે કોઇ પગલાં ન ભરે, ઉલટાનું ભારતની સામે ગંબીર આરોપ લગાવી તે કેટલા અંશે ઉચિત કહી શકાય?

કેનેડાની પાસે નિજ્જરની હત્યામાં ભારતના એજન્ટનો (રો નામની સંસ્થા)નો હાથ હોય તો તેના પુરાવા જાહેર કરવા જોઇએ. બની શકે કે કેનેડાએ સાથી દેશો અમેરિકા યુકે વગેરેને તેના પુરાવા આપ્યા હશે. અને કોઇ ડિપ્લોમેટિક ચેનલ દ્વારા ભારતને પણ એ પુરાવા મળ્યા હશે. ભારતે પણ જાહેરમાં એમ કહ્યું છે કે નિજ્જરની હત્યામાં ભારતનો કોઇ હાથ નથી, અલબત્ત, ભારત પુરાવા આપે તે કરતા આરોપ લગાવનારે પુરાવા આપવા જોઇએ અને આપવા પડે. જો પુરાવા ન આપે તો કેનેડાએ ભારતની માફી માગીને ભારત સાથેના રાજદ્વારી સંબંધો પૂર્વવત કરવા જોઇએ.

વિશ્વમાં ઘણા દેશો ગોપનીય રીતે પોતાની કાર્યવાહી હાથ ધરીને પોતાના દેશના દુશ્મનોનો ખાત્મો બોલાવી દે છે પરંતુ દરેક કિસ્સામાં કાંઇ લાદેનની જેમ તેની જાહેરાત કરવામાં આવતી નથી. 99.99 ટકા આવી બાબતો ગોપનીય રહેતી હોય છે. એકબીજા દેશો તે જાણતા હોય છે પરંતુ કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ પોતાના રાજકીય સ્વાર્થ માટે આ મુદ્દો ઉછાળ્યો હોય એમ સહુકોઇને લાગી રહ્યું છે.

રાજકીય રીતે જોઇએ તો કેનેડાની ટ્રુડો સરકાર એનડીપી નામના વિપક્ષના ટેકાથી ટકેલી છે. એનડીપી પાર્ટીમાં શીખ સમુદાયનું પ્રભુત્વ રહેલું છે. તેના નેતા પણ શીખ છે અને નિજ્જરની હત્યાને પગલે એનડીપી દ્વારા ટ્રુડો સરકાર પર ટેકાના મામલે દબાણ લાવીને ભારતને બદનામ કરવામાં કોઇ રાજકીય ષડયંત્ર રચવામાં આવ્યું હોવાનું મનાઇ રહ્યું છે.

આ સંજોગોમાં કેનેડાએ કાં તો પુરાવા આપે અથવા ભારતની સામે આરોપ લગાવવાનું બંધ કરે તે સિવાય અન્ય કોઇ વિકલ્પ રહેતો નથી અને વિદેશ મંત્રી એસ. જયશંકરના શબ્દોમાં કહીએ તો હાલનું ભારત એ પહેલાનું ભારત નથી.

## બંગાળ અને આંધ્રપ્રદેશના શિક્ષકોના નામ 'ગ્લોબલ ટીચર એવોર્ડ 2023' માટે શોર્ટલિસ્ટ થયા

# 87 લાખ શિક્ષકોમાંથી માત્ર બે જ શિક્ષકો વૈશ્વિક સ્તરે પહોંચ્યા

## એક શિક્ષકે કોરોનામાં ગારાની બનેલી દીવાલ પર બ્લેકબોર્ડ બનાવીને બાળકોને ભણાવ્યાં

સાપ્તાહિક ગુજરાત વંદન



દેશમાં અંદાજે 87 લાખ શિક્ષકો છે કે જેઓ ધો. 1થી 8 કે 12 સુધી ભણાવે છે. અને સમગ્ર વિશવમાં શિક્ષકોની સંખ્યા એક અંદાજ પ્રમાણે, 80 મિલિયન કે 8 કરોડ છે. તેમાંથી 10 એવા બેસ્ટમાં બેસ્ટ શિક્ષકોને પસંદ કરવાની શરૂ થયેલી પ્રક્રિયામાં ભારતના 87 લાખ શિક્ષકોમાંથી ગણીને માત્ર બે જ શિક્ષકો વિશ્વના શ્રેષ્ઠ શિક્ષકનો યાદી માટે પસંદ કરાયા છે. ભારત માટે તે દયનીય કહેવાય કે સારૂ કહેવાય તેનો આધાર ગ્લાસમાં અડધે સુધી ભરેલા પાણીને જોવાના આધાર પર છે. જેમ કે કોઇ કહેશ કે અડધો ગ્લાસ ખાલી છે તો કોઇ કહેશે કે ના, અડધો ગ્લાસ ભરેલો છે.

87 લાખમાંથી એક નહીં બે શિક્ષકો આખા ભારતમાંથી ગ્લોબલ બેસ્ટ ટીચર માટે પસંદ થયા તેને હકારાત્મક રીતે પણ જોઇ શકાય અને કોઇ વળી એમ પણ કહેશે કે, બસ....બે જ શિક્ષકો..? .આખા ભારતની 140 કરોડની વસ્તીમાંથી શુ માત્ર બે જ શિક્ષકો મળ્યા..?.સરકાર શિક્ષકોના પગાર પાછળ તો અબજો કરોડો ખર્ચે છે છતાં માત્ર બે જ...?!

આપણે હકારાત્મકતાને વળગી રહીએ અને જે બે બેસ્ટ શિક્ષકો પસંદ થયા છે તેમની વિશેષતાઓ પર નજર નાંખીએ...

પશ્ચિમ બંગાળના પ્રાથમિક શાળાના શિક્ષક દીપ નારાયણ નાયક અને આંધ્ર પ્રદેશના અંગ્રેજી શિક્ષક હરિ કૃષ્ણ પચારુના નામ 'ગ્લોબલ ટીચર એવોર્ડ 2023' માટે ટોચના 50 લોકોની યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે.

વર્કી ફાઉન્ડેશન દ્વારા યુનેસ્કોના સહયોગથી અને સંયુક્ત આરબ અમીરાત સ્થિત વૈશ્વિક પરોપકારી સંસ્થા દુબઈ કેર્સના સહયોગથી આ એવોર્ડનું આયોજન કરવામાં આવ્યું છે. યાદીમાં આ 50 લોકોના નામ વિશ્વના 130 દેશોમાંથી મળેલા 7,000 થી વધુ નોમિનેશન અને અરજીઓમાંથી પસંદ કરવામાં આવ્યા છે. આમાં ઇનામ તરીકે 10 લાખ યુએસ ડોલર આપવામાં આવે છે.એટલે કે જો ભારતમાંથી નાયક કે પચારૂ પસંદ થશે તો 10 લાખ ડોલરને 80 વડે ગુણીએ તો 8 કરોડ રૂપિયા મળશે....!

જામુરિયા, આસનસોલમાં 'તિલકા માંઝી આદિવાસી ફ્રી પ્રાયમરી સ્કૂલ'ના શિક્ષક નાયકને તેમની નવીન શિક્ષણ પદ્ધતિઓ માટે પસંદ કરવામાં આવ્યા છે. જેમણે શિક્ષણ અને સામાજિક પડકારોનો સામનો કરી રહેલા વંચિત બાળકોના જીવનમાં પરિવર્તન લાવ્યું છે.

મહામારી કોરોના રોગચાળાની વચ્ચે, તેઓએ એક કાચા મકાનની કાદવની બનેલી દિવાલોને બ્લેકબોર્ડમાં ફેરવી દીધી અને શેરીઓના રસ્તાને વર્ગખંડ તરીકે ઉપયોગ કરીને સાવ ગરીબ અને પછાત બાળકોને ભણાવવાનું ચાલુ રાખ્યું હતું.. તેમનું ધ્યાન બાળકના માતા-પિતાને શિક્ષિત કરવા, અંધશ્રદ્ધા નાબૂદ કરવા અને શીખવાની અક્ષમતા જેવી સમસ્યાઓને દૂર કરવા પર હતું, જેનાથી બાળકો અને સમુદાયો સશક્ત બને.

નાયકની પહેલ માત્ર શિક્ષણ પુરતી મર્યાદિત ન હતી પરંતુ કૂપોષણ, બાળ દુર્વ્યવહાર અને ટકાઉ પર્યાવરણના પડકારો અંગે પણ ધ્યાન આપ્યું છે.અને તેમનો 'રાસ્ટર માસ્ટર' પ્રોજેક્ટ કોવિડ પછીના સર્વગ્રાહી શિક્ષણ માટે બ્લુપ્રિન્ટ બન્યો છે.

એક અન્ય શિક્ષક જે જેઓ ગ્લોબલ બેસ્ટ ટિચરની યાદી માટે પસંદ થાય છે તેમનુ નામ પટાચારૂ છે.ગુંટુર જિલ્લાના ભટ્ટીપ્રોલુ મંડલ ખાતે ZPHS ઈલાવરમના શિક્ષક પટાચારુને અંગ્રેજી શિક્ષક તરીકેના તેમના કાર્ય માટે પસંદ કરવામાં આવ્યા છે. તેમણે ભાષાના અવરોધોને દૂર કરવા અને તેમના વિદ્યાર્થીઓના જીવનને સમૃદ્ધ બનાવવાના મિશનની શરૂઆત કરી છે.

નવીન સાંસ્કૃતિક સત્રો અને શિક્ષકોના વૈશ્વિક નેટવર્ક દ્વારા, તેમણે તેમના વર્ગખંડમાં પરિવર્તન કર્યું, વિદ્યાર્થીઓને અંગ્રેજીમાં આત્મવિશ્વાસપૂર્વક અભિવ્યક્ત કરવા માટે મજબૂતાઈથી તૈયાર કર્યા તેમના પ્રયાસો ભાષાની બહાર વિસ્તર્યા છે, શૈક્ષણિક તકો પૂરી પાડે છે અને આંતરરાષ્ટ્રીય જોડાણો દ્વારા ભાષાના દૂર અંતરને દૂર કરીને તેમને અંગ્રેજીમાં પારંગત કર્યા છે.

યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન (યુનેસ્કો) ખાતે શિક્ષણ માટેના સહાયક નિયામક સ્ટેફાનિયા ગિયાનીનીએ ભારતના બન્ને નવતર અભિગમ ધરાવનાર શિક્ષકોને અભિનંદન આપતા કહે છે કે, તેઓ દીપ નારાયણ નાયક અને હરિ કૃષ્ણ પટાચારુને મારા હાર્દિક અભિનંદન આપવા માંગુ છું. યુનેસ્કો વૈશ્વિક શિક્ષક પુરસ્કારનું ગૌરવપૂર્ણ ભાગીદાર છે કારણ કે શિક્ષકો અમારી મહાન માન્યતાને પાત્ર છે. તેઓ બાળકો અને યુવાનોને ઝડપથી વિકસતી દુનિયામાં નેવિગેટ કરવા માટે પ્રેરણા અને તૈયાર કરે છે. તેમના પ્રયાસો ભવિષ્ય માટે શિક્ષણમાં પરિવર્તન લાવવામાં અગ્રણી ભૂમિકા ભજવે છે.

તે શિક્ષકોના ત્રણ પેટાજૂથોને ઓળખવા માટે ઉપયોગી છેઃ પ્રાથમિક-શાળા, અથવાપ્રાથમિક શાળા , શિક્ષકો;માધ્યમિક શાળાના શિક્ષકો; અનેયુનિવર્સિટી શિક્ષકો. પ્રાથમિક-શાળાના શિક્ષકો વિશ્વભરમાં સૌથી




વધુ શિક્ષકો છે, જે કેટલાક વિકસિત દેશોમાં લગભગ અડધા શિક્ષકો અને વિકાસશીલ દેશોમાં ત્રણ-ચતુર્થાંશ કે તેથી વધુ છે. જ્યારે, યુનિવર્સિટી સ્તરે સૌથી નાનું જૂથ છે.

નાના બાળકો અને કિશોરોને પણ ભણાવવાને 20મી સદી પહેલા વિશ્વમાં ભાગ્યે જ ક્યાંય વ્યવસાય તરીકે ઓળખવામાં આવ્યો હોત. તેના બદલે તે એક કળા અથવા હસ્તકલા હતી જેમાં પ્રમાણમાં યુવાન અને અપ્રશિક્ષિત સ્ત્રીઓ અને પુરૂષો કે જેમણે મોટાભાગની શિક્ષણની સ્થિતિઓ સંભાળી હતી તેઓ "શાળામાં" અથવા "સાંભળેલા પાઠ" હતા ksc ks કે તેઓ પોતે સરેરાશ કરતાં વધુ સારા વિદ્યાર્થીઓ હતા

પ્રાથમિક- અને માધ્યમિક-શાળાના શિક્ષકોના પગાર સામાન્ય રીતે પ્રમાણમાં ઓછા હતા, ખાસ કરીને 1955 પહેલા, તે સમયે તેઓના પગારો કેટલાક દેશોમાં તીવ્રપણે વધ્યા હતા. જ્યારે શિક્ષકો જે જરૂરિયાતો ગણે છે તે પૂરી પાડવા માટે પગાર ખૂબ ઓછો હોય છે,. ઘર પરિવારના ભરણપોષણ માટે તેઓને અન્ય નોકરીઓ કરવી પડતી હતી. .યુનિવર્સિટીના શિક્ષકો અને અન્ય લોકો કે જેઓ પોસ્ટ સેકન્ડરી સંસ્થાઓમાં ભણાવે છે તેમનો પગાર પરંપરાગત રીતે માધ્યમિક-શાળાના શિક્ષકો કરતાં નોંધપાત્ર રીતે વધારે છે. આ એ હકીકતને પ્રતિબિંબિત કરે છે કે યુનિવર્સિટીના પ્રોફેસરો સામાન્ય રીતે તેમના કાર્યની તૈયારીમાં વધુ વર્ષો વિતાવે છે અને વધુ પસંદ કરવામાં આવે છે. ભારતમાં શિક્ષકોને કેટલો પગાર મળે છે એ વર્ષમાં તેમના છાશવારે થતાં આંદોલનો પરથી જ પ્રતિબિંબિત થાય છે. સરકારી શાળામાં ફિક્સ પગારવાળા શિક્ષકો, જ્ઞાન સહાયક શિક્ષકો, પ્રવાસી શિક્ષકો વગેરેની ભરતી થતી હોય એ શિક્ષકો પાસેથી બાળકો માટે ગુણવત્તાયુકત શિક્ષણની આશા રાખવી જોઇએ....?!

### શિક્ષણઃ વિશ્વનો સૌથી મોટો વ્યવસાય....

**શિક્ષણ એ વિશ્વનું સૌથી મોટો વ્યવસાય છે. 21મી સદીમાં એવો અંદાજ છે કે સમગ્ર વિશ્વમાં લગભગ 80 મિલિયન શિક્ષકો છે. તેમની ભૂમિકાઓ અને કાર્યો દેશ-દેશમાં અલગ-અલગ હોવા છતાં, શિક્ષકો વચ્ચેની ભિન્નતા સામાન્ય રીતે દેશની અંદર હોય તેના કરતા વધુ હોય છે. શિક્ષણની રચના કરતી પ્રવૃત્તિઓની પ્રકૃતિ અન્ય કોઈપણ વસ્તુ કરતાં શીખવવામાં આવતી વ્યક્તિઓની ઉંમર પર વધુ આધાર રાખે છે.**

### ઉત્તર અમેરિકન યુનિ.ના શિક્ષકોના પગાર વિશ્વમાં સૌથી વધુ

**21મી સદીમાં યુનિવર્સિટીના શિક્ષકોના પગાર અન્ય શિક્ષકોના પગાર જેટલો વધ્યો નથી. ઉત્તર અમેરિકન યુનિવર્સિટીનો પગાર વિશ્વમાં તેમના પ્રકારનો સૌથી વધુ હોવા છતાં, તેઓ તબીબી ડોક્ટરો, દંત ચિકિત્સકો, વકીલો અને એન્જિનિયરોની સરેરાશ આવક કરતાં નીચે આવે છે. રશિયામાં ઉચ્ચ શિક્ષણમાં પગાર યુનાઇટેડ સ્ટેટ્સ કરતાં અન્ય તુલનાત્મક વ્યવસાયોના સંબંધમાં વધુ છે. રશિયન શિક્ષણશાસ્ત્રમાં શિક્ષક સંસ્થા (જે શાળાના શિક્ષકોને તાલીમ આપે છે), ઉદાહરણ તરીકે, યુનિવર્સિટીનો અભ્યાસક્રમ પૂર્ણ કરનાર ઇજનેર કરતાં થોડો વધારે પગાર આપવામાં આવે છે.**

## ધર્મ

## પિતૃપક્ષમાં સર્વપિતૃ અમાસનું વિશેષ મહત્વ



શ્રાદ્ધના છેલ્લા દિવસને સર્વપિતૃ અમાસ, અશ્વિન અમાસ, બડમાવસ અને દર્શ અમાસ પણ કહેવામાં આવે છે. સર્વપિતૃ અમાસના દિવસે તે લોકોનું શ્રાદ્ધ કરવામાં આવે છે જે લોકોના મૃત્યુની તિથિ વિશે માહિતી નથી હોતી. આ ઉપરાંત જેમનું મૃત્યુ અમાસના દિવસે નિપજ્યું હોય છે તેમનું શ્રાદ્ધ પણ સર્વપિતૃ અમાસના દિવસે કરવામાં આવે છે. સર્વપિતૃ અમાસને ખૂબ જ વિશેષ દિવસ માનવામાં આવે છે.

સર્વપિતૃ અમાસના દિવસે પિતરોને શાંતિ આપવા માટે અને તેમની કૃપા પ્રાપ્ત કરવા માટે ગીતાના સાતમાં અધ્યાયનો પાઠ કરો. આ સાથે જ તેનું ફળ પિતરોને સમર્પિત કરો. શાસ્ત્રો અનુસાર પીપળાની પૂજા કરવાથી આપણા પિતૃ પ્રસન્ન રહે છે. આ દિવસે સ્ટીલના લોટામાં દૂધ, પાણી, કાળા તલ, મધ અને જવ મિક્સ કરી લો.. આ સાથે જ કોઇ પણ સફેદ મિઠાઇ, એક નારિયેળ, કેટલાક સિક્કા અને એક જનેઉ લઇને પીપળાના વૃક્ષ નીચે જઇને સૌથી પહેલા લોટામાં ભરેલી બધી જ સામગ્રી પીપળાનાં વૃક્ષ નીચે અર્પણ કરી દો. ૐ સર્વ પિતૃ દેવતાભ્યો નમઃ મંત્રનો સતત જાપ કરતા રહો.

પિતૃ પક્ષમાં સર્વપિતૃ અમાસનું વિશેષ મહત્ત્વ માનવામાં આવે છે. જે લોકો કોઇ કારણોસર પિતૃપક્ષમાં શ્રાદ્ધ નથી કરી શક્યા તે લોકો પણ આ દિવસે પિતરોનું શ્રાદ્ધ કરી શકે છે. માન્યતા છે કે આ દિવસે વિધિ પૂર્વક શ્રાદ્ધ કર્મ કરવાથી પિતર પ્રસન્ન થાય છે અને પોતાનો આશીર્વાદ આપે છે. સર્વપિતૃ અમાસ પિતૃ પક્ષનો અંતિમ દિવસ હોય છે એટલા માટે આ દિવસે પિતૃઓની ક્ષમા માંગીને તેમને ખૂબ જ આદરભાવથી વિદાય આપવી જોઈએ.

## પુસ્તક પરિચય



▪ રિપલકુમાર પરીખ

સાપ્તાહિક ગુજરાત વંદન

# નવો બાલગીત સંગ્રહઃ લંચબોક્સમાં લાડુ

**લંચબોક્સમાં લાડુ મારા લંચબોક્સમાં લાડુ**
**લંચબોક્સમાં લાડુ દેખી પાસે આવી જાગુ**
**લાડુ જોઇને લાડુ માંગ્યો ધરી એપલનું ફાડુ**
**લંચબોક્સમાં લાડુ મારા, લંચબોક્સમાં લાડુ.**

**- રિયાઝ દામાણી.**

નાની મારી આંખ - એ જોતી કાંક કાંક થી લઈને એક બિલાડી જાડી, મેં એક બિલાડી પાળી છે, ચકીબેન... ચકીબેન... વારતા રે વારતા..., મામાનું ઘર કેટલે? જેવાં કેટલાં બધાં બાલગીતો આપણે આપણાં બાળપણમાં સાંભળ્યાં અને ગાયાં છે. જે હજુ પણ આપણાં હૈયામાં વસેલાં છે. આ બાલગીતો સાંભળીને આપણને આપણું બાળપણ ચોક્કસ યાદ આવી જાય છે. શું અત્યારે આવાં સુંદર બાલગીતો લખાય છે? જે આપણે આપણાં બાળકોને સંભળાવી શકીએ? ગવડાવી શકીએ? હા, આવો જ એક બાલગીત સંગ્રહ હમણાં જ પ્રકાશિત થયો છે - લંચબોક્સમાં લાડુ.

એક નાનકડાં ગામનો દુકાનદાર, જે સાહિત્ય પ્રેમી પણ ખરો જ. તેણે પોતાનાં બાળકોને રમતાં જોઈ, સુંદર બાલગીતોની રચના કરી છે. બાળકોને ગમી જાય તેવાં સુંદર ચોંત્રીસ જેટલાં ચૂંટેલા બાલગીતોનો સંગ્રહ એટલે લંચબોક્સમાં લાડુ અને તેમનો સર્જક એટલે રિયાઝ દામાણી.

લોકપ્રિય સાહિત્યકાર અને કવિ શ્રી મનોહર ત્રિવેદી પ્રસ્તાવનામાં લખે છે,'રિયાઝ દામાણી ઢસા ગામનો દુકાનદાર છે, ખપપૂરતો અભ્યાસ ધરાવે છે, દુકાન અને સાંસારિક કર્તવ્યોમાંથી સમય ચોરી ગઝલ ઈત્યાદિ સ્વરૂપમાં કલમ ચલાવતો રહે છે. પોતાનાં બાળકો સામે હોય, એમની ધીંગામસ્તી હોય, નિર્દોશ તરતોફાન હોય - આ બધું કલવાઈને અહીં બાલગીત સ્વરૂપે અવતર્યુ છે.'

કવિ શ્રી રિયાઝ દામાણી પોતાનાં મનની વાત જણાવતાં લખે છે,'ચારથી પાંચ મહિનામાં સતત બાલગીતોનું સર્જન થવા પામ્યું છે જેમાંથી પસંદગીનાં બાલગીતો 'લંચબોક્સમાં લાડુ' સંગ્રહમાં સમાવવામાં આવ્યા છે. આ સંગ્રહનાં બાલગીતો બાળમિત્રો હોંશે-હોંશે વાંચે અને ગાય, મોટેરાઓ વાંચીને પોતાનાં શૈશવ તરફ જાય એવો જ પ્રયાસ.'

કુટુંબ, સમાજ, શાળા, દોસ્તો, આસપાસનું પર્યાવરણ, પ્રાણીપશુ જેવાં માધ્યમોથી બાળકોને શીખ આપતાં, મજા કરાવતાં સુંદર બાલગીતોનો આ સંગ્રહ મોટેરાઓ ઉપરાંત શિશુઓને પણ મજ્જા કરાવી જાય તેવો છે. ઓ જંગલનાં રાજા સિંહ! અમારી ભૂલ કરી દો માફ

કહો, તમારી પાસ આવું તો ગુસ્સે થાશો આપ?

નાના અમથા કાગળ પર, હું તમને ચીતરું કેમ?

વાત કશી પણ જાણો નહીંને, ગુસ્સે થાઓ કેમ?

નાના એવા કાગળ પર મેં




સસલું ચીતર્યું આજ,
ઓ જંગલનાં રાજા સિંહ!
અમારી ભૂલ કરી દો માફ.

## રસદર્શન

# કવિ સંજુ વાળાની પંક્તિઓ અને....

સાપ્તાહિક ગુજરાત વંદન

**"એક તાંતણે પૂણ્ય પરોવ્યાં, બીજે અગણિત ગુના,**
**ભડભડ સળગ્યાં એક તિખારે, બન્ને ઢગલા રૂ-ના"**
**જે નિહાળે એજ ખેલતા ચોર સિપાહી રમત**
**જેને જેનો નિષેધ બાંધે, તેને તેની મમત**
**એમ પરસ્પર ઓતપ્રોત થઈ ઘા સંકોરે જુના"**

**- સંજુ વાળા**

સાધુ વ્યક્તિત્વની અંદર રહેલી ચેતના માટે નો શબ્દ છે ભૌતિક જગતમાં આ શબ્દ પહેરવેશ સાથે સાંકળી લીધો છે.

સાધુ શબ્દ વિષે વિચારણા કરવામાં આવે તો સામે બે ચિત્ર આવે,

સાધુત્વ, સાધુનો ભગવો વેશ જો બાહ્ય દેખાવ સાધુનો હોય, અને ઊંડા ઊતરીએ તો જાણ થાય કે આ તો વેશ ધારણ કરેલો સાધુનો હોય તો આપણી સાધુતા વિષેની બધી ધારણા તૂટી પડે છે અને વેશધારી વ્યક્તિ વિશે વિચારવા લાગીએ છીએ.

સાધુ શબ્દ (સંસ્કૃતઃ ) ઋગ્વેદ અને અથર્વવેદમાં છે જ, જ્યાં તેનો અર્થ આધ્યાત્મિક ધ્યેય તરફ જેમની ચેતના છે તે તરફ દોરી જાય છે, શબ્દ કોઈને સંદર્ભ આપે છે કે જે સંદર્ભમાં આધાર રાખીને દયાળુ, અસરકારક અથવા કાર્યક્ષમ , શાંતિપૂર્ણ, સારા,સદ્ગુણો ધરાવનાર , માનનીય, ન્યાયી, ઉમદા છે. મહાકાવ્યોમાં, આ શબ્દ એવા કોઈને સૂચિત કરે છે,જે-સંત,ઋષિ, દ્રષ્ટા, પવિત્રમાણસ, સદ્ગુણ ધરાવનાર શુદ્ધ અને પ્રામાણિક છે.

સંસ્કૃત શબ્દો સાધુ ("સારા માણસ") અને સાધ્વી ("સારી સ્ત્રી") એવા ત્યાગીઓનો ઉલ્લેખ કરે છે જેમણે પોતાની આધ્યાત્મિક પદ્ધતિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે સમાજના ધારથી અલગ અર્થપૂર્ણ જીવન જીવવાનું પસંદ કર્યું છે.કરેલું કાર્ય તે વ્યક્તિનું સ્વચિત્ર છે જેવું તેણે કર્યું તેવું તેનું ચિત્ર બનશે તમે જે પણ કોઈ કાર્ય કરો યાદ રાખજો કે તમે તમારા કર્મ દ્વારા તમારી પ્રતિભા ઉપર હસ્તાક્ષર કરી રહ્યા છો.

પોતાની જાતને સતત એક પ્રજ્ઞાના સીસીટીવી કેમેરા હેઠળ સતત નિરીક્ષણ હેઠળ રાખવું ખૂબ જરૂરી છે કારણ કે જીવ ચંચળ છે જેની મનાઈ હોય તે તરફ વધુ આકર્ષાય છે. ચંચળતા તરફ ઈશારો ,નિર્દેશ અને એક પાછો સમજણ ઉપર પ્રહાર ! આંખ આડા કાન અને જાણવા છતાં અજાણ્યા બનીને, આધુનિક યુગમાં આપણે સૌ



ઘટનાઓના મૂક સાક્ષી બની ગયા છીએ અને જે વસ્તુ તરફ, પ્રક્રિયાને પ્રોત્સાહન ન આપવાની સમજણ છે તે જ વસ્તુ પામવાની આપણે કોશિશ કરી રહ્યા છીએ.

- હરીશ શાહ

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

# સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાત

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

### મહેસાણા એ ડિવિઝન પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી

## માય હેપ્પી લોનના નામે 26,000 સભ્યો બનાવી લાખોનું કૌભાંડ

ગુજરાત | વંદન

ગુજરાતમાં ઠગાઈ અને છેતરપિંડીના અનેક બનાવો સામે આવતાં હોય છે. કેટલાક એવા પણ બનાવો હોય છે જેમાં લોકો વધુ રૂપિયા મેળવવાની લાલચમાં આવીને લાખો રૂપિયા ખોઈ બેસે છે. ત્યારે મહેસાણામાં એક ઠગે હેપી લોનના નામે આખા ગુજરાતમાં કૌભાંડ આચર્યું હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે. મહેસાણામા રહેતા પિયુષ વ્યાસે ગરીબો સાથે લોનો આપવાના બહાને લાખો રૂપિયાની ઠગાઈ કરતા મહેસાણા એ ડિવિઝનમાં ફરિયાદ નોંધાઈ છે. હેપ્પી લોન નામે કંપની બનાવી લોન આપવાનું નેટવર્ક ગોઠવ્યું અને વેબસાઈટ પર કંપનીમાં 26000 સભ્યો બનાવી લાખોનું કૌભાંડ આચર્યું હોવાની વિગતો બહાર આવી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મુળ કડીના ચંદીગઢમાં રહેતા રાજુભાઈ દંતાણીએ મહેસાણા એ ડિવિઝનમાં ફરિયાદ નોંધાવી છે. તેમની ફરિયાદ પ્રમાણે તેમણે તેમના મિત્રએ હેપ્પી લોન અંગેની સ્કિમની જાણકારી આપી હતી અને મહેસાણાના પિયુષ વ્યાસ સાથે મુલાકાત કરાવી હતી જેમાં પિયુષ વ્યાસે માય હેપ્પી લોન નામની કંપની બતાવી હતી અને કંપનીના કાગળો બતાવવ્યા હતા.જેમાં લોન લેવા માટે કોઈ આધાર પુરાવા કે બેન્ક ખાતા વિના તેણે 1000 રૂપિયા લઈને ગ્રુપ લોન આપવાનું કહીને જીરો ટકા વ્યાજ અને 50 ટકા સબસીડીની લાલચ આપી ચેનલ પદ્ધતિ દ્વારા લોન આપવાનું નેટવર્ક ઉભું કર્યું હતું. ફરિયાદી પાસેથી લોન લેવા માટે અન્ય સભ્યો લાવવા કહ્યું હતું.

ફરિયાદીએ પોતાની નીચે કુલ 53 સભ્યો લોન માટે બનાવ્યા હતા ત્યારબાદ સભ્ય દીઠ 1000 રૂપિયા પિયુષ વ્યાસે લઈ લીધા હતા અને બદના લોન આપી નહોતી.લોન નહીં મળતાં ફરિયાદી રાજુભાઈને સમગ્ર કૌભાંડ મામલે જાણ થતાં તેમણે પિયુષ પાસે પૈસા પરત માંગ્યા હતાં પણ પિયુષે તેમને પૈસા આપ્યા નહોતા. ત્યારબાદ ફરિયાદી રાજુભાઈને જાણવા મળ્યું કે પીયૂષે સમગ્ર ગુજરાતમાં પોતાની કંપનીની એપ પર 26000 સભ્યો સાથે આ પ્રકારે લોન નહીં આપી પૈસાનું રોકાણ કરાવી કૌભાંડ આચર્યું હતું.






સમગ્ર કેસમાં હાલમાં મહેસાણા એ ડિવિઝનમાં ફરિયાદીએ પિયુષ વ્યાસ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

## સુરતનો ચોંકાવનારો કિસ્સો: સાત માસની બાળકી રમતાં-રમતાં ગરોળી ચાવી ગઈ!

### બાળકીને નજીકના દવાખાને લઈ ગયા પછી સિવિલમાં ખસેડાઇ

ગુજરાત | વંદન

માતાપિતા માટે સાચવવા જેવો એક વિચિત્ર કિસ્સો સુરતમાંથી સામે આવ્યો છે. જ્યાં એક સાત બાળકી રમતાં-રમતાં ગરોળી ચાવી ગઈ હતી. હાલ બાળકીની શહેરની સિવિલ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.



મળતી વિગતો મુજબ, શહેરના કડોદરા વિસ્તારમાં રહેતા અભિષેક સિંહની સાત મહિનાની દીકરી ઘરમાં રમી રહી હતી અને તેના માતા ઘરકામ કરી રહ્યા હતા. એ દરમિયાન રમતી દીકરીની બાજુમાંથી એક ગરોળી જઇ રહી હતી. જેને બાળકીએ રમતાં રમતાં પકડી લીધી હતી અને સીધી મોમાં મૂકી ચાવવા લાગી હતી. થોડા સમય બાદ તેની માતાનું ધ્યાન બાળકીના હાથમાં રહેલી ચવાઈ ગયેલી ગરોળી પર જતા તે ગભરાઈ ગઈ હતી અને તરત બાળકીને નજીકના દવાખાને લઈ ગયા હતા. ત્યાંથી તેને વધુ સારવાર માટે સુરતની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. હાલ બાળકીની સારવાર ચાલી રહી છે અને તેની સ્થિતિ સ્થિર છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત સહિત દેશભરમાં માબાપ માટે લાલબત્તી સમાન અનેક કિસ્સાઓ બનતા હોય છે. ગામડાઓમાં શ્રમજીવી પરિવારના બાળકો બોરમાં પડી જવાની અનેક ઘટનાઓ નોંધાયેલી છે. સુરતમાં જ હમણાં એક ત્રણ વર્ષનું બાળક ગેલેરીમાં રમતાં રમતાં ત્રીજા માળેથી પટકાયું હતું અને ગંભીર ઈજાઓ પહોંચતા હોસ્પિટલ ખસેડાયો હતો જ્યાં તેનું મોત નિપજ્યું હતું.

### 10 દિવસમાં સરકાર માંગણી સંતોષવા પગલા નહીં લે તો ઉગ્ર આંદોલનની ચિમકી

## રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં હજારો આંગણવાડી મહિલાઓનું વિરોધ પ્રદર્શન

ગુજરાત | વંદન

ગુજરાતના ગરીબ નાના ભુલકાંઓના શારિરીક અને માનસિક વિકાસ માટે મહત્વની ૫૩ હજાર આંગણવાડીઓ ચલાવતી મહિલા વર્કરોએ ફરી આંદોલન છેડયું છે. રાજકોટ કલેક્ટર કચેરીએ વિશાળ સંખ્યામાં મહિલાઓ ઉમટી પડી હતી અને ઉગ્ર સૂત્રોચ્ચારો કરીને વિરોધ પ્રદર્શન કર્યું હતું તો ગત ત્રણ દિવસમાં રાજ્યભરમાં વિશાળ રેલી કાઢીને ઠેરઠેર આવેદનપત્રો આપી રોષ વ્યક્ત કરાયો છે.

આંગણવાડી કર્મચારી સંગઠને જણાવ્યું કે રાજકોટ ઉપરાંત મોરબી, જામનગર, મેંદરડા, માણાવદર, કેશોદ સહિત સૌરાષ્ટ્રભરમાં વિરોધ પ્રદર્શન કરીને આવેદનપત્ર અપાયા છે તો આણંદ, ભરુચ, વડોદરા, પાલીતાણા, ભાવનગર, નવસારી, વાંકાનેર, સુરત, અમરેલી, અમદાવાદ સહિતના સ્થળે પણ દેખાવો યોજાયા હતા.

રાજકોટમાં આંગણવાડી મહિલા વર્કરોએ જણાવ્યું કે ઘરના મસાલા વાપરીએ તેનું ચૂકવણુ સાત મહિનાથી થયું નથી, બહેનો ઘર સાચવે કે આંગણવાડી સાચવે તેવો ગંભીર પ્રશ્ન છે. એક વર્ષ પહેલા ગત સપ્ટેમ્બર-૨૦૨૨માં સરકારી મોબાઈલ કામ કરતા ન હોય નવા આપવા, કાર્યકરોને સુપરવાઈઝરનું પ્રમોશન આપવા, કમસેકમ લઘુતમ વેતન દૈનિક રૂા.૪૭૬ લેખે આપવા, હેલ્પરોને માત્ર રૂ.૫૫૦૦ના વેતન સામે રૂ.૮૦૦૦ આપવા સહિતની માંગણીઓ સરકારના મંત્રીઓ પાસે રજૂ કરાઈ હતી અને ઉકેલવા ખાત્રી અપાઈ હતી પરંતુ, પાળવામાં નથી આવી.ઈ.સ.૨૦૧૮ પછી પાંચ વર્ષમાં મોંઘવારી વધી છે છતાં વેતન વધ્યું નથી. જો ૧૦ દિવસમાં સરકાર માંગણી સંતોષવા પગલા નહીં લે તો ઉગ્ર આંદોલનની ચિમકી અપાઈ છે.

### સાવધાન : ખૈલેયાઓને જંકફૂડ ખાવાનું ટાળવા કરી અપીલ

## રાજકોટમાં હાર્ટ-એટેકની રોજ 15 ઘટના, ગરબાસ્થળે 42 એમ્બ્યુલન્સ મુકાશે

ગુજરાત | વંદન

રાજકોટમાં છેલ્લા ત્રણ દિવસમાં હાર્ટએટેકથી યુવાનો સહિત ૧૦ લોકોના મોત થયા છે અને તેના પગલે ચિંતા પ્રસરી છે, ત્યારે રાજકોટમાં રોજના ૧૫ એટલે કે દર મહિને 450 વ્યક્તિને હાર્ટ-એટેક આવતા હોવાના આંકડા સામે આવ્યા છે. આથી આગામી નવરાત્રિના તહેવારોમાં આવી કોઈ દુર્ઘટના ન બને એ માટે કલેક્ટર પ્રભવ જોશી અને રાજ્યસભાના સાંસદ રામ મોકરિયાની આગેવાનીમાં ગરબા-આયોજકો સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના ડૉક્ટરો પણ હાજર રહ્યા હતા. આ બેઠકમાં અર્વાચીન રાસોત્સવમાં તબીબો રાખવા સૂચના આપવામાં આવી હતી તેમજ જિલ્લામાં એ.ઈ.ડી. મશીન સાથે 42 જેટલી 108 ખડેપગે રાખવા સહિતના મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે, રાજકોટમાં પ્રતિ માસ 450 જેટલા હાર્ટ-એટેકના બનાવ સામે આવી રહ્યા છે. એટલે કે સરેરાશ દિવસના 15 જેટલા બનાવ સામે આવી રહ્યા છે, ત્યારે નવરાત્રિના તહેવારોમાં કોઈ ખેલૈયાઓની સાથે આવી દુર્ઘટના બને નહીં એ માટે ગરબા-આયોજકો અને ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના તબીબો સાથે ખાસ બેઠક કરવામાં આવી હતી. જેમાં રાજકોટ શહેર અને જિલ્લામાં 42 જેટલી 108 ખાસ AED (ઓટોમેટેડ એક્સટર્નલ ડિફિબ્રિલેટર) મશીન સાથે ખડેપગે રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઉપરાંત અર્વાચીન રાસોત્સવ થતા હશે ત્યાં હોટસ્પોટ નક્કી કરી 108 તહેનાત રખાશે. જેથી તાત્કાલિક સ્થળ પર પહોંચી શકે તેમજ આઈ.એમ.એ.ના તબીબો પણ નવરાત્રિ દરમિયાન સેવા આપવા તૈયાર થયા છે. આ સાથે જ તમામ આયોજકોને ગરબાના રાઉન્ડ ટૂંકા કરવા જણાવવામાં આવ્યું છે. આ સાથે ખેલૈયાઓને જંકફૂડ ખાવાનું ટાળવા અપીલ પણ તેમણે કરી હતી. રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશીએ કહ્યું હતું કે દર મહિને રાજકોટ શહેર અને જિલ્લામાં 400થી 450 જેટલા હાર્ટ-એટેકના કેસ નોંધાઈ રહ્યા છે. 108 દ્વારા હાર્ટ-એટેકના કેસ હોસ્પિટલ સુધી પહોંચાડવામાં આવે છે. રાજકોટમાં 108 એમ્બ્યુલન્સ ગ્રામ્ય વિસ્તારમાં 42 અને શહેરી વિસ્તારમાં 22 છે. દરરોજ 15 જેટલા કેસ સામે આવી રહ્યા છે. 108 એમ્બ્યુલન્સમાં AED મશીન પણ રાખવામાં આવ્યાં છે, જેથી હૃદય બંધ પડી ગયું હોય તો શોક આપી શરૂ કરી શકાય. જે વિસ્તારમાં અર્વાચીન રાસોત્સવમાં થતા હશે એને હોટસ્પોટ પણ જાહેર કરવામાં આવશે, જ્યાં એમ્બ્યુલન્સ સતત આંટાફેરા કરતી રહેશે. ટ્રાફિક સમસ્યા ન થાય એ માટે આયોજકોને પણ એમ્બ્યુલન્સ માટે ઈમર્જન્સી ગેટ આપવા સૂચના આપવામાં આવી છે.



### મધ્ય ગુજરાતમાં 12 એકડ જમીન પર ભવ્ય મંદિરનું નિર્માણ થશે

## BAPS દ્વારા નડિયાદમાં બનશે ગુજરાત સૌથી મોટો અક્ષરધામ મંદિર

ગુજરાત | વંદન

ગુજરાતમાં વધુ એક મોટું અક્ષરધામ બનવા જઈ રહ્યું છે. આગામી દિવસોમાં સ્વામિનારાયણ BAPS સંસ્થા દ્વારા રાજ્યનું સૌથી મોટું અક્ષરધામ મંદિર નડિયાદમાં બનાવવામાં આવશે. હાલમાં ગુજરાતનું એકમાત્ર અક્ષરધામ મંદિર ગાંધીનગરમાં આવેલું છે, જ્યારે રાજ્યનું બીજું અને સૌથી મોટું અક્ષરધામ મંદિર નડિયાદમાં પૂર્ણ થશે અને મહંત સ્વામીના હસ્તે મૂર્તિનો અભિષેક કરવામાં આવશે.

રિપોર્ટ મુજબ, નડિયાદમાં બની રહેલા અક્ષરધામ મંદિર અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, આ મંદિર રાજ્યના ખેડા જિલ્લાના નડિયાદમાં બની રહ્યું છે. આ રાજ્યનું સૌથી મોટું અક્ષરધામ મંદિર હશે. યોગી ફાર્મ પીપલાગની 40 એકર જમીનમાંથી 12 એકર જમીન પર મંદિરનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે, જ્યાં એક લાખ ઘનફૂટ ગુલાબી પથ્થર સાથેનું ભવ્ય મંદિર બનાવવામાં આવશે. નડિયાદના આ અક્ષરધામ મંદિરમાં 11 ગુંબજ, 324 થાંભલા, 1210 ચોરસ ફૂટનો ગોળાકાર માર્ગ અને અક્ષરદેરીની પ્રતિકૃતિ આકર્ષણનું કેન્દ્ર બનશે.



ખાસ વાત એ છે કે 7 ડિસેમ્બરે નડિયાદ અક્ષરધામ મંદિરમાં BAPS સંસ્થાના મહંત સ્વામીના હસ્તે મૂર્તિનો અભિષેક કરવામાં આવશે. 2003 માં ભગવાન સ્વામિનારાયણની જન્મજયંતિ પર, પ્રમુખ સ્વામીએ આ સ્થાન પર મંદિર બનાવવાનો સંકલ્પ કર્યો હતો. વિશ્વનું બીજું સૌથી મોટું અક્ષરધામ મંદિર અમેરિકાના ન્યુ જર્સીમાં છે. અમેરિકાના ન્યુજર્સીમાં ખુલવા જઈ રહેલા અક્ષરધામ મંદિરને ભારત બહાર વિશ્વનું બીજું સૌથી મોટું હિન્દુ મંદિર કહેવાશે અને તેની ભવ્યતા એવી છે કે તસવીરો જોઈને આંખો અંજાઈ જશે. રોબિન્સવિલે, ન્યુ જર્સી, યુએસએમાં આવેલ BAPS સ્વામિનારાયણ અક્ષરધામ મંદિર, ભારત બહાર વિશ્વનું બીજું સૌથી મોટું હિન્દુ મંદિર હોવાનું કહેવાય છે.

## અંબાજી ખાતે ગબ્બર પર્વત પર ભક્તિપૂર્વક માતાજીના દર્શન કરતા પ્રવાસન, વન અને પર્યાવરણ મંત્રી

ગુજરાત | વંદન

વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે માતાજીના મૂળ પ્રાગટ્યસ્થાન ગણાતા ગબ્બર પર્વત પર પ્રવાસન, વન અને પર્યાવરણ વિભાગના મંત્રી મુળુભાઈ બેરાએ ભક્તિ ભાવપૂર્વક માતાજીના દર્શન અને પૂજા અર્ચના કર્યા હતા.



તેઓએ ગબ્બર પર્વત પર સાંજની આરતી ભાગ લઈ જગદજનનીમાં અંબે સમક્ષ શિશ ઝુકાવી ગુજરાતની સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે માતાજીને પ્રાર્થના કરી હતી. આદ્યશક્તિના સાનિધ્યમાં તથા આરતીમાં ઉપસ્થિતિનો દિવ્ય અવસર પ્રાપ્ત થયો છે ત્યારે માં અંબા સૌનુ કલ્યાણ કરે એવી મનોકામના મંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી. મંત્રીએ ગબ્બર મહા આરતીમાં ભાગ લઈ માતાજીના પ્રાગટ્ય વિશે લાઈટ એન્ડ સાઉન્ડ શૉ નિહાળી પ્રસન્નતા વ્યક્ત કરતા જણાવ્યું કે, આદ્યશક્તિ મા અંબાનો ઉદ્દભવ અને તેમના પરચાઓથી સન્મુખ કરાવતો આ લાઈટ એન્ડ સાઉન્ડ શૉ અદ્દભુત છે.

## વિશેષ પહેલ: કચ્છમાં માતાના મઢ પગપાળા જતા યાત્રિકોની સુરક્ષા માટે રિફ્લેકટર લગાવવામાં આવ્યા

ગુજરાત | વંદન

નવરાત્રી દરમિયાન કચ્છમાં માતાના મઢ દર્શનાર્થે જતા પદયાત્રીઓની સુરક્ષાને ધ્યાને લઈ આર.ટી.ઓ.કચેરી જામનગર, ટ્રાફિક પોલીસ જામનગર, ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટ જામનગર અને રોટરી ક્લબ ઓફ છોટી કાશી દ્વારા ચાલીને જતા શ્રદ્ધાળુઓ માટે અકસ્માતથી બચવા જામનગરના ખીજડીયા બાયપાસ પાસે રેડિયમ રિફ્લેકટર ટેપ લગાવવાના કેમ્પનું વિશેષ આયોજન હાથ ધરાયું છે.આ કેમ્પમાં માતાના મઢ ચાલીને જઈ રહેલા શ્રદ્ધાળુઓને તેઓની સલામતી વિશે સમજાવી તેમની સાથે રહેલ બેગ, લાકડી તથા તેમના શર્ટની પાછળ રેડિયમ પટ્ટી લગાવી રાત્રે થતા અકસ્માતો નિવારવાનું ભગીરથ કાર્ય હાથ ધરાયું છે તેમજ આ કામગીરી સતત એક અઠવાડિયા સુધી ચાલુ રહેશે તેમ આર.ટી.ઓ.ઈન્સ્પેક્ટર જે. જે. ચુડાસમા દ્વારા જણાવાયું છે. આ કાર્યક્રમમાં રોટરી



ક્લબ ઓફ છોટી કાશીના પ્રમુખ અશોકભાઈ દોમડીયા તથા સેક્રેટરી કેવલભાઈ મોમાયા, આર.ટી.ઓ.જામનગર કે. કે. ઉપાધ્યાય, જામનગર જિલ્લા ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટના ડો. મેહુલભાઈ ખાખરીયા, પોલીસ ઈન્સ્પેક્ટર જી.જે.ગામીત, ટ્રાફિક ઈન્સ્પેક્ટર રામ કંડોરીયા, છેલ્લા 27 વર્ષથી માતાના મઢ સુધી સંઘ લઈને જતા પ્રવિણસિંહ જાડેજા, બળવંતસિંહ જાડેજા ખીમરાણા તેમજ સંબંધિત કચેરીના અન્ય સ્ટાફગણ ઉપસ્થિત રહેલ તેમજ સમગ્ર કેમ્પનું આયોજન, સંકલન તથા વ્યવસ્થા જાળવવાનું કામ આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટર જે. જે. ચુડાસમા દ્વારા હાથ ધરાયેલ.

અનુસંધાન પેજ 1 પરથી...

### ક્રિકેટના મહાકુંભમાં...

ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાશે. બંને ટીમ વર્લ્ડકપમાં આ મેચથી આગાજ કરશે. જેના પગલે હવે બધાની નજર વર્લ્ડ કપમાં ભારતીય ટીમની મેચ પર છે.

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે 8 ઓક્ટોબરે ચેન્નાઈના એમએ ચિદમ્બરમમાં મેચ રમાવાની છે. 36 વર્ષ બાદ એવો સંયોગ બની રહ્યો છે કે ભારત અને ઓસ્ટ્રેલિયા વર્લ્ડ કપની પોતાની પ્રથમ મેચમાં આમને-સામને છે. આ પહેલા છેલ્લી વખત આવો સંયોગ વર્ષ 1987માં યોજાયેલા વર્લ્ડ કપમાં બન્યો હતો. ખાસ વાત એ છે કે તે સમયે પણ ચેન્નાઈના મેદાન પર જ મેચ યોજાઈ હતી.

જો કે, તે મેચ ભારત માટે યાદગાર રહી ન હતી અને તેને 1 રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. તે મેચમાં ઓસ્ટ્રેલિયન ટીમે ટોસ હારીને પ્રથમ બેટિંગ કરતા છ વિકેટે 270 રન બનાવ્યા હતા. જ્યોફ માર્શે 141 બોલમાં 110 રન બનાવ્યા હતા જેમાં સાત ચોગ્ગા અને એક છગ્ગાનો સમાવેશ થાય છે. જ્યારે ડેવિડ બૂને 49 રનની અને ડીન જોન્સે 39 રનની ઈનિંગ રમી હતી.

271 રનના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમ 49.5 ઓવરમાં 269 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. નવજોત સિદ્ધુએ સૌથી વધુ 73 રન અને કૃષ્ણમાચારી શ્રીકાંતે 70 રનની ઈનિંગ રમી હતી. ક્રેગ મેકડર્મોટે સૌથી વધુ ચાર વિકેટ લીધી હતી. મેચની છેલ્લી ઓવર સ્ટીવ વોએ ફેંકી હતી, જેમાં તેણે મનિન્દર સિંહને બોલ્ડ કરીને કાંગારૂ ટીમને જીત અપાવી હતી.

### ઇજરાયેલ...

ઈઝરાયેલના એક અહેવાલ મુજબ હમાસે આ હુમલાઓની જવાબદારી લીધી છે અને ઈઝરાઈલ વિરુદ્ધ સૈન્ય કાર્યવાહી શરૂ કરવાની જાહેરાત કરી છે. અહીં ઈઝરાઈલની સેનાએ પણ કહ્યું છે કે તેઓ યુદ્ધ માટે તૈયાર છે. સેનાએ તેના સૈનિકો માટે 'રેડીનેસ ફોર વોર'નું એલર્ટ જાહેર કર્યું છે.

હમાસના મિલિટરી કમાન્ડર મોહમ્મદ ડેઈફે કહ્યું- ચાલી રહેલા ઓપરેશનને અલ-અક્સા ફ્લડ નામ આપવામાં આવ્યું છે. આ ઈઝરાઈલ દ્વારા જેરૂસલેમની અલ-અક્સા મસ્જિદની અપવિત્રતાનો બદલો છે. વાસ્તવમાં, ઈઝરાઈલ પોલીસે એપ્રિલ 2023માં અલ-અક્સા મસ્જિદ પર ગ્રેનેડ ફેંક્યા હતા.

### પૂર્વોત્તરના...

પીગળતા એકાએક પાણીનો જથ્થો આવ્યો હતો.જેના પગલે કાદવ-કીચડ અને માટી વગેરેની સાથે પૂરના પાણી ફરી વળ્યા હતા. નદીની ઉપર બંને છેડે દોરડા બાંધીને નાગરિકોને બચાવવાની કામગીરા ચાલી રહી છે. કેન્દ્ર સરકારે પણ સંકટની ઘડીમાં આપત્તિને પહોંચી વળવા સિક્કમ માટે 44 કરોડ કરતા વધુ રકમની ફાળવણી કરી છે. દરમિયાન મુખ્યમંત્રી પ્રેમ સિંઘ તમાંગે 41 મૃતદેહો મળી આવ્યાની પૃષ્ટિ કરી છે.

સિક્કિમમાં આવેલા પ્રલયમાં ઘણા વિસ્તારોમાં ભારે નુકસાન થયું છે એવામાં હવે વહીવટીતંત્રએ માંગન જિલ્લાના લાચેન નજીક શાકો ચો તળાવના કિનારેથી રહેવાસીઓને હટાવવાનુ કામ શરૂ કર્યું છે. કહેવામાં આવી રહ્યું છે કે આ તળાવ ફાટવાના આરે છે, જેના કારણે પ્રશાસને એલર્ટ જાહેર કરવું પડ્યું છે. શાકો ચો ગ્લેશિયલ તળાવ થંગુ ગામની ઉપર છે. આ તળાવ 1.3 કિમી લાંબુ છે અને ગામ તેનાથી માત્ર 12 કિમી દૂર છે. આ કારણે અધિકારીઓ આસપાસના વિસ્તાર ખાલી કરવી રહ્યા છે.

ગંગટોક જિલ્લા મેજિસ્ટ્રેટ તુશારે નિખારેએ જણાવ્યું હતું કે સેટેલાઈટ ડેટાએ શાકો ચો ઉપરના ગ્લેશિયરના તાપમાનમાં અસામાન્ય વધારો દર્શાવ્યો છે. જો તાપમાન સ્થિર થશે તો કોઈ સમસ્યા નહીં થાય પણ જો નહીં થાય અને અચાનક પાણીનો પ્રવાહ તેમ આવશે તો તળાવ ફાટી શકે છે. એટલે સાવચેતીના પગલા તરીકે લોકો માટે એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

અધિકારીઓએ શુક્રવારે આ જાણકારી આપી હતી કે સિક્કિમમાં તિસ્તા નદીમાં વાદળ ફાટવાના કારણે અચાનક પૂર આવ્યાના ત્રણ દિવસ પછી પાણીના પ્રવાહને કારણે નીચાણવાળા વિસ્તારોમાંથી મળી આવેલા મૃતદેહોની સંખ્યા વધીને 50થી વધુ થઈ ગઈ છે, જ્યારે મોટી સંખ્યામાં લોકો હજુ પણ ગુમ છે. મૃતકોમાં સેનાના સાત જવાનો પણ સામેલ છે. હજુ બચાવ કાર્ય સતત ચાલુ છે.

### ચૂંટણી માટે...

ભાજપની તરફથી ખેડૂતોની જમીનની હરાજી થવાને લઈને એક બેનર લગાવવામાં આવ્યું છે. તેમાં એક ખેડૂતનો ફોટો લગાવવામાં આવ્યો છે.

સાથે જ આ બેનર પર લખ્યું હતું "19 હજારથી વધારે ખેડૂતોની જમીનની હરાજી, નહીં રહે રાજસ્થાન". આ ફોટો જેસલમેરના રામદેવરાના રિખિયોં કી ધાનીના 70 વર્ષિય ખેડૂત મધુરમ જયપાલનો છે. આ બેનર આખા રાજ્યમાં લગાવવામાં આવ્યું છે. મહત્વની વાત એ છે કે ખેડૂતને ખબર ન હતી કે તેનો ફોટો બીજેપીના બેનકો પર લગેલો છે.

### ગગનયાનમિશન...

મિશન માટે અવકાશયાત્રીઓની પસંદગી કરવાનું કામ ભારતીય વાયુસેનાને આપવામાં આવ્યું હતું. ચંદ્રયાન-3 પછી ISROનું ગગનયાન મિશન ઘણી રીતે ભારત માટે ખાસ હશે.

ISRO આ મિશન દ્વારા પૃથ્વીની નીચલા ભ્રમણકક્ષા (LEO)માં માનવયુક્ત અવકાશયાન મોકલશે. ISROનો ઉદ્દેશ્ય મનુષ્યોને પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષામાં મોકલવાનો અને આમ કરવા માટે સ્વદેશી ક્ષમતા વિકસાવવાનો છે. આ માટે મોટા પાયે તૈયારીઓ કરવામાં આવી છે. ઈસરોનો દાવો છે કે સુરક્ષાની દૃષ્ટિએ આ મિશન માટે જઈ રહેલા અવકાશયાત્રીઓને પૃથ્વી પર મળે તેવી લાઈફ સપોર્ટ સિસ્ટમ આપવામાં આવશે. તેમની સુરક્ષા માટે ખાસ કાળજી લેવામાં આવી છે. મિશન શરૂ કરતા પહેલા અનેક ટેસ્ટ કરીને તેમની સુરક્ષાની ચકાસણી કરવામાં આવશે.

આમાં એર ડ્રોપ ટેસ્ટ (IADT), પેડ એબોર્ટ ટેસ્ટ (PAT) અને ટેસ્ટ વ્હીકલ (TV) ફ્લાઈટનો સમાવેશ થાય છે. આ પરીક્ષણોના પરિણામો જ જણાવશે કે આ મિશન અવકાશયાત્રીઓને લઈ જવા માટે કેટલું સક્ષમ છે. ગગનયાન મિશન બનાવવામાં ISROએ DRDO અને હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડની પણ મદદ લીધી છે. જો ISRO અવકાશયાત્રીને અવકાશમાં મોકલવામાં સફળ થાય છે, તો તે અમેરિકા, રશિયા અને ચીન પછી માનવીને અવકાશમાં મોકલનાર ચોથો દેશ બની જશે.

અનુસંધાન પેજ 10 પરથી...

### ઉમર માત્ર 46...

છે અને એવા પ્રયોગો દુનિયામાં ક્યાંકને ક્યાંક ચાલી રહ્યાં છે. જેમાં સફળતા મળ્યા બાદ તેના પરિણામો જાહેર કરી શકાય. પણ

હાલમાં બરફના થીજી ગયેલા અને જેની ઉમર વર્ષ 46 હજાર વર્ષની છે એ કીડો માનવીને કંઈક રહસ્યો જણાવે તો સૌર મંડળના કોઈપણ ગ્રહ પર પહોંચવામાં માનવીને મુશ્કેલીઓ નહીં પડે.

આ બધા સંશોધન પાછળ જેમ જિજ્ઞાસા એ મુખ્ય કારણ છે તેમ માનવ જીવનને વધુ સહનશીલ બનાવવું એ પણ મહત્ત્વનું કારણ છે. આપણે સુનિશ્ચિત કરવું જોઈએ કે આ માઈક્રોસ્કોપિક વોર્મ્સ મનુષ્યો માટે તાવગ્રસ્ત નથી, નહીં તો આપણે બરફમાં દટાયેલી કટોકટી જાગીશું, થોડો ભય છે. અલબત્ત, વૈજ્ઞાનિકો પણ આ અંગે ચિંતિત છે. તેથી, તેઓ જાણતા હશે કે જિજ્ઞાસાની રેખા ક્યાં સુધી દોરવી.

અનુસંધાન પેજ 12 પરથી...

### અંબાજીમાં મોહનથાલ...

એવો કિસ્સો બન્યો હતો કે વધારે ભીડ હોવાથી મોહનથાળ બનાવવા દૂધની જગ્યાએ પાઉડર વાપર્યો હતો અને તે પણ તંત્રના ધ્યાને આવતા ટચ સ્ટોન ફાઉન્ડેશનને રૂ.60 હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો. જે બાદ આ મામલે તપાસ કરતા ફાઉન્ડેશનનો બીજો કોઈ દોષ અમને મળેલ નહોતો.

### USAથી...

ડ્રગ્સનો જથ્થો ઝડપીને સાઈબર ક્રાઈમ અને કસ્ટમ વિભાગે આંતરરાષ્ટ્રીય ડ્રગ્સની હેરાફેરીનો પર્દાફાશ કર્યો હતો. જેની તપાસમાં સાઈબર ક્રાઈમને 35 જેટલા શંકાસ્પદ મોબાઈલ નંબર મળી આવ્યા હતા.

જે નંબરોનો ઉપયોગ કરીને પાર્સલની ડિલીવરી લેવામાં આવતી હતી. ત્યારે પોલીસે જે નંબરોનો ઉપયોગ થતો તેને ટ્રેસ પણ કરવાનું શરૂ કર્યુ છે. તેમજ જે ખોટા સરનામાં હતા. જેમાં બરોડા, રાજકોટ, અમદાવાદ અને સુરતના વધારે સરનામા હોવાથી સાઈબર ક્રાઈમે જુદી-જુદી ટીમો બનાવીને તપાસ કરી છે.

### પ્રાકૃતિક ખેતીને...

અન્નદેવતા છે, આરોગ્યના દેવતા અને જળ દેવતા પણ છે. તેને વિષ્ણુ અને સરસ્વતીની ઉપમા પણ આપી શકાય, એટલે તે સાચા અર્થમાં 'ભગવાન' છે. પ્રાકૃતિક ખેતી કરતો ખેડૂત સન્માનને લાયક છે. આખા વિશ્વને બચાવવાનું કામ પ્રાકૃતિક કૃષિના માધ્યમથી આપણા કિસાનો જ કરી શકે તેમ છે.

પદ્ધતિસર પ્રાકૃતિક ખેતી કરવાથી પહેલા જ વર્ષે ઉત્પાદન વધશે, ખર્ચ ઓછો આવશે અને જમીનનું સ્વાસ્થ્ય સુધરવા માંડશે. ખેડૂતો લેશમાત્ર આશંકા રાખ્યા વિના પ્રાકૃતિક ખેતી અપનાવે એવી અપીલ કરીને શ્રી ટી. વિજય કુમારે કહ્યું કે, ખેડૂતને દર મહિને પગારની જેમ આવક જોઈતી હશે તો પ્રાકૃતિક ખેતી સિવાય બીજી કોઈ પદ્ધતિ નથી. ખેડૂતો બારે મહિના ખેતી કરી શકે છે. દુષ્કાળની સ્થિતિ હોય કે અતિવૃષ્ટિની, પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી બંને સ્થિતિમાં પરિણામો સારા જ મળે છે. પ્રાકૃતિક ખેતી શિસ્ત અને સિદ્ધાંતથી નિષ્ઠાપૂર્વક કરવી પડે છે.

### અયોધ્યા મંદિરની...

ગરબા- નવરાત્રિ 2023" ગરબા મહોત્સવ વિવિધ પ્રતિષ્ઠિત વ્યવસાયીઓ, ઉદ્યોગકારો તેમજ સામાજિક સંસ્થાઓના સહયોગથી રામકથા મેદાન, સે.11 ખાતે યોજાશે.

### બાળકોને...

જે બાદ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા પ્રાથમિક રિપોર્ટ બાદ સ્કૂલના સંચાલકને લેખિતમાં આ વીડિયો મામલે જવાબદાર કર્મચારીઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા આદેશ આપ્યા છે. આ ઉપરાંત બનાવની ઉંડાણપૂર્વક તપાસ કરવા પણ ટીમની રચના કરવામાં આવી છે.

### અદાણી ટોટલ...

રસોઈ ગેસ અને ઉદ્યોગોમાં ગેસનું વહન કરતી પાઈપલાઈનનું નેટવર્ક વિસ્તરણ કરશે.

### સ્પાની..

સામે આવ્યા હતા. વીડિયોમાં સ્પા માલિક યુવતીને મોઢા પર ફેંટો મારી રહ્યો હતો અને યુવતીને બચાવવા આવેલા એક વ્યક્તિને પણ સ્પા માલિકે ધમકી આપીને વચ્ચે ના પડવાનું કહ્યું હતું. જો કે ઘટનાનો વીડિયો વાયરલ થયા બાદ પોલીસે આરોપીની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

# 1.76 લાખ કરોડ રૂપિયા કંપનીનું વેલ્યૂએશન, તાળા વેચી વિખ્યાત બનેલી ગોદરેજ કંપનીમાં ભાગલાની તૈયારી!

■ ટૂંક સમયમાં વિભાજન અંગે થઈ શકે છે સત્તાવાર જાહેરાત

ગુજરાત | વંદન

આપણા દેશના જૂના અગ્રણી બિઝનેસ ગ્રુપની વાત કરવામાં આવે તો અચૂકથી આપણને 126 વર્ષ જુનું ગોદરેજ ગ્રુપનું નામ આ યાદીમાં જોવા મળે છે. હાલમાં આ ભારતના સૌથી જૂના ગ્રુપમાં એક ગોદરેજ ગ્રુપ વિભાજિત થઈ શકે છે. 1.76 લાખ કરોડના આ મકાનમાં બિઝનેસને વહેંચવાની કવાયત શરૂ થઈ ગઈ છે.

જ્યારે પણ ગોદરેજ ગ્રૂપનું નામ આવે છે, ત્યારે સૌથી પહેલા આપણને મગજમાં તાળાઓ (Lock) યાદ આવે છે. 1.76 લાખ કરોડ રૂપિયાના ગોદરેજ ગ્રુપે તાળા વેચીને બિઝનેસની શરૂઆત કરી હતી. હવે એક અહેવાલમાં પ્રકાશિત થયું છે તે મુજબ આ ગ્રુપના વિભાજનને લઈ વાતચીત ચાલી રહી છે. સૂત્રો પરથી મળતી માહિતી મુજબ, આ અંગેના કરાર એડવાન્સ સ્ટેજ પર પહોંચી ગયા છે અને તે અંગે ટૂંક સમયમાં સત્તાવાર જાહેરાત થઈ શકે છે. આ ગ્રુપનું વેલ્યુએશન 1.76 લાખ કરોડ રૂપિયા છે. તેની શરૂઆત તાળા વેચવાની સાથે થઈ હતી. હવે આ જૂથે તેની લિમીટને એટલી વધારી દીધી છે કે હવે તે લગભગ દરેક ક્ષેત્રમાં પોતાનો હાથ અજમાવી રહ્યું છે. આ જૂથે નાણાકીય વર્ષ 2023 માટે 42,172 કરોડ રૂપિયાની જંગી આવક હાંસલ કરી છે. નફાની વાત કરીએ તો આ સમયગાળા દરમિયાન કંપનીનો નફો 4000 કરોડ રૂપિયાને પાર થઈ ગયો છે.

## આ કારણે વિભાજન થઈ શકે છે



કોઈ પણ મોટા બિઝનેસમાં વિભાજનના ઘણા કારણો હોય છે. ગોદરેજ ગ્રૂપના વિભાજન પર વાત કરીએ તો અહીં પણ એક સમસ્યા જોઈ શકાય છે. નિષ્ણાતોના મતે, કંપનીની સંપત્તિ G&Bની 3400 એકર જમીનનો મુદ્દો ઉકેલવો મહત્વપૂર્ણ છે. ઈક્વિટી ક્રોસહોલ્ડિંગના કારણે આ જમીન ફાળવણીમાં સમસ્યા થાય છે. જો કે, આંતરિક રીતે આ મુદ્દાને ઉકેલવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

ગોદરેજ ગ્રુપ હાલમાં 5 લિસ્ટેડ કંપનીઓ ધરાવે છે. તેમાં ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ, ગોદરેજ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ, ગોદરેજ એગ્રોવેટ, ગોદરેજ પ્રોપર્ટીઝ અને લાઈફસાયન્સનો સમાવેશ થાય છે. હાલમાં ગોદરેજ પરિવારમાં બે જૂથ છે. ગોદરેજ ગ્રૂપના વડા આદિ ગોદરેજ અને તેમના ભાઈ નાદિર ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ એસોસિએટ્સનું નિયંત્રણ કરે છે. જ્યારે ગોદરેજ એન્ડ બોયસ મેન્યુફેક્ચરિંગ કંપનીનું નેતૃત્વ આદિ ગોદરેજના પિતરાઈ ભાઈ જમદેશ ગોદરેજ અને સ્મિતા કૃષ્ણા ગોદરેજ કરે છે. હવે સમાચાર એ છે કે એન્જિનિયરિંગ, સિક્યોરિટી, એગ્રી, રિયલ એસ્ટેટ અને કન્ઝ્યુમર પ્રોડક્ટ્સના આ જૂથના વર્ટિકલ્સને વિભાજિત કરી શકાય છે.

# સતત બીજા મહિને પણ UPI ટ્રાન્ઝેકશન 1000 કરોડને પાર

ગુજરાત | વંદન




યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ દ્વારા ટ્રાન્ઝેક્શન્સની સંખ્યા સપ્ટેમ્બરમાં ૦.૨ ટકા ઘટીને ૧૦.૫૬ અબજ પર ફ્લેટ રહી હતી. સતત બીજા મહિને ટ્રાન્ઝેકશન ૧૦૦૦ કરોડથી વધુ રહ્યાં છે. ઓગસ્ટમાં યુપીઆઈ દ્વારા ટ્રાન્ઝેક્શનની સંખ્યા પ્રથમ વખત ૧૦ અબજના આંકને વટાવીને ૧૦.૫૮ અબજ સુધી પહોંચી ગઈ હતી.

જોકે ઓગસ્ટની સરખામણીમાં સપ્ટેમ્બરમાં યુપીઆઈના સંદર્ભમાં ચૂકવણી મૂલ્યમાં થોડો વધારો થયો હતો. ઓગસ્ટમાં આ ચૂકવણી રૂ. ૧૫.૭૪ લાખ કરોડ હતી અને સાપેક્ષે સપ્ટેમ્બરમાં ૦.૩ ટકા વધીને રૂ. ૧૫.૮ લાખ કરોડ થઈ હતી.

નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ડેટા અનુસાર સપ્ટેમ્બર ૨૦૨૨ની સરખામણીમાં આ સપ્ટેમ્બરમાં ચૂકવણીની સંખ્યામાં ૫૬ ટકા અને મૂલ્યની દૃષ્ટિએ ૪૧ ટકાનો વધારો થયો છે. એનપીસીઆઈએ સપ્ટેમ્બર, ૨૦૨૨માં ૬.૭૮૦૮ બિલિયન વ્યવહારો પર પ્રક્રિયા કરી હતી અને તેનું મૂલ્ય રૂ. ૧૧.૧૬ લાખ કરોડ હતું. આ ક્રમમાં જુલાઈ ૨૦૨૩ સુધીમાં વ્યવહારોની સંખ્યા ૯.૯૬ અબજ હતી અને તેનું મૂલ્ય ૧૫.૩૪ લાખ કરોડ રૂપિયા હતું.

કોર્પોરેશનના ડેટા અનુસાર આઈએમપીએસ દ્વારા કરવામાં આવેલા ટ્રાન્સફરની સંખ્યા ૪૭.૩ કરોડ હતી અને તેનું મૂલ્ય રૂ. ૫.૦૭ લાખ કરોડ હતું. ગત સપ્ટેમ્બરની સરખામણીએ આ સપ્ટેમ્બરમાં આઈએમપીએસની સંખ્યામાં ૨ ટકા અને મૂલ્યમાં ૧૨ ટકાનો વધારો થયો છે.

# ચીનનો 2024 માટેના GDP વૃદ્ધિનો અંદાજ 4.8%થી ઘટાડી 4.4% કરાયો



ગુજરાત | વંદન

વર્લ્ડ બેંક દ્વારા વર્ષ ૨૦૨૩ માટે ચાઈનાનો આર્થિક વૃદ્ધિ-જીડીપી વૃદ્ધિનો અંદાજ એપ્રિલમાં મૂકાયેલા ૫.૧ ટકાએ જાળવ્યો છે, પરંતુ ચાઈનાના પ્રોપર્ટી ક્ષેત્રની કટોકટીના અને નબળાઈના કારણે વર્ષ ૨૦૨૪ માટે અંદાજ ૪.૮ ટકાથી ઘટાડીને ૪.૪ ટકા મૂક્યો છે.

ચાઈના સહિત ઈસ્ટ એશીયા અને પેસેફિક માટે વર્લ્ડ બેંકે ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ(જીડીપી) વૃદ્ધિનો વર્ષ ૨૦૨૩ માટે અંદાજ ૫.૧ ટકાથી ઘટાડીને ૫.૦ ટકા મૂક્યો છે. જે વર્લ્ડ બેંક દ્વારા તેના સેમી એન્યુઅલ રીજિયોનલ અપડેટમાં બતાવાયો છે. વર્ષ ૨૦૨૪ માટે બેંક દ્વારા આ રીજિયનના આઉટલૂક-અંદાજને બાહ્ય નેગેટીવ પરિબળો અને વૈશ્વિક મંદ વૃદ્ધિ સાથે ઊંચા વ્યાજ દરો અને વેપાર સંરક્ષણાત્મક નીતિઓને લઈ ૪.૮ ટકાથી ઘટાડીને ૪.૫ ટકા મૂક્યો છે. વર્ષ ૨૦૧૯ની તુલનાએ વર્ષ ૨૦૨૨માં ત્રણ ગણા વધુ વૈશ્વિક વેપારમાં ૩૦૦૦ જેટલા નવા અંકુશો-નિયંત્રણો લાદવામાં આવ્યા હોવાનું વર્લ્ડ બેંકે જણાવ્યું છે. ચાઈના માટે અત્યંત કડક ઝીરો-કોવિડ નીતિઓના ત્રણ વર્ષ બાદ દેશમાં આર્થિક ગતિવિધિની શરૂઆત પણ વધતાં દેવા અને પ્રોપર્ટી ક્ષેત્રે કટોકટીને પરિણામે વેડફાતી જોવાઈ છે.

# આકરા તાપની અસર! શાકભાજીની આવકમાં 50% ઘટાડો: ભાવ ઉચકાયા

ગુજરાત | વંદન



ટમેટાના ભાવમાં માંડ રાહત મળ્યા ત્યાં શાકભાજીના ભાવ ઉચકાયા છે છેલ્લા ચાર દિવસની શાકભાજીના ભાવમાં એકાએક વધારો નોંધાયો છે ચોમાસામાં આકરો તાપ પડવાથી શાકભાજીના પાકને અસર પડી છે. જેને પગલે હાલ યાર્ડમાં 50 ટકા જ માલની આવક છે. પાણીની અછત અને આકરો તાપ પાકને નુકશાન કર્યું છે.હાલ શ્રાધ્ધના દિવસો ચાલી રહ્યા છે. અનેક સ્થળોએ વિધીના કાર્યો થતા હોય છે. અને જમણવાર થાય છે.

આથી માલનો ઉપાડ પણ સામાન્ય દિવસો કરતા વધુ થાય પહેલા શાકભાજીના ભાવ તળેયે પહોંચતા ખેડૂતોએ સાકભાજીનું વાવેતર બંધ કરી મગફળીના વાવેતર પર ધ્યાન કેન્દ્રીત કર્યુ પરંતુ હવે ઓછી આવક સામે માલની માંગ વધારે છે. લોકલ આવક આવી રહી છે.યાર્ડમાં 4 થી 5 કિલોએ વહેચાતા શાકભાજીના ભાવ હાલ 40 થી 100 એ પહોચ્યા છે વરસાદ ખેંચાતા વાવેતર ઘટયુ છે આગામી સમયમાં તાપ ઘટે અને નવુ વાવેતર આવે થતો ભાવ ઘટી શકે છે. દોઢ મહિનાથી વરસાદ પડયો નથી આથી લીંબુના પાકને મોટી અસર પડી છે હજુ એક મહિના આજ સ્થિતિ રહેશે.

બહારની મંગાવાતા શાકભાજી વધુ પ્રમાણમાં બગળી જાય છે. આથી વેપારીઓને મોટુ નુકશાન થાય છે.કોથમરી, મેથી, પાલક જેવા શાકભાજીની આવક નહીવત છે.આજે યાર્ડમાં શાકભાજીના કિલોએ ભાવ લીંબુના રૂા.45-90 ટમેટા રૂા.5-11, કોથમરી રૂા.35-70 રીંગણા રૂા.42-57, કોબીજ રૂા.15-27, ભીંડો રૂા.25-40, ગુવાર રૂા.40-57, ચોળા સીંગ રૂા.20-35, મેથી રૂા.20-40, આદુ રૂા.80-105, મરચા રૂા.9-21 બોલાયા હતાં.

# 15 ઓક્ટો.થી બે મહિના રફ ડાયમંડની આયાત બંધ કરવાનો નિર્ણય લેવાયો

ગુજરાત | વંદન



દેશના હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા પાંચ મોટા સંગઠનોએ હીરા ઉદ્યોગકારો સાથે બેઠક યોજીને સહમતીથી 15મી ઓક્ટોબરથી 15મી ડિસેમ્બર સુધી રફ ડાયમંડની આયાત બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણયથી હીરા ઉદ્યોગમાં ખળભળાટ મચ્યો છે. વૈશ્વિક પ્રવર્તમાન સ્થિતિમાં હીરા ઉદ્યોગકારોએ લીધેલા નિર્ણયની માઠી અસર હીરા ઉદ્યોગ પર પડવાની સંભાવના વચ્ચે કારીગરો બેકાર થવાની શક્યતા વધી ગઇ છે.

આ નિર્ણયથી હીરા ઉદ્યોગની ચમક જાણે ઝાંખી પડી હોય તેવું લાગી રહ્યું છે. કપરા કાળમાં રફની આયાતને બંધ કરવાના નિર્ણયને ઐતિહાસિક માનવામાં આવી રહ્યો છે. ઉદ્યોગકારોએ સહમતીથી લીધેલા નિર્ણય અંગેની જાણ દુનિયાની માઈનિંગ કંપનીઓને મેઈલ મારફતે કરવામાં આવશે.

હીરા ઉદ્યોગના પાંચ મોટા સંગઠનો જેમાં જીજેઈપીસી, ભારત ડાયમંડ બુર્સ, મંબઈ ડાયમંડ મર્ચન્ટ ઍસોસિયેશન, સુરત ડાયમંડ બુર્સ અને સુરત ડાયમંડ ઍસોસિયેશને એક સંયુક્ત નિવેદન બહાર પાડી આગામી 15મી ઓક્ટો.થી 15મી ડિસેમ્બર એમ બે માસ સુધી રફ ડાયમંડની આયાત બંધ કરવાનો નિર્ણય કર્યો છે. વૈશ્વિક પરિસ્થિતિ જોતાં હીરાની કંપનીઓને વધુ નુકશાન પોષાય તેમ ન હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

## ભારતનો વિકાસ દર 6.3 ટકા રહેવાનો વર્લ્ડ બેંકનો અંદાજ

# ભારતીય અર્થવ્યવસ્થા પર World Bankનો રિપોર્ટ, FY-24માં દેશનો વિકાસ દર 6.3% રહેશે

■ વૈશ્વિક સમસ્યાઓ વચ્ચે ભારત તરફી વર્લ્ડ બેંકનો વિશ્વાસ યથાવત્




ગુજરાત | વંદન

આંતરરાષ્ટ્રીય નાણાં સંસ્થા વર્લ્ડ બેંકે (World Bank) ભારત અંગે મહત્વનો રિપોર્ટ જાહેર કર્યો છે. વર્લ્ડ બેંકે નાણાંકીય વર્ષ 2023-2024 અંગે ભારત માટે સારા સમાચાર આપ્યા છે. વર્લ્ડ બેંકે 2023-24માં ભારતનો વિકાસ દર 6.3 ટકા રહેવાનું અનુમાન દર્શાવ્યું છે. વૈશ્વિક સમસ્યાઓ છતાં ભારતીય અર્થતંત્ર પર વર્લ્ડ બેંકે વિશ્વાસ કાયમ રાખ્યો છે. વર્લ્ડ બેંકે આજે એટલે કે 3જી એક્ટોબર-2023ના રોજ એક રિપોર્ટ જાહેર કર્યો છે, જેમાં ભારતીય અર્થતંત્રની હરણફાળ ગતિ અંગેનો અહેવાલ રજુ કર્યો છે.

વર્લ્ડ બેંકના રિપોર્ટમાં જણાવ્યું છે કે, ભારતીય અર્થતંત્રનો વિકાસ દર આગામી 2 વર્ષની અંદર એટલે કે 2023-24માં 6.4 ટકા રહેવાનો તેમજ 2024-25માં 6.5 ટકા રહેવાની આશા વ્યક્ત કરી છે. રિપોર્ટ મુજબ દેશનું સર્વિસ સેક્ટર ઊંચી ઉડાન ભરશે અને તે 7.4 ટકાના વિકાસ દરે આગળ વધી શકે છે.

ભારતમાં ગત 5 વર્ષના મુકાબલે આ વર્ષે ચોમાસા ની સ્થિતિ નબળી રહી હોવાનો પણ રિપોર્ટમાં ઉલ્લેખ કરાયો છે, જેના કારણે એગ્રીકલ્ચર સેક્ટર પર ખરાબ પ્રભાવ પડ્યો છે. છેલ્લા કેટલાક મહિનાઓમાં ખાદ્ય ફુગાવો માં વધારો થયો છે. જોકે વર્લ્ડ બેંકે આવનારા કેટલાક મહિનાઓમાં ખાદ્ય ફુગાવામાં ઘટાડો થવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

ભારતના પ્રથમ ક્વાર્ટર (જાન્યુઆરીથી માર્ચ)ના ડેટા જાહેર થયા બાદ વર્લ્ડ બેંકનો રિપોર્ટ સામે આવ્યો છે. સરકારના અંદાજ મુજબ ભારતીય અર્થતંત્રનો વિકાસ દર વર્તમાન નાણાંકીય વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં 7.8 ટકાની ઝડપી ગતિએ આગળ વધી રહ્યો હતો, જોકે અર્થશાસ્ત્રીઓના અંદાજ મુજબ વિકાસ દર 7.7 ટકાથી વધુ હતો, જે રિઝર્વ બેંકના 8 ટકાના અનુમાનથી ઓછો હતો.

દરમિયાન વર્લ્ડ બેંકના નવા રિપોર્ટમાં ભારતીય અર્થતંત્રના વિકાસ દર અંગેનું અનુમાન રિઝર્વ બેંક (RBI) ના અંદાજથી 20 બેસિસ પોઈન્ટ ઓછું છે.

## વેદાંતા જૂથે કંપનીનું ડિમર્જર કરવાની જાહેરાત કરી, બનાવશે પાંચ નવી કંપની

# 60,000 કરોડના દેવાના ડુંગરને ડામવા વેદાંતા જૂથ કંપનીઓનું વિભાજન કરશે

ગુજરાત | વંદન




વેદાંતા જૂથે કંપનીનું ડિમર્જર (વિભાજન) કરવાની જાહેરાત કરી છે. અબજોપતિ સ્થાપક અનિલ અગ્રવાલ દેવાના ડુંગર હેઠળ છે અને આગામી બે વર્ષમાં તેમણે લગભગ રૂ.45000 કરોડની રકમ પરત કરવાની છે. કુલ છ અબજ ડોલર કે (રૂ 59600 કરોડનું દેવું છે જેણે ઘટાડવા માટે કંપનીઓની રોકડમાંથી ઊંચું ડિવીડન્ડ મેળવે રાખ્યું હવે તિજોરી ખાલી છે એટલે વિભાજીત કંપનીઓમાં નવા રોકાણકાર આવી શકે એવો પેંતરો રચ્યો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે વેદાંતા કંપની એલ્યુમિનિયમ, ઓઈલ, ગેસ, ઈલેક્ટ્રિસિટી અને સ્ટીલ બિઝનેસ માટે અલગ-અલગ કંપનીઓ બનાવશે. વેદાંતામાં અગાઉથી જ હિસ્સો ધરાવતા રોકાણકારોને આ શેર મફતમાં મળશે.

છેલ્લા 10 વર્ષમાં વેદાંતા જુથે શેરહોલ્ડરને ફાયદો થશે એવી દલીલ કરી કંપનીઓનું જોડાણ કર્યું છે અને સતત ઊંચું ડિવીડન્ડ મેળવ્યું છે. હાલત એવી છે કે છેલ્લા દોઢ વર્ષમાં દેવું ભરપાઈ કરવા માટે કંપનીએ રૂ.54454 કરોડનું ડિવીડન્ડ મેળવ્યું છે જેનો સૌથી મોટો લાભ અનિલ અગ્રવાલ અને તેની વિદેશ સ્થિત હોલ્ડીંગ કંપનીઓને મળ્યો છે. લંડન સ્થિત કંપની ઉપર કુલ 6 અબજ ડોલરનું દેવું છે તે અગામી વર્ષોમાં ચૂકવવાનું છે. તેની સામે તેની પાસે ત્રણ અબજ ડોલરનો નફો અને અન્ય રોકડ છે બીજા ત્રણ અબજ ડોલર ઘટે છે. અત્યારસુધી વેદાંતામાં હિસ્સો બજારમાં વેચી કે જૂથની કંપનીઓમાં ઊંચું ડિવીડન્ડ મેળવી તેણે ભરપાઈ કર્યો છે. 2020માં જૂથની હિન્દુસ્તાન ઝીંક પાસે રૂ.39465 કરોડની અનામત હતી હવે રૂ.12097 કરોડ બચી છે એટલે આ વિકલ્પ પૂરો થઈ ગયો છે.

ક્રેડીટ રેટિંગ એજન્સી મૂડીઝ અને S&Pએ વેદાંતાની ભારતની કંપનીની મૂળ માલિક વેદાન્તા રિસોર્સ લીમીટેડનું ક્રેડીટ રેટિંગ ડાઉનગ્રેડ કર્યું છે. બન્ને ક્રેડીટ રેટિંગ એજન્સી માને છે કે 3 અબજ ડોલરની રકમની પરત ચુકવણીનો ઉકેલ માલિકોને મળી રહ્યો નથી અને શક્ય છે કે ક્રેડીટ રેટિંગ હજુ ઘટાડવું પડી શકે એટલે તેને 'વોચ' ઉપર રાખવામાં આવ્યું છે. હાથ ઉપર રોકડનો અભાવ, નવા રોકાણકારમાં થઈ રહેલો વિલંબ અને સામે ત્રણ અબજ ડોલરની પરત ચૂકવણીનો ટાઈમ બોમ્બ હોવાથી અનિલ અગ્રવાલ હવે 'ઓલ ઈન' સાથેનો દાવ ખેલી રહ્યા છે. મૂડી-નાણાની લેવડ-દેવડમાં વિશ્વાસ મહત્વનું પરીબળ છે. વેદાંતા ઉપરનો વિશ્વાસ ડગમગી રહ્યો છે. ટૂંકી મુદ્દની જરૂરીયાત માટે વેદાન્તાને ભારતની બોન્ડ માર્કેટમાંથી ગત સપ્તાહે રૂ.2500 કરોડ 18 મહિનાની મુદ્દત માટે ઉભા કર્યા હતા.

# કંપનીઓએ QIP થકી 4.60 ગણા વધુ નાણાં ઊભા કર્યા

ગુજરાત | વંદન




વર્તમાન નાણાં વર્ષના પ્રથમ ૬ મહિનામાં ભારતીય કંપનીઓ દ્વારા કવાલિફાઈડ ઈન્સ્ટિટયૂશનલ પ્લેસમેન્ટ (કયુઆઈપી) ચેનલ મારફત ગયા નાણાં વર્ષના પ્રથમ ૬ મહિનાની સરખામણીએ ૪.૬૦ ગણી વધુ મૂડી ઊભી કરાઈ છે. નાણાં વર્ષ ૨૦૨૩ના પ્રથમ ૬ મહિનામાં રૂપિયા ૪૦૨૨ કરોડની સરખામણીએ વર્તમાન નાણાં વર્ષના પ્રથમ ૬ મહિનામાં દેશની વીસ કંપનીઓએ કુલ રૂપિયા ૧૮૪૪૩ કરોડ ઊભા કર્યા છે એમ એક રિસર્ચ રિપોર્ટમાં જણાવાયું હતું.

નાણાંકીય સેવા ક્ષેત્ર તથા વીજ ઉત્પાદન ક્ષેત્રની કંપનીઓ દ્વારા કયુઆઈપી ચેનલનો વધુ ઉપયોગ કરવામાં આવ્યો છે. ઊભી કરાયેલી કુલ રકમમાંથી ૭૦ ટકા અથવા તો રૂપિયા ૧૨૮૯૦ કરોડ આ બે ક્ષેત્રની કંપનીઓ દ્વારા ઊભા કરવામાં આવ્યા છે.

આજ રીતે પ્રથમ ૬ મહિનામાં ઈક્વિટીઝના વેચાણ મારફત રૂપિયા ૭૩૭૪૭ કરોડ ઊભા કરાયા છે, જે વાર્ષિક ધોરણે ૬૯ ટકા વધુ છે. ઈક્વિટી મારફત ઊભી કરાયેલી રકમમાં નવી મૂડીનો હિસ્સો ૫૬ ટકા અથવા તો રૂપિયા ૪૧૪૮૫ કરોડ રહ્યા છે, જે મજબૂત મૂડી રચના સૂચવે છે.

# ટાટા ગ્રૂપની TCSએ ભારતની સૌથી મૂલ્યવાન કંપની બની

■ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા એક સ્થાન આગળ વધીને ટોપ પાંચમાં સામેલ

ગુજરાત | વંદન




ટાટા ગ્રૂપની કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ(TCS)એ ભારતની સૌથી મૂલ્યવાન બ્રાન્ડ એટલે કે મૂલ્યવાન કંપની છે. એચડીએફસી, ઈન્ફોસીસ અને એરટેલને પણ ડબલ્યુપીપી અને કાંતારની બ્રાન્ડઝેડ સ્ટડી લિસ્ટમાં ટોપર્સમાં સ્થાન મળ્યું છે.

ડબલ્યુપીપી અને કાંતારના બ્રાન્ડઝેડ અભ્યાસમાં એચડીએફસી, ઈન્ફોસિસ અને એરટેલએ ગયા વર્ષથી તેમનું સ્થાન જાળવી રાખ્યું છે અને તેઓ અનુક્રમે બીજા, ત્રીજા અને ચોથા ક્રમે છે. જ્યારે, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા એક સ્થાન આગળ વધીને ટોપ પાંચમાં સામેલ થઈ છે. આઈસીઆઈસીઆઈ બેંક ટોપ 10 મોસ્ટ વેલ્યુએબલ ઈન્ડિયન બ્રાન્ડ્સની યાદીમાં છઠ્ઠા સ્થાને છે. એશિયન પેઈન્ટ્સ 7માં નંબરે, જિયો 8માં, કોટક મહિન્દ્રા બેંક 9માં અને એચસીએલ ટેક 10માં નંબરે છે.

કાંતાર ઈનસાઈટ ડિવિઝન સાઉથ એશિયાના એક્ઝિક્યુટિવ મેનેજિંગ ડિરેક્ટર દીપેન્દ્ર રાણાએ જણાવ્યું હતું કે આ ભારતનો દાયકો છે. 82% ની વૃદ્ધિ સાથે આપણો જીડીપી લગભગ બમણો થયો છે, જ્યારે વિશ્વ જીડીપી 30% ના દરે વૃદ્ધિ પામ્યો છે.

ભારતીય બ્રાન્ડની કિંમત લગભગ ત્રણ ગણી વધી છે, જ્યારે વૈશ્વિક બ્રાન્ડની કિંમતમાં 2.4 ગણો વધારો થયો છે. પરિણામે ભારતીય બ્રાન્ડ્સ આપણા અર્થતંત્ર માટે મહત્ત્વપૂર્ણ મૂલ્ય નિર્માતાઓ છે.

# રિઝર્વ બેન્કની બેઠક પહેલા ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃતિઓમાં નરમાઈ તરફી ઝોક

ગુજરાત | વંદન

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની મોનિટરી પોલિસી કમિટિ (એમપીસી)ની ત્રણ દિવસની બેઠકની પૂર્વસંધ્યાએ દેશમાં ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિ ધીમી પડી રહ્યાના સંકેત મળી રહ્યા છે, પરંતુ માગમાં વધારાથી ભાવ પર વધારા તરફી દબાણ વધી રહ્યાનું જોવા મળી રહ્યું છે.એસએન્ડપી ગ્લોબલ દ્વારા તૈયાર કરાયેલા ઉત્પાદન ક્ષેત્રના પીએમઆઈ રિપોર્ટમાં દેશમાં ઊંચા લેબર કોસ્ટ તથા માગમાં મજબૂતાઈને પગલે ઉત્પાદકો દ્વારા વસૂલવામાં આવતી કિંમતમાં મજબૂત વધારો થયાનું જણાવાયું છે.

માગમાં વધવા સાથે રોજગારમાં પણ ઉમેરો થયો છે. ઓગસ્ટમાં ૫૮.૬૦ની સરખામણીએ સપ્ટેમ્બરનો પીએમઆઈ સાધારણ ઘટી ૫૭.૫૦ રહ્યો છે. જે મે ૨૦૨૩ બાદ નીચી સપાટીએ છે. ૫૦થી ઉપરના ઈન્ડેક્સને જે તે ક્ષેત્રનું વિસ્તરણ કહેવાય છે. આગામી ૧૨ મહિનામાં માગ મજબૂત રહેવાની પણ ઉત્પાદકો અપેક્ષા રાખી રહ્યાનું રિપોર્ટમાં જણાવાયું છે.

ઉત્પાદકોનું માનસ પોઝિટિવ છે અને રોજગારમાં વધારો ચાલુ છે અને કાચા માલનો સ્ટોક્સ કરવામાં આવી રહ્યો છે. મજબૂત માગ તથા વેચાણ ભાવમાં વધારાને જોતા રિઝર્વ બેન્કની એમપીસી હાલમાં રેપો રેટમાં કોઈ ઘટાડો કરશે તેવી શકયતા જણાતી નથી અને ફુગાવા સામેની પોતાની સખત નીતિને ચાલુ રાખશે તેવો મત પ્રવર્તી રહ્યો છે. વર્તમાન મહિનામાં તહેવારોની મોસમને ધ્યાનમાં રાખી ઉત્પાદકો પાસે ફિનિશ્ડ ગુડસનો સ્ટોકસ પણ ઘટી રહ્યો છે. એશિયા, યુરોપ, ઉત્તર અમેરિકા તથા મધ્ય પૂર્વના ગ્રાહકો તરફથી ઓર્ડરમાં વધારો થઈરહ્યો છે. નિકાસ માગ સતત ૧૮માં મહિને વધી હોવાનું રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.

# એક વર્ષમાં પોર્ટફોલિયો મેનેજમેન્ટ સર્વિસીસની એયુએમમાં 90 ટકા વૃદ્ધિ

■ શેરબજારની સ્થિતિમાં સુધારો થતાં એચએનઆઈ વર્ગના રોકાણકારોમાં રસ વધ્યો

ગુજરાત | વંદન

છેલ્લા એક વર્ષમાં પોર્ટફોલિયો મેનેજમેન્ટ સર્વિસીસ (પીએમએસ) અંગે રોકાણકારોમાં જાગૃતતા વધી છે અને એચએનઆઈ વર્ગમાં આની સંખ્યામાં સતત વૃદ્ધિ જોવાતા છેલ્લા એક વર્ષમાં એસેટ અંડર મેનેજમેન્ટમાં 90 ટકા સુધીનો ગ્રોથ જોવાયો છે. છેલ્લા એક વર્ષમાં સૌથી વધુ એયુએમ ગ્રોથ આઈસીઆઈસીઆઈ પ્રૂડન્સિયલ એસેટ મેનેજમેન્ટનો રહ્યો હોવાનું જોવાયું છે. ભારતમાં એચએનઆઈની વધતી સંખ્યાને આકર્ષવા માટે એસેટ મેનેજમેન્ટ કંપનીઓ રોકાણકારોના આ ચુનંદા વર્ગને તેમની વિશિષ્ટ ઓફરિંગ કરી રહી છે. અગાઉ પીએમએસ ચોક્કસ રોકાણકારો પૂરતી મર્યાદીત હોવાનું ચિત્ર ઉપસતું હતું પણ છેલ્લા એક વર્ષમાં જોવાયેલા ગ્રોથને પગલે હવે તેને વધુને વધુ રોકાણકારો પસંદ કરી રહ્યા છે.

છેલ્લા એક વર્ષમાં એક તરફ કેટલાક ફંડોએ મોટી સંખ્યામાં ગ્રોથ નોંધાવ્યો છે તો બીજી તરફ એવા પણ નામો છે જેમણે ડિગ્રોથ નોંધાવ્યો છે. આમાં ઈન્વેસ્કો એસેટ મેનેજમેન્ટ (ઈન્ડિયા), નિપ્પોન લાઈફ ઈન્ડિયા એસેટ મેનેજમેન્ટ લિમિટેડ અને મોતીલાલ ઓસ્વાલ એસેટ મેનેજમેન્ટનો સમાવેશ થાય છે, જેમાં 9 ટકા સુધીનો એયુએમમાં ઘટાડો જોવાયો હતો. આઈપ્રૂ પીએમએસમાં વિવિધ રોકાણ થીમ પર ફરતી પ્રોડક્ટ્સ લોન્ચ કરે છે. ફંડમાં વ્યાપક અનુભવ અને ઉદ્યોગની ઓળખ સાથે પોર્ટફોલિયો મેનેજરો દ્વારા માર્ગદર્શન આપવામાં આવતી બહુપક્ષીય ટીમ રોકાણ પ્રક્રિયાની કરોડરજ્જુ બનાવે છે. રોકાણ ટીમ ખાતરી કરે છે કે પોર્ટફોલિયો જોખમ-પુરસ્કારની સંભાવનાને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવે છે. જોખમ, અનુપાલન અને ઉત્પાદન સપોર્ટ માટે જાણકાર ટીમ દ્વારા તેમને વધુ સમર્થન આપવામાં આવે છે. આમ, રોકાણનો અનુભવ, સંશોધન સહાય અને જોખમ વ્યવસ્થાપન ક્ષમતાઓ રોકાણકારો માટે મૂલ્ય ઉમેરવાની ક્ષમતા ધરાવે છે.

ફંડનું ઓફરિંગ કોન્ટ્રા આધારીત હોય છે. અહીં, ઉદ્દેશ્ય ઉચ્ચ પ્રવેશ અવરોધો સાથે વ્યવસાયમાં રોકાણ કરવાનો છે પરંતુ બિનતરફેણકારી વ્યવસાય ચક્રને કારણે અથવા વિશિષ્ટ પરિસ્થિતિને કારણે અથવા ઉદ્યોગના એકત્રીકરણને કારણે પડકારજનક સમયમાંથી પસાર થઈ રહ્યો છે. છેલ્લા એક વર્ષમાં કોન્ટ્રા ફંડે 44% ડિલિવરી કરી છે. બીજી વ્યૂહરચના - PIPE- જે મુખ્યત્વે મિડ અને સ્મોલ કેપ કંપનીઓમાં રોકાણ કરે છે જે આગામી 4-5 વર્ષમાં અર્થપૂર્ણ રીતે વૃદ્ધિ પામવાની અને મોટા વ્યવસાયો બનવાની ક્ષમતા ધરાવે છે, જેણે છેલ્લા એક વર્ષમાં પ્રભાવશાળી 46% વળતર આપ્યું છે. જ્યારે ફ્લેક્સિકેપ વ્યૂહરચનાની વાત આવે છે, ત્યારે પોર્ટફોલિયોમાં 'કોર' અને 'સેટેલાઈટ' તત્વ હોય છે. મુખ્ય પોર્ટફોલિયો 60% - 70% હોઈ શકે છે અને તે મુખ્યત્વે એવા ક્ષેત્રો તરફ લક્ષિત છે જેનું મૂલ્ય ચોક્કસ અને સંબંધિત ધોરણે છે. પાછલા વર્ષમાં આ વ્યૂહરચનાથી 29.5% વળતર મળ્યું છે.

ફંડના હેડ આનંદ શાહનું કહેવું હતું, પીએમએસ ટીમ ઈન-હાઉસ બિઝનેસ-મેનેજમેન્ટ-વેલ્યુએશન (BMV) ફ્રેમવર્ક પર આધાર રાખે છે જેનો ઉદ્દેશ્ય લાંબા ગાળાની વૃદ્ધિની સંભાવના ધરાવતી સ્થિતિસ્થાપક કંપનીઓને ઓળખવાનો છે. આ ફ્રેમવર્ક દ્વારા, ટીમ સક્ષમ મેનેજમેન્ટ ધરાવતી મજબૂત કંપનીઓને ઓળખે છે જે વાજબી મૂલ્યાંકન પર વેપાર કરે છે. આ પગલાં મહત્વપૂર્ણ છે કારણ કે અમે રોકાણને 5 થી 10-વર્ષના પરિપ્રેક્ષ્યમાં જોઈએ છીએ.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# નવરાત્રિનું કાઉન્ટડાઉન શરૂ : લો ગાર્ડન માર્કેટમાં ચણિયાચોળી-કેડિયા ખરીદવા ખેલૈયાઓની ભીડ

મા આદ્યશક્તિની આસ્થા અને ઉપાસનાના પર્વ નવલી નવરાત્રીનો થોડા દિવસો બાદ પ્રારંભ થઈ રહ્યો છે. નવરાત્રીના નવ દિવસ સુધી માઈભક્તો માની ભાવભક્તિથી પૂજા અર્ચના કરે છે. સાથે જ યુવક-યુવતીઓ ગરબે ઘૂમે છે. ગુજરાતની નવરાત્રીની વિશ્વમાં એક આગવી ઓળખ છે. ત્યારે અમદાવાદની યુવતીઓમાં નવરાત્રીનો એક આગવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શહેરના લો ગાર્ડન વિસ્તારમાં ચણિયાચોળીની ખરીદી કરવા માટે મોટી સંખ્યામાં યુવતીઓ ઉમટી રહી છે. આ વખતે અવનવી ડીઝાઈનવાળી ચણિયોચોળી બજારમાં જોવા મળી રહી છે.





આગામી તા. 15મી ઓકટોબરથી શરૂ થતાં નવરાત્રી મહોત્સવને લઇ ગરબા રસિકોએ અત્યારથી જ ગરબા ક્લાસિસ જવાનું શરૂ કરી દીધું છે. ત્યારે નવી ચણિયાચોળી ખરીદવા માટે લો ગાર્ડનમાં પડાપડી થઈ રહી છે. બીજી તરફ ખેલૈયાઓમાં નવરાત્રિને લઈને થનગનાટ જોવા મળી રહ્યો છે. ગરબાના રસિયાઓએ નવરાત્રિ માટે ખરીદી શરૂ કરી દીધી છે. જેમ જેમ નવરાત્રિ નજીક આવે છે, તેમ તેમ અમદાવાદના સૌથી જૂના માર્કેટ પૈકી એક લો ગાર્ડન ચણિયા ચોળી માર્કેટ ખાતે નવરાત્રિના ચણિયા ચોળી, કેડિયા અને નવરાત્રિની ખાસ જ્વેલરી લેવા લોકોની ભીડ જામે છે.

અમદાવાદની ઓળખ એવા લો ગાર્ડન માર્કેટમાં નવરાત્રીની ખરીદી માટે અમદાવાદ જ નહીં પણ વિદેશથી પણ લોકો આવતા હોય છે. નવરાત્રીના 2 મહિના પૂર્વે જ અહીં ચણિયા ચોળીનું વેચાણ શરૂ થઈ જાય છે. વેપારીઓ માત્ર 2 મહિનામાં જ વર્ષભરની કમાણી કરી દે છે. નવરાત્રિના પગલે હાલ બજારમાં લેટેસ્ટ ડિઝાઈનની ચણિયા ચોળી, કેડિયા પરંપરાગત દાગીના તેમજ અવનવી જ્વેલરી જોવા મળી રહી છે.

નવરાત્રિના સમયમાં હાથભરતનાં ચણીયાચોળીની માંગ અન્ય વસ્ત્રોની સરખામણીએ વધુ રહે છે. ઉપરાંત નવરાત્રિની તૈયારીના ભાગરૂપે લોકો અત્યારથી ભાતીગળ વસ્ત્રો, આભલા ભરેલી કોટી જેવા અનેક વસ્ત્રોની ખરીદી કરી રહ્યા છે. ચણિયા ચોળી સાથે આભૂષણોનો શણગાર સ્ત્રીની સૌંદર્યતા માટે અતિ આવશ્યક હોય છે. ચણિયા ચોળી ઉપરાંત, નવરાત્રીમાં વપરાતાં જ્વેલરી તેમજ પરંપરાગત દાગીના પણ અહીં મળી રહે છે.



# લિફ્ટને બદલે સીડીઓ ચઢવા, ઉતરવાથી હૃદય રહે છે સ્વસ્થ

આપણા શરીરના સ્વાસ્થ્ય માટે યોગ્ય આહાર અને સ્વસ્થ જીવનશૈલી ખૂબ જ મહત્વપૂર્ણ છે. આપણી ઘણી નાની આદતો આપણને ઘણી મદદ કરે છે. કેટલીકવાર આપણે આપણી કેટલીક આદતોને કારણે આપણી દિનચર્યા બગાડીએ છીએ. બધા લોકોનું સૌથી મોટું કારણ આળસ છે. આળસ માણસને ઘણી રીતે નુકશાન કરે છે. આ માટે તમારે તમારી રોજિંદી આદતોમાં થોડો ફેરફાર કરવો પડશે. લિફ્ટને બદલે સીડીનો ઉપયોગ કરવાનું શરૂ કરવું પડશે. સીડી ચઢવાથી તમને ઘણા સ્વાસ્થ્ય લાભ મળી શકે છે.

- **હૃદય માટે ખૂબ સારું:** સીડી ચઢવાનો પહેલો ફાયદો એ છે કે તે હૃદય માટે ખૂબ જ સારું છે. તેનાથી સ્વાસ્થ્ય સંબંધિત ઘણી સમસ્યાઓ દૂર થાય છે. તે હાઈ બ્લડ પ્રેશરનું જોખમ પણ દૂર કરે છે . એટલે કે જો તમે સીડી ચડવાની ટેવ પાડો છો, તો તમારું હૃદય વધુ સુરક્ષિત રહેશે. તે અમુક અંશે ડાયાબિટીસ જેવી ઘણી બીમારીઓ સામે પણ રક્ષણ આપે છે.
- **વજન ઘટાડવું:** સીડી ચઢવાથી જે લોકો વજન ઘટાડવા માગે તે લોકો માટે ખુબજ ફાયદાકારક સાબિત થઈ શકે છે. તે બોડી ટોનિંગ માટે અને ખાસ કરીને પગની કસરત માટે ખૂબ જ સારું છે.
- **સાંધા માટે સારું:** સીડી ચઢવું તમારા સાંધા માટે ખુબજ સરસ છે. તેને એક પ્રકારની કાર્યાત્મક પ્રવૃત્તિ તરીકે લો. આ પ્રવૃત્તિને તમારા સાંધાઓની કસરત તરીકે જોઈ શકાય છે. આ પ્રવૃત્તિને કારણે તમને શિયાળામાં વધુ ફાયદો થશે. જો તમને દર વખતે સાંધાના દુખાવાની સમસ્યા રહેતી હોય તો શિયાળાની શરૂઆતના થોડા સમય પહેલા દરરોજ 10-15 મિનિટ સુધી સીડીઓ ચઢવા અને ઉતરવાનું શરૂ કરો.
- **ઓસ્ટીયોપોરોસીસનું જોખમ ઓછું થાય:** ઑસ્ટિયોપોરોસિસ, હાડકાંનો રોગ, જેને સૌથી સામાન્ય પ્રકારનો સંધિવા પણ કહેવામાં આવે છે, તે લોકોને ઘણી મુશ્કેલીમાં મૂકી શકે છે. સીડી ચડવું અને ઉતરવું એ જોખમને નોંધપાત્ર રીતે ઘટાડી શકે છે.
- **માનસિક તણાવ દૂર કરે છે:** સીડી ચડવું તે તમારી શારીરિક પ્રવૃત્તિ માટે સારું છે, પરંતુ તે તમારા માનસિક સ્વાસ્થ્ય માટે પણ સારું છે. સીડીઓ ચઢવા અને ઉતરવાની પ્રવૃત્તિમાં તમારો વધુ સમય નથી લાગતો અને તેના કારણે તમારા શરીરમાં કેટલાક એવા ફેરફારો થાય છે જેનાથી તણાવ ઓછો થાય છે. તેથી આ પ્રવૃત્તિ તમારા રૂટિંગ માં ચાલુ રાખવી જોઈએ.
- **ફેફસાં માટે ખૂબ સારું:** સીડીઓ ચઢવા અને ઉતરવાથી માત્ર હૃદય જ નહીં પરંતુ ફેફસાં પણ સારા રહે છે. શરૂઆતમાં, તમને થોડી તકલીફ અને શ્વાસ લેવામાં તકલીફ થશે, પરંતુ થોડા દિવસના રૂટિંગ પછી તમારી સહનશક્તિ વધશે અને ઝડપથી શ્વાસ લેવાથી તમારા ફેફસાં માટે પણ સારું રહેશે. જે લોકો મશીનમાં કસરત કરે છે તે કરતા આ વધુ સારું છે.

# ફીજી દેશને કહેવામાં આવે છે મિની હિન્દુસ્તાન

આપણા દેશની સંસ્કૃતિ ખૂબ જ જૂની છે અને ખૂબ જ વિશેષ. પરંતુ આજે અમે તમને જણાવવા જઈ રહ્યા છીએ કે માત્ર ભારતમાં જ નહીં, પરંતુ વિશ્વમાં એક અન્ય દેશ છે જેમાં હિન્દી બોલાય છે. આ દેશને મિની હિન્દુસ્તાન કહેવામાં આવે છે. આ સાથે ત્યાં દરેક ગલીમાં કેટલાક મંદિર પણ જોવા મળે છે. આ દેશ ભારતથી ખૂબ દૂર છે . સવાલ એ ઉભો થાય છે કે હિન્દી ભાષા અને હિન્દુ સંસ્કૃતિ આ દેશમાં કેવી રીતે પહોંચી?

દક્ષિણ પેસિફિક મહાસાગરના મેલાનેશિયામાં ભારતીય મૂળના લગભગ 37 ટકા લોકો રહે છે. આ લોકો સેંકડો વર્ષો પહેલા હિન્દુસ્તાન છોડીને મેલાનેશિયામાં સ્થાયી થયા હતા. આ જ કારણ છે કે અહીંની સત્તાવાર ભાષામાં હિન્દીનો પણ સમાવેશ થાય છે. આ દેશનું નામ ફીજી છે. ફીજીમાં લોકો માત્ર હિન્દી જ નથી બોલતા પરંતુ ત્યાના થિયેટરમાં બોલિવૂડ મૂવીઝ પણ ચાલે છે અને અહીંના લોકો ભારત જેવા ગીતો ગાતા હોય છે.

ખરેખર ફીજીને પ્રશાંત મહાસાગરના ટાપુઓમાં સૌથી મોટું રાષ્ટ્ર માનવામાં આવે છે. ફીજીના લોકો ભારતની જેમ શેરડી તેમજ ડાંગર, ઘઉં અને મકાઈની લણણી કરે છે. જણાવી દઈએ કે બ્રિટને વર્ષ 1874 માં આ ટાપુને પોતાના નિયંત્રણમાં લઈ લીધું હતું અને તેને વસાહત બનાવી હતી. ટાપુઓના નિર્માણ માટે ફીજીને વિશેષ દેશ માનવામાં આવે છે ફીજીના મોટાભાગના ટાપુઓ જ્વાળામુખી વિસ્ફોટો દ્વારા 150 મિલિયન વર્ષો પહેલા રચાયા છે. આ સ્થાનનાં ઘણાં ટાપુઓ પર હજી પણ જ્વાળામુખી ફાટી નીકળે છે. મોટી સંખ્યામાં ભારતીયોને લીધે, આ દેશમાં ઘણા હિન્દુ મંદિરો છે. ફીજીમાં હિન્દી અખબારો સહિત વિવિધ મીડિયા સંસાધનો પણ છે.



# નવરાત્રીમાં ચહેરા પર ચમક લાવવા માટે લગાવો સાબુદાણાનો ફેસપેક



નવરાત્રીનો તહેવાર નજીક આવી રહ્યો છે. કેટલાક લોકો નવરાત્રીમાં 9 દિવસ સુધી ઉપવાસ રાખે છે અને ઉપવાસના દિવસોમાં ફરાળ તરીકે લોકો સાબુદાણાનો ઉપયોગ કરે છે, સાબુદાણામાંથી અનેક વાનગીઓ બને છે. પરંતુ શું તમે જાણો છો, સાબુદાણાનો ઉપયોગ ત્વચા માટે પણ કરવામાં આવે છે. સાબુદાણા સ્વાસ્થ્યની સાથે જ આપણી ત્વચા માટે પણ ખૂબ ફાયદાકારક સાબિત થાય છે.

સાબુદાણામાં એવા ઘણા તત્વો છે, જે આપણી ત્વચા માટે ખૂબ જ ફાયદાકારક છે. સાબુદાણામાં એન્ટિઓક્સિડન્ટ્સ અને એન્ટિ-ઈન્ફ્લેમેટરી ગુણ પણ જોવા મળે છે, જે ત્વચાને સ્વસ્થ રાખે છે. જો તમે અઠવાડિયામાં બે વાર સાબુદાણાનો ફેસ પેક લગાવશો તો ચહેરા પર ચમક આવવાની સાથે પિમ્પલ્સની સમસ્યા પણ ઓછી થશે. આ માટે તમારે આ ઘટકોની જરૂર પડશે.

- 2 ચમચી સાબુદાણા 2 ચમચી ગુલાબજળ 1 ચમચી લીંબુનો રસ 1 ટીસ્પૂન મુલતાની માટી
- ફેસ પેક બનાવવા માટે સૌથી પહેલા એક બાઉલમાં સાબુદાણા લો. હવે તેમાં લીંબુનો રસ અને ગુલાબજળ નાખીને થોડી વાર માટે બાજુ પર રાખો. થોડી વાર પછી તેને સહેજ ગરમ કરો. ઠંડુ થાય એટલે તેને મિક્સરમાં પીસી લો. હવે તેને એક બાઉલમાં કાઢી લો અને તેમાં મુલતાની માટી મિક્સ કરીને પેસ્ટ બનાવો.
- સાબુદાણાના આ પેકને લગાવવા માટે સૌથી પહેલા તમારા ચહેરાને સારી રીતે ધોઈ લો. જો તમે ઈચ્છો તો, તમે તમારા ચહેરાને એલોવેરા જેલ અથવા સામાન્ય ફેસ વૉશથી પણ ધોઈ શકો છો. હવે આ ફેસ પેકને તમારા ચહેરા પર લગાવો. આ ફેસ પેકને લગભગ 30 મિનિટ સુધી ચહેરા પર રાખો. ફેસ પેક સુકાઈ જાય પછી તેને પાણીથી ધોઈ લો.

# ઘઉંના લોટમાંથી ઘરે જ બનાવો સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ચિલી ચીઝ ગાર્લિક પરાઠા

કેટલાક લોકોને નાસ્તામાં બ્રેડ સેન્ડવીચ, મેગી, સાઉથ ઈન્ડિયન ફૂડ, પોહા, પાસ્તા વગેરે ખાવાનું મન થાય છે, જ્યારે કેટલાક લોકો રોટલી, પરાઠા ખાધા વિના પેટ ભરી શકતા નથી. એ વાત સાચી છે કે દરેક વ્યક્તિએ દિવસની શરૂઆત હેલ્ધી બ્રેકફાસ્ટથી કરવી જોઈએ. તેનાથી તમારું પેટ ભરેલું રહેશે અને તમે એનર્જેટિક, ફિટ અને હેલ્ધી પણ રહેશો. જો તમે ઘીમાં શેકેલા સાદા પરાઠા ખાઓ છો, પરંતુ કંઈક નવું ટ્રાય કરવા માંગતા હોવ, તો અમે તમારા માટે ખૂબ જ સ્વાદિષ્ટ અને પૌષ્ટિક પરાઠાની રેસિપી લઈને આવ્યા છીએ. આ પરાઠાનું નામ ચિલી ચીઝ ગાર્લિક પરાઠા છે.



## સામગ્રી

ઘઉંનો લોટ - 2 કપ, લીલા મરચા - 3-4 બારીક સમારેલા, ચીઝ - 1 કપ છીણેલું, લસણ- 3-4 લવિંગ બારીક સમારેલા, લાલ મરચું પાવડર - અડધી ચમચી, જીરું પાવડર - અડધી ચમચી, મીઠું - સ્વાદ મુજબ, ઘી અથવા તેલ.

## બનાવવાની રીત

એક બાઉલમાં લોટ લો. તેમાં થોડું મીઠું નાખીને મિક્સ કરો. તેમાં પાણી ઉમેરી કણક બાંધો. ત્યારબાદ તેને ભીના સુતરાઉ કપડાથી ઢાંકીને થોડી વાર રાખો. હવે એક બાઉલમાં ચીઝને છીણી લો. તેમાં સમારેલાં લીલાં મરચાં, બારીક સમારેલું લસણ, સ્વાદ મુજબ મીઠું, લાલ મરચું પાવડર અને જીરું પાવડર ઉમેરો.આ મિશ્રણને સારી રીતે મિક્સ કરો. હવે કણકના બોલ બનાવો. તેમાં સૂકો લોટ નાખો અને તેને એવી રીતે ફેલાવો કે તમે વચ્ચે ચીઝનું મિશ્રણ મૂકી શકો.

કણકના બોલમાં એકથી દોઢ ચમચી ચીઝનું મિશ્રણ નાખીને બરાબર બંધ કરો. તેને પરાઠા જેવા ગોળ આકારમાં ફેરવો. હવે ગેસના ચૂલા પર પેન મૂકો અને તેને ગરમ કરો. તેના પર પરાઠા મૂકો અને તેને બંને બાજુથી ફેરવીને શેકો. થોડું ઘી અથવા તેલ લગાવીને ગોલ્ડન બ્રાઉન થાય ત્યાં સુધી શેકી લો. તૈયાર છે ટેસ્ટી ચીલી ચીઝ ગાર્લિક પરાઠા. તેને લીલી ચટણી, ટામેટાની ચટણી કે દહીં સાથે ગરમા-ગરમ સર્વ કરો.

# ડાયાબિટીસના દર્દીઓ માટે તુરિયાની શાકભાજી ખાવી ફાયદાકારક



આજના ભાગદોડભર્યા જીવનમાં મોટાભાગના લોકોમાં ડાયાબિટીસ જેવા રોગો જોવા મળતા હોય છે. પરિણામે આ રોગ પર કાબૂ મેળવવા કેટલાક લોકો ઘરગથ્થુ ઉપચાર કરતા હોય છે. તો કેટલાક લોકો દવાનો ઉપયોગ કરતા હોય છે. પરંતુ આજે અમે તમને ભારતીય શાકભાજીની વાત કરી રહ્યા છીએ જે શાકભાજીનું નામ તુરીયા છે. તુરીયા સ્વાસ્થ્ય માટે ઘણા ફાયદાકારક માનવામાં આવે છે.

તુરિયા સ્વાસ્થ્ય માટે લાભદાયી શાકભાજી છે. આ શાકભાજી વજન ઘટાડવા માટે, સુગર લેવલને કન્ટ્રોલ રાખવા માટે તથા ઈમ્યુનિટી પાવર વધારવા માટે મદદરુપ થાય છે. તે ઉપરાંત આ તુરીયાનું શાક સ્કિન માટે પર ફાયદાકારક કહેવામાં આવે છે.

આ શાકભાજી બજારમાં આસાનીથી મળી રહે છે. તુરીયામાં વિટામિન સી, આયર્ન, ઝિંક, મેગ્નેશિયમ ભરપૂર માત્રામાં રહેલું છે. તુરીયા પીલિયો, ગેસ, માથાનાં દુખાવો, પેટના રોગો સહિત અન્ય રોગો માટે ફાયદાકારક માનવામાં આવે છે.

# શેમ્પૂમાં ખાંડ મિક્સ કરી પછી વાળ ધોવાનું રાખશો હેર ગ્રોથ ઝડપથી વધશે

વાળ તો સ્ત્રીની સુંદરતા વધારતું એક આભુષણ ગણાય છે. સુંદર અને ભરાવદાર લાંબા વાળ માટે મહિલાઓ ઘણી મહેનત કરતી હોય છે, ક્યારેક અવનવાં શેમ્પૂ તો ક્યારેક તેલ અજમાવતી રહેતી હોય છે. જોકે આટલા પ્રયત્નો પછી પણ સફળતા તો નથી જ મળતી અને સમસ્યા એમજ રહે છે. પ્રદૂષણ અને ખાન-પાનમાં અસંતુલન સાથે વાળને નુકસાન કરતી પ્રોડક્ટ્સથી બચવું જોઈએ. વાળની સાર-સંભાળ માટે કેટલાક ઘરેલું નૂસખાઓ હેલ્ધી અને ભરાવદાળ વાળ માટે કરશે તમને મદદ. વાળ ધોતા સમયે તમે જે પણ શેમ્પૂ વાપરતા હોય તેમાં એક ચમચી ખાંડ ઉમેરીને પછી તેનાથી વાળ ધોવાનું રાખશો તો તમારા વાળ ઝડપથી વધવા લાગશે અને વાળમાં કુદરતી ચમક પણ જોવા મળશે.



શેમ્પૂમાં ખાંડ મિલાવવાથી તમારા વાળમાં ભેજ વધી જાય છે અને વાળમાં ટકી રહે છે. આટલું જ નહીં, તેનાથી તમારા વાળ પર શેમ્પૂ કેમિકલ્સનો પ્રભાવ પણ ઓછો થઈ જાય છે. શેમ્પૂના ઉપયોગથી વાળમાં પ્રાકૃતિક ચમક આવે છે.

- **વાળની વૃદ્ધિ :** જે લોકોના વાળ વધી ન રહ્યા હોય તેમના માટે આ નુસ્ખો ખૂબ જ ફાયદાકારક છે. તેનાથી વાળની વૃદ્ધિ ઝડપી બને છે. જો તમારા વાળ સુષ્ક પડી ગયા હોય તો તમારે આ નુસ્ખાની જરૂર છે.
- **ડેન્ડ્રફથી છૂટકારો :** શેમ્પૂમાં ખાંડ મિક્સ કરવાથી અઠવાડિયામાં ઓછામાં ઓછા બે વાર વાળ ધોવા જોઈએ. તેનાથી ખોડો દૂર થાય છે. લાંબાવાળ વાળા લોકો માટે આ નુસ્ખો ખૂબ જ અસરદાર છે.
- **કોમળ વાળ :** શેમ્પૂના ઉપયોગથી વાળ સુષ્ક અને બરછટ બની જાય છે. શેમ્પૂમાં ખાંડ મિક્સ કરવાથી આ સમસ્યાથી છૂટકારો મળે છે. પરંતુ ધ્યાન રાખો કે રોજના બદલે અઠવાડિયામાં માત્ર 2-3 વખત જ વાળ ધોવા જોઈએ.

# વર્લ્ડ કપ 2023 માટે સચિન તેંડુલકર ગ્લોબલ એમ્બેસેડર તરીકે નિયુક્ત

ગુજરાત | વંદન

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)એ ભારતના મહાન ક્રિકેટર અને ભારત રત્ન સચિન તેંડુલકરને મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ 2023 માટે ગ્લોબલ એમ્બેસેડર તરીકે નિયુક્ત કર્યો છે. છ વર્લ્ડ કપમાં રમી ચૂકેલા માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકર પાંચમી ઓક્ટોબરે વર્લ્ડ કપની પ્રારંભિક મેચ અગાઉ ટ્રોફી સાથે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં દેખા દેશે અને ટુર્નામેન્ટને ઓપન જાહેર કરશે.

સચિન તેંડુલકરે આ અંગે જણાવ્યું હતું કે 1987ના વર્લ્ડ કપમાં બોલ બોય તરીકે ફરજ બજાવવાથી શરૂ કરીને છ વર્લ્ડ કપમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા સુધી વર્લ્ડ કપ હંમેશાં મારા હૃદયમાં આગવું સ્થાન ધરાવે છે. 2011માં વર્લ્ડ કપ જીતવો તે મારી ક્રિકેટ કારકિર્દીની સૌથી ગૌરવવંતી ક્ષણ રહી છે.

આઈસીસી મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ 2023માં ઘણી ટીમ અને ખેલાડીઓ આકરી મહેનત કરીને ભાગ લેનારા છે ત્યારે આ અદભૂત ટુર્નામેન્ટ અંગે હું રોમાંચ અનુભવી રહ્યો છું અને તે માટે આતુર છું તેમ સચિન તેંડુલકરે ઉમેર્યું હતું.

તેણે જણાવ્યું હતું કે વર્લ્ડ કપ જેવી મેગા ઈવેન્ટ યુવાનોના માનસમાં સ્વપ્નનો સંચાર કરે છે અને તેમની કારકિર્દીના બીજ રોપે છે.



મને આશા છે કે આ વખતનો વર્લ્ડ કપ પણ યુવાન ગર્લ્સ અને બોયઝને આ રમતને પસંદ કરવા માટે પ્રેરણાદાયક બની રહેશે અને ઉચ્ચ કક્ષાએ ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે પ્રેરિત કરશે. અત્યાર સુધીના સૌથી મોટા એવા આ વખતના વર્લ્ડ કપમાં અન્ય ઘણા મહાન ક્રિકેટર પણ આઈસીસીના એમ્બેસડર તરીકે જોવા મળશે જેમાં વેસ્ટ ઈન્ડિઝના મહાન ક્રિકેટર સર વિવિયન રિચાર્ડ્સ, સાઉથ આફ્રિકાના એબી ડી વિલિયર્સ, ઈંગ્લેન્ડના વર્લ્ડ કપ વિજેતા સુકાની ઓઈન મોર્ગન, ઓસ્ટ્રેલિયાના એરોન ફિંચ, ન્યૂઝીલેન્ડના રોઝ ટેલર, ભારતના સુરેશ રૈના અને મહિલા ટીમની ભૂતપૂર્વ સુકાની મિતલી રાજ તથા પાકિસ્તાનના ઓલરાઉન્ડર મોહમ્મદ હફીઝનો સમાવેશ થાય છે. આ તમામ મહાનુભાવો વર્લ્ડ કપ દરમિયાન કેટલીક મેચોમાં હાજરી આપશે.

આઈસીસીના જનરલ મેનેજ ક્લેર ફર્લોંગે જણાવ્યું હતું કે સચિન તેંડુલકરને અમારા ગ્લોબલ એમ્બેસેડર નિયુક્ત કરવાથી અમે ગૌરવ અનુભવી રહ્યા છીએ. સચિન અન્ય નવ લિજેન્ડ સાથે અમારી સાથે જોડાશે.

આઈસીસી મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ 2023નો પાંચમી ઓક્ટોબરથી અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે પ્રારંભ થશે જેની પ્રારંભિક મેચમાં વર્તમાન ચેમ્પિયન ઈંગ્લેન્ડ અને રનર્સ અપ ન્યૂઝીલેન્ડ વચ્ચે મુકાબલો થશે. વર્લ્ડ કપમાં દસ સ્થળ પર બધુ મળીને 48 મેચ યોજાશે. 19મી નવેમ્બરે આ જ સ્ટેડિયમ પર ફાઈનલ મેચ રમાશે.

# ફાઈનલ મેચમાં સૌરભ કુમારનું શાનદાર પ્રદર્શન, બે ઈનિંગમાં કુલ 10 વિકેટ ઝડપી

■ રેસ્ટ ઓફ ઈન્ડિયાએ સતત બીજા વર્ષે ઈરાના કપની ટ્રોફી પર જમાવ્યો કબ્જો



ગુજરાત | વંદન

રાજકોટના ખંઢેરી સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં સતત બીજા વર્ષે સૌરાષ્ટ્રને કારમી હારનો સામનો કરવો પડ્યો છે. જેમાં રેસ્ટ ઓફ ઈન્ડિયા અને સૌરાષ્ટ્ર વચ્ચેની મેચમાં ટોસ જીતી રેસ્ટ ઓફ ઈન્ડિયાએ પ્રથમ બેટિંગ પસંદગી કરી હતી. જે બાદ મેચના ત્રીજા દિવસે બીજા દાવમાં ટીમ સૌરાષ્ટ્રને તેના હોમ ગ્રાઉન્ડમાં રેસ્ટ ઓફ ઈન્ડિયાના બોલરોએ પછડાટ આપી માત્ર 79 રનમાં ઓલઆઉટ કરી ઈરાની કપની ટ્રોફી પર કબજો સતત બીજા વર્ષે જમાવી રાખ્યો છે.

સૌરાષ્ટ્રની ટીમ આ વખતે પાછલા વર્ષે મળેલી હારમાં થયેલી ભૂલ દૂર કરી જીત માટે મેદાને ઉતરી હતી, પરંતુ આ વર્ષે પણ કારમી હારનો સામનો કરતા ટીમ રેસ્ટ ઓફ ઈન્ડિયા જીત જાળવી રાખી ટ્રોફી પર કબજો મેળવ્યો છે. મેચની શરૂઆતમાં પ્રથમ દિવસે સવારે ટોસ જીતી રેસ્ટ ઓફ ઈન્ડિયાએ પ્રથમ બેટિંગ કરવા નિર્ણય કર્યો હતો અને ટીમ રેસ્ટ ઓફ ઈન્ડિયાએ 308 રન બનાવ્યા હતા.

જેની સામે ટીમ સૌરાષ્ટ્રએ 214 રન બનાવ્યા હતા. જ્યારે બીજા દાવમાં પણ ટીમ રેસ્ટ ઓફ ઈન્ડિયાએ 160 રન બનાવ્યા હતા અને ટીમ સૌરાષ્ટ્રને જીત માટે 254નો લક્ષ્યાંક આપ્યો હતો, પરંતુ ટીમ સૌરાષ્ટ્ર પોતાના હોમગ્રાઉન્ડમાં આ લક્ષ્યાંક તો દૂર પરંતુ તેના અડધા રન પણ બનાવી શકી ન હતી અને માત્ર 79 રનમાં આખી ટીમને પેવેલિયન તરફ રેસ્ટ ઓફ ઈન્ડિયાના બોલરોએ ધકેલી દીધી હતી. જેમાં સૌરભ કુમારે 16.3 ઓવરમાં 43 રન આપી 6 વિકેટ હાંસિલ કરી હતી. જ્યારે શેમ્સ મુલાણીએ 12 ઓવરમાં 22 રન આપી 3 વિકેટ લીધી હતી અને પુલકિત નારંગએ 1 ઓવરમાં 1 રન આપી 1 વિકેટ હાસિલ કરી હતી.

ઈરાની કપની આ મહત્વપૂર્ણ મેચમાં પ્લેયર ઓફ ધ મેચ તરીકે સૌરભ કુમારની પસંદગી કરવામાં આવેલી છે. જેણે મેચ દરમિયાન બે ઈનિંગમાં 108 રન આપી કુલ 10 વિકેટ હાંસિલ કરી છે. જેમાં તેમને સૌરાષ્ટ્ર ટીમના મહત્વના બેટ્સમેન ગણી શકાય તેવા ચિરાગ જાની, સમર્થ વ્યાસ, શેલ્ડન જેક્શન, અર્પિત વસાવડા અને ધર્મેન્દ્રસિંહ જાડેજાની વિકેટ મેળવી જીતમાં મહત્વનું યોગદાન પૂરું પાડ્યું છે.

# પાકિસ્તાનનો નેધરલેન્ડ સામે 81 રને વિજય, બેસ ડી લીડેનું ઓલરાઉન્ડર પ્રદર્શન

ગુજરાત | વંદન

આઈસીસી ક્રિકેટ વર્લ્ડ કપ-2023 (ICC Cricket World Cup-2023)ની હૈદરાબાદમાં રમાઈ રહેલી બીજી મેચમાં પાકિસ્તાનનો નેધરલેન્ડ સામે 000 રને વિજય થયો છે. પાકિસ્તાનના 49 ઓવરમાં 10 વિકેટે 286 રનના જવાબમાં નેધરલેન્ડની ટીમ 000 ઓવરમાં 000 રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ છે. આજની મેચમાં કુલ 4 ખેલાડીઓએ ફિફ્ટી ફટકારી છે. પાકિસ્તાન તરફથી મોહમ્મદ નવાઝ અને સાઉદ શકીલે જ્યારે નેધરલેન્ડ તરફથી વિક્રમજીત સિંઘ અને બેસ ડી લીડે ફિફ્ટી ફટકારી છે. બંને ટીમો વચ્ચે વર્લ્ડ કપમાં 20 વર્ષ બાદ મેચ રમાઈ છે. 1992માં વર્લ્ડ કપ જીતનારી પાકિસ્તાની ટીમ આજે પોતાના અભિયાનની શરૂઆત કરશે. બાબર આઝમની કપ્તાનીવાળી આ ટીમને વર્લ્ડ કપ જીતવાની દાવેદાર માનવામાં આવી રહી છે. પાકિસ્તાનની ટીમ ICC ODI રેન્કિંગમાં બીજા ક્રમે છે. જો કે પાકિસ્તાનનો વર્લ્ડ કપમાં એક ખરાબ રેકોર્ડ છે જેમાં ટીમે વર્લ્ડ કપની 5 ઓપનિંગ મેચમાંથી માત્ર એકમાં જ જીત મેળવી છે.

### પાકિસ્તાનના આ બેટરે ફટકારી ફિફ્ટી

પાકિસ્તાન તરફથી મોહમ્મદ રિઝવાને 75 બોલમાં 8 ફોરની મદદથી 68 રન જ્યારે સાઉદ શકીલે 52 બોલમાં 9 ફોર અને 1 સિક્સની મદદથી 68 ન ફટકાર્યા છે. જ્યારે મોહમ્મદ નવાઝે 39 રન, શાબાદ ખાને 32 રન ફટકાર્યા છે.

## એકલા હાથે જ મેચના પરિણામને પોતાની ટીમ તરફ પલ્ટી શકે છે

# વર્લ્ડકપ 2023માં વિરાટ કોહલીથી લઈ સ્મિથ સહિતના ખેલાડીઓ પર રહેશે વિશ્વની નજર

ગુજરાત | વંદન

ક્રિકેટના સૌથી મોટા મહાકુંભ વર્લ્ડકપનો આરંભ થઈ ચૂક્યો છે. ક્રિકેટ રસિયાઓમાં પણ વર્લ્ડકપનો ફીવર ચઢ્યો છે. ત્યારે આ વર્લ્ડ કપમાં અમુક એવા બેટ્સમેન છે જેમના પ્રદર્શન પર આખી દુનિયાની નજર રહેશે.

■ **વિરાટ કોહલી :** ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ખેલાડી વિરાટ કોહલી 2023 એશિયા કપમાં પોતાના ફોર્મનો પુરાવો આપી ચુક્યો છે. પાકિસ્તાનના સામે વિરાટની સેન્ચુરી વર્ષો સુધી યાદ રાખવામાં આવશે. 34 વર્ષના વિરાટ કોહલીનો આ છેલ્લો વર્લ્ડ કપ પણ હોઈ શકે છે. જણાવી દઈએ કે વિરાટ વર્લ્ડ કપમાં સેન્ચુરી લગાવનાર સૌથી યુવા ભારતીય છે. 2011માં કિંગ કોહલીએ આ રેક્રોડને પોતાના નામે કર્યો હતો.

■ **રોહિત શર્મા:** ગયા વર્લ્ડ કપના હીરો રોહિત શર્મા આ વખતે પણ કમાલ કરી શકે છે. ઈંગ્લેન્ડ સામે કમાયેલા 2019ના વર્લ્ડ કપમાં રોહિતે પાંચ સેન્ચુરી મારીને લોકોને ચોંકાવી દીધા હતા. આ વખતે પણ રોહિતના બેટથી સેન્ચુરીની લાઈન લાગી શકે છે. રોહિતે વર્લ્ડ કપ પહેલા જ બતાવી દીધુ છે કે તે આક્રામક અંદાજમાં બેટિંગ કરશે. એવામાં બધા તેમની બેટિંગ જોવા માટે ઉત્સાહિત છે.





■ **બાબર આઝમ :** પાકિસ્તાનના કેપ્ટન બાબર આઝમ વર્લ્ડ કપની શરૂઆત પહેલા વોર્મઅપ મેચોમાં ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયાના સામે પોતાનું ફોર્મ બતાવી ચુક્યા છે. જોકે બાબર પહેલી વખત ભારત આવ્યો છે. એવામાં ઘણા લોકો તેમની બેટિંગ જોવા માંગતા હતા. બાબર જે ફોર્મમાં છે. તેને જોતા એવું લાગી રહ્યું છે કે તે વર્લ્ડ કપમાં ત્રણ ચાર સેન્ચુરી સરળતાથી મારી શકે છે.

■ **બેન સ્ટોક્સ :** ઈંગ્લેન્ડના શાનદાર ખેલાડી બેન સ્ટોક્સે 2023 વનડે વર્લ્ડ કપ માટે પોતાના સંન્યાસ પર યૂટર્ન લીધો છે. સ્ટોક્સ આ વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડ માટે ચાર નંબર પર બેટિંગ પણ કરી શકે છે. તે ભારતીય પીચને નજીકથી ઓળખે છે અને ખૂબ જ અનુભવી પણ છે. એમ કહેવું ખોટુ નહીં હોય કે આ વર્લ્ડ કપમાં દરેકની નજર બેન સ્ટોક્સના પ્રદર્શન પર રહેશે.

■ **સ્ટીવ સ્મિથ :** ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન અને સીનિયર બેટ્સમેન સ્ટીવ સ્મિથનો પણ આ છેલ્લો વર્લ્ડ કપ હોઈ શકે છે. આ વર્લ્ડ કપમાં ત્રણ નંબર પર તે બેટિંગ કરશે. છેલ્લા બે વર્લ્ડ કપમાં સ્મિથ ટીમની બેટિંગમાં મહત્વપૂર્ણ ખેલાડી રહ્યા હતા. જોકે આ વખતે વર્લ્ડ કપ ભારતમાં રમાશે તો એવામાં સ્મિથની જરૂર ટીમને વધારે રહેશે. સ્મિથ ભારતીય પિચો પર સરળતાથી રન બનાવવામાં એક્સપર્ટ છે. તે બોલિંગની સાથે સાથે સ્પિનર્સને પણ સરળતાથી રમે છે. વર્લ્ડ કપમાં બધાની નજર સ્મિથના પ્રદર્શન પર રહેશે.

## ક્રિકેટ જગતમાં પ્રભુત્વસભર દેખાવ કરનારા સાઉથ આફ્રિકા, ન્યૂઝીલેન્ડ વર્લ્ડ ટાઇટલથી વંચિત

# વર્લ્ડકપમાં ઓસ્ટ્રેલિયાની ટીમનો દબદબો, સૌથી વધુ વખત પાંચ વાર ચેમ્પિયન બન્યું

ગુજરાત | વંદન

ક્રિકેટ વર્લ્ડ કપની 13મી સિઝનનું આયોજન ભારતમાં 5 ઓક્ટોબરથી 19 નવેમ્બર, 2023 દરમિયાન થઇ રહ્યું છે. આઈસીસીની આ એક મોટી આંતરરાષ્ટ્રીય સ્પર્ધા છે. તેમાં ટેસ્ટ રમતા તમામ દેશો ઉપરાંત ક્વોલિફાઈંગ દેશો પણ ભાગ લેતા રહ્યા છે. આ વખતે 46 દિવસની સ્પર્ધામાં કુલ 48 મેચ રમાશે. બેસ્ટ 4 ટીમ સેમિ ફાઈનલ રમશે. જ્યારે ત્રણ નોકઆઉટ મેચ, બે સેમિ ફાઈનલ અને એક ફાઈનલ રમાશે. વર્લ્ડ કપની અત્યાર સુધીમાં બાર સિઝન રમાઈ ચૂકી છે. આ સમય દરમિયાન ઘણી રસપ્રદ કહાની જાણો.

પ્રથમ વન ડે વર્લ્ડ કપ 1975 માં ઈંગ્લેન્ડમાં આયોજિત કરાયો હતો. આ વિશ્વ કપમાં એક ઈનિંગમાં 50 નહીં પરંતુ 60 ઓવર હતી.




પરંતુ 1987 બાદ એક ઈનિંગ 50 ઓવરની કરવામાં આવી છે. ઈંગ્લેન્ડમાં રમાયેલા આ વર્લ્ડ કપમાં વેસ્ટ ઈન્ડિઝ ચેમ્પિયન બન્યું હતું. ઓસ્ટ્રેલિયા સામે વેસ્ટઈન્ડિઝની 17 રને જીત થઇ હતી. વન ડે વર્લ્ડ કપના પ્રારંભ વેસ્ટ ઈન્ડિઝનો જાણે દબદબો હતો. ફાસ્ટ બોલર અને તગડા બેટ્સમેનને લીધે વેસ્ટ ઈન્ડિઝ ટીમનો વિશ્વમાં ડંકો વાગતો હતો. પ્રથમ વર્લ્ડ કપમાં ઓસ્ટ્રેલિયાને હરાવ્યા બાદ વર્ષ 1979 માં ઈંગ્લેન્ડ ખાતે રમાયેલ બીજા વર્લ્ડ કપમાં પણ વેસ્ટ ઈન્ડિઝ ચેમ્પિયન બન્યું હતું.

સચિન તેંડુલકરે વર્લ્ડ કપમાં સૌથી વધુ 2278 રન બનાવ્યા છે, જ્યારે સૌથી વધુ વ્યક્તિગત સ્કોર (237) ન્યૂઝીલેન્ડના માર્ટિન ગુપ્ટિલના નામે છે. સૌથી મોટી ભાગીદારી વેસ્ટ ઈન્ડીઝના ક્રિસ ગેલ અને માર્લોન સેમ્યુઅલના નામે (372 રન) નામે છે. સૌથી વધુ 71 વિકેટ લેવાનો રેકોર્ડ ગ્લેન મેકગ્રાના નામે છે. ભારતીય બોલર ચેતન શર્માના નામે વર્લ્ડ કપની સૌપ્રથમ હેટ્રિક લેવાનો રેકોર્ડ છે, જે 1987માં ઝડપી હતી.

વર્ષ 1975 થી શરૂ થયેલ વન ડે વર્લ્ડ કપનું અત્યાર સુધી 12 વખત આયોજન થયું છે. જેમાં ઓસ્ટ્રેલિયા જીતનો બાદબાહ રહ્યું છે. ઓસ્ટ્રેલિયા અત્યાર સુધી 1987, 1999, 2003, 2007 અને 2015 મળી કુલ પાંચ વખત ચેમ્પિયન બન્યું છે. જ્યારે ભારત (1983, 2011) અને વેસ્ટ ઈન્ડિઝ (1975, 1979) બંને બબ્બે વખત ચેમ્પિયન રહ્યા છે. ઈંગ્લેન્ડ (2019), પાકિસ્તાન (1992) અને શ્રીલંકા (1996) માં વિશ્વ ચેમ્પિયન બન્યું છે. ક્રિકેટ જગતમાં લાંબા સમયથી પ્રભુત્વસભર દેખાવ કરનારા સાઉથ આફ્રિકા, ન્યૂઝીલેન્ડ અને બાંગ્લાદેશ હજુ પણ વર્લ્ડ ટાઈટલથી વંચિત છે.

# 2016માં શિકાગો ક્લબ, ક્લીવલેન્ડ ઈન્ડિયન્સની ફાઈનલ મેચની એક ટિકિટ 9 કરોડને પાર વેચાઈ હતી!



■ ક્રિકેટ નહીં મેઝર લીગ બેઝબોલની ટિકિટ સૌથી વધુ મોંઘી વેચાઈ હતી

ગુજરાત | વંદન

વર્લ્ડકપ 2023નો પ્રારંભ થઈ ગયો છે. ભારતની યજમાનીમાં વિશ્વભરના દેશોની મુખ્ય ટીમો એકબીજા સામે ટકરાશે. ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાનારી મેચને લઈને લોકોમાં ઘણો ક્રેઝ જોવા મળે છે. ભારત પાકિસ્તાનની મેચની ટીકિટો પણ એડવાન્સમાં તાત્કાલિક વેચાઈ ગઈ હતી. ભારત પાકિસ્તાન વચ્ચેની મેચની ટિકિટ 50 લાખ રૂપિયા સુધી વેચાઈ હોવાના સમાચાર છે. હવે જો તમને આ ટિકિટો મોંઘી લાગતી હોય તો સૌથી પહેલા જાણી લો કે દુનિયાની ઘણી એવી રમતો છે જેની ટિકિટની કિંમત લાખોમાં નહીં પણ કરોડોમાં છે.

સોશિયલ મીડિયા પર એક સ્પોર્ટ્સ વેબસાઈટ પર જાણવા મળ્યું કે મેજર લીગ બેઝબોલ (એમએલબી) ટિકિટ સૌથી મોંઘી વેચાઈ હતી. 2016માં જ્યારે શિકાગો ક્લબ અને ક્લીવલેન્ડ ઈન્ડિયન્સ વચ્ચે ફાઈનલ રમાઈ હતી, ત્યારે કેટલીક VVIP ટિકિટોની કિંમત 1.17 મિલિયન સુધી પહોંચી ગઈ હતી. જો ભારતીય રૂપિયામાં જોઈએ તો આ ટિકિટ 9 કરોડથી વધુ રૂપિયામાં વેચાઈ હતી.

બાસ્કેટબોલ પણ વિશ્વની તે રમતોમાંથી એક છે જેને જોવા માટે લોકો ગમે તેટલી કિંમત ચૂકવવા તૈયાર હોય છે. વર્ષ 2017માં ક્લીવલેન્ડ કેવેલિયર્સનો ફાઈનલમાં ગોલ્ડન સ્ટેટ વોરિયર્સ સામે મુકાબલો થયો હતો. બંને ટીમો ખૂબ પ્રખ્યાત અને પાવરફૂલ હતી. બંનેને એકબીજાની મોટી હરીફ માનવામાં આવતી હતી. એટલા માટે લોકોએ આ મેચની ટિકિટ માટે 194,232 ડોલર સુધી પૈસા ચૂકવ્યા હતા. અર્થાત 1 કરોડ 60 લાખ રૂપિયા સુધીની ટિકિટો વેચાઈ હતી.વર્ષ 2013માં NFL ચેમ્પિયનશિપની ફાઈનલમાં બાલ્ટીમોર રેવેન્સની ફ્રાન્સિસ્કો સાથે મેચ હતી. આ હાઈવોલ્ટેજ મેચની ટિકિટ 1,75,560 ડોલરમાં વેચાઈ હતી. એટલે કે 1 કરોડ 40 લાખ રૂપિયા સુધીની ટિકિટ વેચાઈ હતી.

# અમદાવાદમાં ક્રિકેટના કારણે વર્ષો બાદ ભારત-પાકિસ્તાનના બે પરિવારોનું મિલન થશે

■ પાકિસ્તાનના ક્રિકેટરની બે વર્ષની પુત્રી પહેલીવાર નાનાજીને મળશે



ગુજરાત | વંદન

ભારત-પાકિસ્તાન વચ્ચે 14મી ઓક્ટોબરે વર્લ્ડકપનો ગ્રૂપ સ્ટેજનો મુકાબલો ખેલાશે. ક્રિકેટનો આ મુકાબલો ભારત અને પાકિસ્તાનમાં રહેતા બે પરિવારોની મુલાકાતનું કારણ બની રહેશે. જેમાં સૌથી વિશેષ બાબત એ છે કે, પાકિસ્તાનના ક્રિકેટરની બે વર્ષની પુત્રી પહેલીવાર તેના 63 વર્ષીય ભારતીય નાનાજીને મળશે. લિયાકત ખાન અને તેનો પરિવાર ભારે આતુરતાથી 14મી ઓક્ટોબરનો ઈંતજાર કરી રહ્યો છે.

હરિયાણાના નુહ જિલ્લાના ચંદેની ગામમાં રહેતા નિવૃત્ત બ્લોક વિકાસ અધિકારી લિયાકત ખાનની પુત્રી સામિયાએ પાકિસ્તાનના ફાસ્ટ બોલર હસન અલી સાથે વર્ષ 2019માં દુબઈમાં લગ્ન કર્યા હતા. લગ્ન પછી સામિયા ચાર વર્ષ દરમિયાન ક્યારેય ભારત આવી શકી નથી. લિયાકત ખાને કહ્યું કે, જ્યારે મારી દોહિત્રીનો જન્મ થવાનો હતો, ત્યારે વર્ષ 2021માં મારી પત્ની પાકિસ્તાન ગઈ હતી. હવે અમે ફરી વખત કદાચ અમદાવાદમાં મળી શકીએ તેવી આશા છે. હું મારી દોહિત્રીને પહેલીવાર જોવા માટે ઉત્સુક છું.

નોંધપાત્ર છે કે, ભારે અનિશ્ચિતતા બાદ લિયાકત ખાનના પરિવારને ઘરઆંગણે તેમની પુત્રી અને દોહિત્રી સાથેની મુલાકાતની તક સાંપડી છે. કારણ કે હસન અલીને તો પાકિસ્તાને વર્લ્ડકપની ટીમમાં સામેલ કર્યો જ ન હતો. જોકે અચાનક જ નસીમ શાહ ઈજાગ્રસ્ત બન્યો અને હસન અલીનું નસીબ ચમકી ગયું અને તેને પાકિસ્તાનની ટીમમાં તક મળી હતી.

# મહેરબાની કરીને ટિકિટો ના માંગતા, ઘરે બેસીને જ મેચની મજા માળજો

■ વિરાટ કોહલીએ તેના મિત્રો-ફેન્સને એક ખાસ રિક્વેસ્ટ કરી

ગુજરાત | વંદન

વનડે વર્લ્ડ કપ 2023ની યજમાની એકલા કરી રહ્યું છે. કુલ 10 ટીમો આ વર્લ્ડ કપમાં ભાગ લઈ રહી છે. ક્રિકેટ ચાહકોની નજર 14 ઓક્ટોબરના રોજ ભારત-પાકિસ્તાન વચ્ચે રમાનાર મેચ પર રહેશે. આ દરમિયાન ભારતીય ટીમના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ તેના મિત્રો અને ફેન્સને એક ખાસ રિક્વેસ્ટ કરી છે. વિરાટે તેના પાસેથી મેચની ટિકિટ ન માંગવા બાબતે વિનંતી કરી છે.

વિરાટ કોહલીએ ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી શેર કરતા લખ્યું, 'જેમ-જેમ વર્લ્ડ કપ નજીક આવી રહ્યો છે,



હું મારા તમામ મિત્રોને વિનંતી કરું છું કે તે સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન મારા પાસે ટિકિટ બિલકુલ માંગે નહીં. મહેરબાની કરીને પોતાના ઘરેથી જ મેચની આનંદ માણજો.'

અનુષ્કા શર્માએ પણ આ પોસ્ટ પર પ્રતિક્રિયા આપી હતી. અનુષ્કા શર્માએ પણ ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી શેર કરતા લખ્યું, 'હું પણ આમાં એક વાત ઉમેરવા માંગુ છું. કૃપયા કરીને મને પણ આ બાબતે મદદ માટે કહેતા નહીં. જો આવું કરશો હું મેસેજ વાંચીશ નહીં. અમને સમજવા બદલ તમારો ખુબ ખુબ આભાર.'

# ન્યૂઝીલેન્ડ માટે વનડે વર્લ્ડકપમાં રચિન રવિન્દ્ર સૌથી ઝડપી સદી ફટકારનાર ખેલાડી બન્યો

ગુજરાત | વંદન



ન્યૂઝીલેન્ડ તરફથી વર્લ્ડ કપમાં પ્રથમ મેચ રમી રહેલા રચિન રવિન્દ્રએ ઈંગ્લેન્ડ સામે વર્લ્ડ કપ 2023ની પહેલી જ મેચમાં ઓલરાન્ડ પ્રદર્શન કરતા ઘણા રેકોર્ડ તોડ્યા છે. તેણે માત્ર બેટથી નહીં પણ બોલિંગમાં પણ શાનદાર પ્રદર્શન કરતા હેરી બ્રુકની મહત્વની વિકેટ ઝડપી હતી. આ સિવાય તે ન્યુઝીલેન્ડ માટે વનડે વર્લ્ડ કપમાં સૌથી ઝડપી સદી ફટકારનાર ખેલાડી બની ગયો છે તેણે 82 બોલમાં જ સદી ફટકારી હતી. રચિન કોહલી બાદ વર્લ્ડ કપમાં સૌથી યુવા વયે સદી ફટકારનાર ખેલાડી પણ બન્યો છે. રચિનની આંતરરાષ્ટ્રીય કારકિર્દીની પણ પ્રથમ સદી હતી.

રચિન રવિન્દ્રના પિતા રવિ કૃષ્ણમૂર્તિ સોફ્ટવેર એન્જિનિયર છે જે 90ના દાયકામાં ન્યુઝીલેન્ડ શિફ્ટ થયા હતા. રચિન રવિન્દ્રનો જન્મ 1999માં વેલિંગ્ટનમાં થયો હતો. રચિનના પિતા રવિને ક્રિકેટના મોટા પ્રશંસક છે અને સચિન તેંડુલકર અને રાહુલ દ્રવિડના ખુબ મોટા ફેન છે એટલે રચિનનો જન્મ થયો ત્યારે રવિએ તેનું નામ સચિન તેંડુલકર અને રાહુલ દ્રવિડના નામ પર રાખવાનું નક્કી કર્યું હતું અને તેમણે રાહુલના આર અને સચિનના ચિનને જોડીને નામ રાખવાનું નક્કી કર્યું હતું. આ રીતે 23 વર્ષીય ક્રિકેટરને રચિન નામ મળ્યુ હતું.

વર્લ્ડ કપ 2023ની શરૂઆત શાનદાર રહી છે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી પ્રથમ મેચમાં ન્યૂઝીલેન્ડે ડિફેન્ડિંગ ચેમ્પિયન ઈંગ્લેન્ડને નવ વિકેટે હરાવ્યું હતું. પ્રથમ બેટિંગ કરતા ઈંગ્લેન્ડે 50 ઓવરમાં નવ વિકેટ ગુમાવીને 282 રન બનાવ્યા હતા જેમાં જો રૂટે 77 રનની ઈનિંગ રમી હતી જેના જવાબમાં ન્યૂઝીલેન્ડની ટીમે 36.2 ઓવરમાં એક વિકેટ ગુમાવીને આ લક્ષ્ય હાંસલ કરી લીધું હતું. ડેવોન કોનવેએ 121 બોલમાં 19 ચોગ્ગા અને ત્રણ છગ્ગાની મદદથી અણનમ 152 રન અને રચિન રવિન્દ્રએ 96 બોલમાં 11 ચોગ્ગા અને પાંચ છગ્ગાની મદદથી 123 રન બનાવ્યા હતા. આ બંનેનો પ્રથમ વનડે વર્લ્ડ કપ છે અને બંનેએ આ ટુર્નામેન્ટમાં તેમની પ્રથમ મેચમાં જ જોરદાર પ્રદર્શન કર્યું છે.


# અમદાવાદમાં રમાનાર પાંચ વર્લ્ડકપની મેચને લઈને પોલીસે બહાર પાડ્યું જાહેરનામુ

ગુજરાત | વંદન

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પ્રથમ મેચ રમાઈ ચૂકી છે. ત્યારે બીજી મેચ 14 ઓક્ટોબરે ભારત અને પાકિસ્તાન વચ્ચે મહામુકાબલો ખેલાશે. આ સ્થિતિ વચ્ચે અગાઉની જેમ અમદાવાદ પોલીસ કમિશ્નરે બહાર પાડેલા જાહેરનામાનો અમલ થશે.

અમદાવાદ પોલીસ કમિશ્નર જી.એસ મલિક દ્વારા બહાર પાડેલા જાહેરનામાં જણાવ્યા પ્રમાણે જનપથ ટીથી મોટેરા સ્ટેડિયમ મુખ્ય ગેટ થઈ કૃપા રેસીડેન્સી ટી થઈ મોટેરા ટી સુધીનો જતો-આવતો માર્ગ વાહનોની અવર-જવર માટે બંધ રહેશે. અમદાવાદ શહેરમાં 'નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડીયમ" મોટેરા, સાબરમતી ખાતે ICC



જાહેરનામું

પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૪૧/૨૦૨૩, તા.૩/૧૦/૨૦૨૩

હું, જી.એસ.મલિક, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) ની સત્તા અન્વયે આગામી તા.૫/૧૦/૨૦૨૩, તા.૧૪/૧૦/૨૦૨૩, તા.૪/૧૧/૨૦૨૩,તા.૧૦/૧૧/૨૦૨૩ તથા તા.૧૯/૧૧/૨૦૨૩ ના રોજ ICC CRICKET WORLD CUP – 2023 ની કુલ ૫-મેચો 'નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડીયમ' મોટેરા, સાબરમતી,અમદાવાદ શહેર ખાતે રમાનાર છે. આ મેચ જોવા માટે આવનાર VVIP, મોટા પ્રમાણમાં અને મર્યાદીત સમયમાં વાહનો સાથે આવતા દર્શકો, ખેલાડીઓ અને સેલીબ્રીટીને જોવા માટે એકઠી થતી આમ જનતા વચ્ચે વાહનોની અવર-જવર અને ટ્રાફિક પ્રવાહ સરળતાથી પસાર થાય તેમજ માર્ગ અકસ્માતો બનતા નિવારવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ :-

અમદાવાદ શહેરમાં 'નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડીયમ' મોટેરા, સાબરમતી ખાતે ICC CRICKET WORLD CUP – 2023 ની કુલ ૫-મેચો રમાનાર હોય જે મેચો દરમિયાન નીચે જણાવેલ માર્ગ પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત/ડાયવર્ઝન કરવામાં આવે છે.

| અનં. | વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત/ ડાયવર્ઝન વાળો માર્ગ | વૈકલ્પિક માર્ગની વિગત |
| --- | --- | --- |
| ૧. | જનપથ ટી થી મોટેરા સ્ટેડીયમ મુખ્ય ગેટ થઈ કૃપા રેસીડેન્સી ટી થઈ મોટેરા ટી સુધીનો જતો-આવતો માર્ગ. | ૧. તપોવન સર્કલથી ઓ.એન.જી.સી. ચાર રસ્તાથી વિસત ટી થી જનપથ ટી થઈ પાવર હાઉસ ચાર રસ્તા થઈ પ્રબોધરાવળ સર્કલ સુધીના જતા-આવતા માર્ગ પરથી અવર-જવર કરી શકાશે. ૨. કૃપા રેસીડેન્સી ટી થઈ શરણ સ્ટેટસ ચાર રસ્તા થઈ ભાટ કોટેશ્વર રોડ થઈ એપોલો સર્કલ તરફ અવર-જવર કરી શકાશે. |

અપવાદ : સદર ક્રિકેટ મેચ સાથે સંકળાયેલ વાહનો, ફરજમાં રોકાયેલા સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો,આકસ્મિક સંજોગોમાં વાહન સાથે અવર-જવર કરનાર તથા આ વિસ્તારમાં વસવાટ કરતા રહીશોને આ જાહેરનામું લાગું પડશે નહી.

-: જાહેરનામાની અમલવારીની વિગત :-

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને નીચે મુજબ તારીખ સામે જણાવેલ સમયગાળા મુજબ કરવાનો રહેશે.

| અ.નં. | તારીખ | | સમયગાળો |
| --- | --- | --- | --- |
| ૧. | ૫/૧૦/૨૦૨૩ | » | સવાર કલાક ૧૧.૦૦ થી રાત્રી કલાક ૨૪.૦૦ સુધી. |
| ૨. | ૧૪/૧૦/૨૦૨૩ | » | સવાર કલાક ૧૧.૦૦ થી રાત્રી કલાક ૨૪.૦૦ સુધી. |
| ૩. | ૪/૧૧/૨૦૨૩ | » | સવાર કલાક ૧૧.૦૦ થી રાત્રી કલાક ૨૪.૦૦ સુધી. |
| ૪. | ૧૦/૧૧/૨૦૨૩ | » | સવાર કલાક ૧૧.૦૦ થી રાત્રી કલાક ૨૪.૦૦ સુધી. |
| ૫. | ૧૯/૧૧/૨૦૨૩ | » | સવાર કલાક ૧૧.૦૦ થી રાત્રી કલાક ૨૪.૦૦ સુધી. |

CRICKET WORLD CUP - 2023 ની કુલ 5 મેચો રમાનાર હોય જે મેચો દરમિયાન જણાવેલ માર્ગ પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત/ડાયવર્ઝન કરવામાં આવે છે. જોકે, ક્રિકેટ મેચ સાથે સંકળાયેલ વાહનો, ફરજમાં રોકાયેલા સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો, આકસ્મિક સંજાગોમાં વાહન સાથે અવર-જવર કરનાર તથા આ વિસ્તારમાં વસવાટ કરતા રહીશોને આ જાહેરનામું લાગું પડશે નહીં.

વર્લ્ડ કપ ક્રિકેટ મેચના દિવસે મેટ્રો ટ્રેન સેવાઓ સવારના 6:20 કલાકથી રાત્રિના 1:00 કલાક સુધી ચાલુ રહેશે. રાત્રે 10:00 વાગ્યાથી તમામ મેટ્રો સ્ટેશનો પર માત્ર નિકાસ દ્વાર જ ખોલવામાં આવશે. મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન અને સાબરમતી મેટ્રો સ્ટેશન પર પ્રવેશ દ્વાર ઉલ્લેખિત તારીખે રાત્રિના 01:00 કલાકે છેલ્લી ટ્રેન સેવાનાં પ્રસ્થાન સુધી ખોલવામાં આવશે.

અમદાવાદમાં વર્લ્ડ કપની મેચો દરમિયાન વાહન પાર્કિંગ ચાર્જમાં પણ વધારો કરવામાં આવ્યો છે. ખાનગી પાર્કિંગ ચાર્જમાં 50 રૂપિયાનો વધારો કરાયો છે. વાહન પાર્કિંગ માટે લોકોએ ટુ-વ્હીલર માટે રૂપિયા 100 અને ફોર-વ્હીલર માટે રૂપિયા 250 ચાર્જ આપવાનો રહેશે. પાર્કિંગ માટે એડવાન્સ બુકિંગ પણ શરૂ થઈ ચૂક્યું છે. વાહનચાલકો Show My Parking નામની એપ્લિકેશન મારફતે ઓનલાઈન પાર્કિંગ બુક કરાવી શકે છે. અગાઉ ખાનગી પાર્કિંગ પ્લોટમાં પાર્કિંગ ચાર્જ ટુ વ્હીલરના 50 રૂપિયા અને કારના 200 રૂપિયા વસૂલાતા હતા.

# અયોધ્યામાં રામ મંદિરનું ઉદઘાટન ભવ્યાતિભવ્ય હશે : પૂ.ગોવિંદ દેવગિરિ મહારાજ

ગુજરાત | વંદન

નોર્થ અમેરિકાનું સૌથી વિશાળ અને વિશ્વનું બીજા નંબરનું સૌથી મોટું હિન્દુ મંદિર 'અક્ષરધામ'નું નિર્માણ કાર્ય પૂર્ણ થયું છે અને હવે ઉદઘાટન સમારોહ ચાલી રહ્યો છે. દ્વિતીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવથી અલૌકિક વાતાવરણ છવાયું હતું. ત્યારબાદ સાંજે આંતરરાષ્ટ્રીય હાર્મની દિવસ નિમિતે અનેક ધર્મના વડાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ત્યારે ઉલ્લેખનીય છે કે, ભારત થી ખાસ પધારેલ અયોધ્યામાં પ્રભુ શ્રી રામ મંદિર ટ્રસ્ટના કોષાધ્યક્ષ સ્વામી ગોવિંદ દેવ ગિરિ મહારાજ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમના હસ્તે અક્ષરધામ મહામંદિરમાં આવેલ પ્રભુ શ્રી રામ, સીતા, તથા લક્ષ્મણ ની પ્રતિમાની મૂર્તિ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.



ત્યારબાદ 'સાંજ સમાચાર' ના યુવા એડિટર કરણભાઈ શાહ સાથે વિશેષ વાતચીત દરમ્યાન તેઓએ જણાવ્યું કે, આગામી જાન્યુઆરીમાં ભવ્યાતિભવ્ય રીતે રામ મંદિરનાં ઉદઘાટન સમારોહ યોજાશે. તેના માટે આગામી 7 તથા 8 ઓકટોબરના રોજ રામ મંદિર ટ્રસ્ટ બેઠક યોજાશે જેમાં આખરી તૈયારીઓ અંગે ચર્ચા થશે.

બાપ્સ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા નિર્મિત અક્ષરધામ મંદિર વિશે તેઓએ જણાવ્યું કે ભારત વર્ષની સંસ્કૃતિ અને સનાતન ધર્મ વિશે કોઈને ટુંક સમયમાં જાણવું હોય તો હું તેમને અહી અક્ષરધામ આવવાં માટે કહીશ. અક્ષરધામના તમામ સ્તંભમાં સનાતન ધર્મની ઝાંખી જોવા મળે છે.

વધુમાં તેઓએ જણાવ્યું કે, રામ મંદિર સર્વોપરી છે પરંતુ મંદિરની સુંદરતા વધારવા માટે અહીંથી જરૂર થી પ્રેરણા મેળવવા જેવું છે. બાપ્સ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા તૈયાર થયેલ મંદિર અન્ય અનેક સંપ્રદાય માટે પ્રેરણા આપે તેવું છે. બાપ્સ સ્વામી. સંસ્થા તેમને સનાતનનો અંશ માને છે. રામ મંદિરનું ઉદઘાટન પણ આ જ રીતે ભવ્ય બની રહેશે.

## ઉજ્જૈન જતા શ્રદ્ધાળુઓ માટે સારા સમાચાર

# સુરંગથી પહોંચી શકાશે મંદિર સુધી, રોજ 8 લાખ લોકો કરી શકશે દર્શન

ગુજરાત | વંદન



ઉજ્જૈનમાં મહાકાલના દર્શન માટે શ્રદ્ધાળુઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. તેના કારણે મહાકાલ મંદિરના વહીવટી તંત્ર સામે રોજ નવા પડકારો આવી રહ્યા છે. હવે આ પડકારોનો સામનો કરવા માટે મહાકાલેશ્વર મંદિર પરિસરમાં ખાસ સુરંગ બનાવવામાં આવી રહી છે. આ સુરંગ દ્વારા દરરોજ લગભગ 8 લાખ શ્રદ્ધાળુઓ ભગવાન શિવના 12 જ્યોતિર્લિંગોમાં સામેલ મહાકાલેશ્વર મંદિરમાં સરળતાથી દર્શન કરી શકશે. શ્રી મહાકાલ મહાલોક કોરિડોરના લોકાર્પણ બાદ શ્રદ્ધાળુઓની સંખ્યા સતત વધી રહી છે.

ઉજ્જૈનના જિલ્લા મેજિસ્ટ્રેટ કુમાર પુરુષૌત્તમે જણાવ્યું કે, હાલમાં મહાકાલેશ્વર મંદિરમાં દરરોજ બે લાખ શ્રદ્ધાળુઓ સરળતાથી દર્શન કરી શકે છે. જોકે, ઉત્સવ-તહેવારો દરમિયાન શ્રદ્ધાળુઓની દૈનિક સંખ્યા જ્યારે 3 લાખની આસપાસ પહોંચી જાય છે ત્યારે અમારા માટે ભીડને નિયંત્રિત કરવું મુશ્કેલ બની જાય છે. તેથી આ સ્થિતિને ધ્યાનમાં રાખીને શ્રદ્ધાળુઓની સુવિધા માટે મહાકાલેશ્વર મંદિરમાં ખાસ સુરંગ બનાવવામાં આવી રહી છે. પુરુષૌત્તમના જણાવ્યા પ્રમાણે આ સુરંગના નિર્માણ બાદ દરરોજ લગભગ 8 લાખ શ્રદ્ધાળુઓ મહાકાલેશ્વર મંદિરમાં સરળતાથી દર્શન કરી શકશે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ 5 ઓક્ટોબરના રોજ શ્રી મહાકાલ મહાલોક કોરિડોર ના બીજા તબક્કા હેઠળ 242.35 કરોડ રૂપિયાના ખર્ચે કરવામાં આવેલા કામોનું લોકાર્પણ કરવામાં આવશે. તેમણે કહ્યું કે, તેમાં નીલકંઠ વિસ્તાર, શક્તિપથ, અન્ન ક્ષેત્ર, મહારાજવાડા સંકુલ અને છોટા રુદ્રસાગરના વિકાસ કાર્યો સામેલ છે.

જેને અંતિમ રૂપ આપવામાં આવી રહ્યું છે. અધિકારીઓના જણાવ્યા પ્રમાણે કોરિડોર પ્રોજેક્ટના બીજા તબક્કા હેઠળ મહાકાલેશ્વર મંદિર પરિસરમાં એક વિશેષ સ્થળ પણ વિકસાવવામાં આવી રહ્યું છે જ્યાં હજારો ભક્તો આ મંદિરના શિખરનાં દર્શન કરી શકશે.

મહાકાલેશ્વર મંદિર સમિતિના સંચાલક સંદીપ કુમાર સોનીએ જણાવ્યું કે, કોરિડોર પરિયોજના હેઠળ આ ધાર્મિક પરિસરમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી લેસ લગભગ 700 કેમેરા લગાવવામાં આવ્યા છે.

તેમણે જણાવ્યું કે, આ કેમેરા આ કેમેરા અત્યાધુનિક નિયંત્રણ રૂમ સાથે જોડાયેલા છે જેના દ્વારા મહાકાલેશ્વર મંદિર અને મહાકાલ મહાલોકનું સતત મોનિટરિંગ અને ભીડ વ્યવસ્થાપન કરવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શ્રી મહાકાલ મહાલોક કોરિડોરના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટના પ્રથમ તબક્કાનું 11 ઓક્ટોબર 2022ના રોજ ઉદ્ઘાટન કર્યું હતું.

## ભાજપ NCP નેતા અજિત પવારની માંગ સામે ઝૂકી ગયું!

# કેબિનેટ મંત્રીને હટાવી ડે.CM પવારને પુણે જિલ્લાના પ્રભારી મંત્રી બનાવ્યા

ગુજરાત | વંદન


મહારાષ્ટ્રમાં ભાજપે પોતાના જ કેબિનેટ મંત્રીને હટાવી નાયબ મુખ્યમંત્રી અજિત પવારને પુણે જિલ્લાના પ્રભારી મંત્રી બનાવ્યા છે.



તમને જણાવી દઈએ કે, પવાર સત્તા શેરિંગ ફોર્મ્યુલાને લાગુ કરવામાં વિલંબને લઈને સીએમ શિંદે અને ડેપ્યુટી સીએમ ફડણવીસ સામે નારાજગી વ્યક્ત કરી હતી. તેના એક દિવસ પછી મહારાષ્ટ્ર સરકારે 12 જિલ્લાઓ માટે નવા મંત્રીઓની જાહેરાત કરી છે.

ડેપ્યુટી સીએમ અજિત પવાર કોઈ કારણોસર કેબિનેટની બેઠકમાં હાજર રહ્યા ન હતા. જેના પગલે રાજકીય વર્તુળોમાં પવાર નાખુશ હોવાની અટકળો વહેતી થઈ હતી. કેબિનેટની બેઠકમાં હાજર રહ્યા ન હતા. આ પછી શિંદે અને ફડણવીસ બંને મંગળવારે દિલ્હી ગયા અને આ મામલે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની સલાહ લીધી હતી એવું માનવામાં આવે છે. ભાજપ અજિત પવારની માંગ સામે ઝૂકી ગયું અને શિંદેએ ઈચ્છિત જિલ્લાની કમાન પવારને સોંપી છે. મુખ્યમંત્રી કાર્યાલય તરફથી બહાર પડાયેલ 12 જિલ્લાના પ્રભારી મંત્રીઓની યાદી મુજબ NCP મંત્રી દિલીપ વલ્સે પાટિલને બુલઢાણા જિલ્લાના, હસન મુશ્રીફને કોલ્યાપુર જિલ્લાના તેમજ ધનંજય મુંડેને બીડ જિલ્લાના પ્રભારી મંત્રી બનાવાયા છે.

# ભાજપે રાહુલ ગાંધીની સરખામણી 'રાવણ' સાથે કરી: પોષ્ટર બનાવ્યું




ભાજપે સોશ્યલ મીડીયા પર એક પોષ્ટર મુકીને કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીની સરખામણી 'રાવણ' સાથે કરી હતી તથા નવા જમાનાના રાવણ ગણાવ્યા હતા. ભાજપના આ પોષ્ટરમાં રાહુલ ગાંધીના 7 માથા દર્શાવાયા છે અને તેમાં 'ભારત ખતરે મે હૈ' તેવું લખીને નીચે 'રાવણ' લખ્યું છે અને તેમાં એ કોંગ્રેસ પાર્ટી પ્રોડકશન-ડાયરેકટેડ બાય જ્યોર્જ ઓશેસ લખ્યું હતું.

## લોકસભા સચિવાલયે જાહેર કર્યું નોટિફિકેશન

# લક્ષદ્વીપના સાંસદ મોહમ્મદ ફૈઝલનું સાંસદ પદ ફરી રદ

ગુજરાત | વંદન

એનસીપી નેતા અને લક્ષદ્વીપના સાંસદ મોહમ્મદ ફૈઝલને મોટો આંચકો લાગ્યો છે. બીજી વખત સાંસદ પદેથી અયોગ્ય જાહેર કરી દેવાતા તેમનું લોકસભા સભ્યપદ રદ થઈ ગયું છે. કેરળ હાઈકોર્ટે હત્યાના પ્રયાસ મામલે સાંસદ મોહમ્મદ ફૈઝલની સજાને સસ્પેન્ડ કરવાની માગ કરતી અરજી ફગાવી દીધી હતી. લોકસભા સચિવાલયે નોટિફિકેશન જાહેર કરી તેમનું સભ્યપદ ફરી રદ કરી દીધું.



લોકસભા સચિવાલય તરફથી જારી કરાયેલા એક બુલેટિન અનુસાર કેરળ હાઈકોર્ટના 3 ઓક્ટોબર 2023ના આદેશને ધ્યાનમાં રાખી કેન્દ્રશાસિત પ્રદેશ લક્ષદ્વીપના લક્ષદ્વીપ સંસદીય ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરનારા લોકસભા સભ્ય મોહમ્મદ ફૈઝલ પી.પી.ને તેમની સજાની તારીખ એટલે કે 11 જાન્યુઆરી, 2023ના લોકસભા સભ્યપદથી અયોગ્ય જાહેર કરાયા.

સભ્યપદ અગાઉ પણ રદ કરાયું હતું. મોહમ્મદ ફૈઝલને અગાઉ 25 જાન્યુઆરીએ અયોગ્ય જાહેર કરાયા હતા. કાવારત્તીની એક સેશન કોર્ટે ફૈઝલ અને 3 અન્ય વ્યક્તિઓને પી સલીહ નામના વ્યક્તિની હત્યાના પ્રયાસમાં દોષિત ઠેરવ્યા હતા.

## ચૂંટણી પહેલા મામાની સરકારનો માસ્ટરસ્ટ્રોક

# મધ્યપ્રદેશમાં મહિલાઓને સરકારી નોકરીઓમાં 35% અનામત મળશે

ગુજરાત | વંદન


મધ્યપ્રદેશની શિવરાજ સિંહ ચૌહાણ સરકારે મહિલાઓને લઈને વધુ એક મોટો નિર્ણય લીધો છે. મધ્યપ્રદેશમાં મહિલાઓ માટે 35% સરકારી નોકરીઓમાં અનામત આપવામાં આવશે. શિવરાજની જાહેરાત બાદ સામાન્ય વહીવટ વિભાગે એક નોટિફિકેશન બહાર પાડ્યું છે. આ નિર્ણય બાદ હવે મહિલાઓને સીધી ભરતીમાં 35 ટકા અનામત મળશે.



મધ્યપ્રદેશ સિવિલ સર્વિસીસ મહિલાઓની નિમણૂક માટે વિશેષ જોગવાઈઓના નિયમ 1997માં સુધારો કરવામાં આવ્યો છે. વન વિભાગ સિવાયના તમામ વિભાગોમાં 35% અનામતની ફોર્મ્યુલા લાગુ કરવામાં આવશે. મહિલાઓને સશક્ત અને આત્મનિર્ભર બનાવવાની દિશામાં મધ્ય પ્રદેશ સરકારનું વધુ એક મોટું પગલું માનવામાં આવી રહ્યું છે. મુખ્યમંત્રીના આદેશ બાદ સરકારી નોકરીઓમાં મહિલાઓ માટે ક્વોટા નક્કી કરવામાં આવ્યો છે.

આ પહેલા પણ સીએમ શિવરાજ સિંહ ચૌહાણ મહિલાઓ માટે અનેક મહત્વની જાહેરાત કરી ચુક્યા છે. લાડલી બહેના યોજના હેઠળ સરકાર મહિલાઓના ખાતામાં 1500 રૂપિયા આપે છે. શિવરાજ સિંહ ચૌહાણે પહેલા જ કહ્યું છે કે આ રકમ ભવિષ્યમાં વધારવામાં આવશે અને તે દર મહિને 3000 રૂપિયા સુધીની થઈ શકે છે. તેમણે કહ્યું કે આ યોજના હેઠળના નાણાં તબક્કાવાર વધારવામાં આવશે.

મધ્યપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીને હવે ત્રણ મહિનાથી પણ ઓછો સમય બાકી છે. રાજ્યની ભાજપ સરકાર મહિલાઓ માટે વિવિધ જાહેરાતો કરી રહી છે ત્યારે કોંગ્રેસ પણ તેના ઢંઢેરામાં મહિલાઓને મહત્ત્વનું સ્થાન આપી રહી છે.



# સતલજ-યમુના-લિંક પંજાબ એક પણ ટીપું વધારાનું પાણી અન્ય રાજ્યને નહી આપે

ગુજરાત | વંદન

સર્વોચ્ચ અદાલતે બુધવારે સતલજ-યમુના-લિંક (એસ.વાય. એલ.) માટે પંજાબમાં તેની કેનાલ માટેની જમીનની મોજણી શરૂ કરવા જણાવ્યું હતું, અને તે માટે પંજાબ સરકારને સહકાર આપવા આદેશ આપ્યો હતો. તે પછી બીજા જ દીવસે ગુરૂવારે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને કહ્યું હતું કે, અન્ય રાજ્યને આપવા માટે પંજાબ પાસે એક ટીપું પણ પાણી નથી. આજે મુખ્યમંત્રીએ બોલાવેલ કેબિનેટની ખાસ બેઠકમાં તે આપના નેતાએ હુંકાર સાથે જણાવ્યું હતું કે, આપણે અત્યારે અન્ય રાજ્યોને આપીએ છીએ, તેથી વધારે એક ટીપું પણ પાણી આપવાના નથી.

તે સર્વ-વિદિત છે કે સતલજ યમુના લિંક માટે, સર્વોચ્ચ અદાલતમાં ચાલી રહેલા કેસમાં બુધવારે ચુકાદો આવતાં સર્વોચ્ચ અદાલતે, કેન્દ્ર સરકારને તે કેનાલ માટેની ભૂમિની મોજણી તત્કાલ હાથ ધરવા જણાવ્યું હતું, જ્યારે પંજાબ સરકારને તે માટે સંપૂર્ણ સહકાર આપવા આદેશ આપ્યો હતો.

આજની કેબિનેટ-મીટીંગમાં કોઈ એજન્ડા નિશ્ચિત કરાયો ન હતો, તેમાં એસ.વાય.એલ. અંગે જ ચર્ચા કરવાની હતી. સાથે વિનોદ ધાઈએ રાજ્યના એડવોકેટ જનરલ તરીકે રાજીનામું આપ્યા પછી. તેમના સ્થાને ગુરમિંદ સિંઘને નવા એ.જી. તરીકે નિયુક્ત કરવાની એપ્રુવલ આપવાની કહી.

તેવું પણ કહેવાય છે કે પંજાબમાં પંચાયત ચૂંટણીઓમાં ફીયાસ્કો થયા પછી વિનોદ ધાઈએ રાજીનામું આપ્યું હતું.

બીજી તરફ બુધવારે સુપ્રીમ કોર્ટમાં કેસ હારી જવા માટે વિપક્ષો, કોંગ્રેસ અને અકાળ દળે, આપ સરકાર ઉપર માછલાં ધોવાં શરૂ કર્યાં છે. ખાસ કરીને મુખ્યમંત્રી માનને ઘેર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, એસ.વાય. એલ. માટે હસ્તગત કારાયેલી ૫,૩૭૬ એકર પૈકી ૪,૬૨૭ એકર ભૂમિનો માલિકી હક્ક તથા બે માર્ચાના હક્કો ૨૦૧૬ના નવેમ્બરમાં જ ડી-નોટીફાઈડ કરાયા હતા. તેમાં રેવન્યુ અધિકારીઓને સર્વે કરવા તથા રેવન્યુ એસ્ટેટ નિશ્ચિત કરવાના અધિકારો અપાયા હતા તથા મુખ્ય કેનાલમાંથી માઈગ્રેટ, કેનાલ્સ, રોવર મોહાલિ, પતિયાલા, હમેદગઢ સહીતને સિંચાઈ માટે પાણી આપવાનું હતું. તે પૂર્વે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, ધી પંજાબ ટર્મીનેશન ઓફ વોટર એગ્રીમેન્ટસ એક્ટ ૨૦૦૪ ગેરકાયદે છે. તેથી પંજાબ સરકારને પાણી આપવું પડયુ હતું.

# ડોમિનોઝ પીઝાહટ સહિતની પીઝા ચેઈન સામે નાની બ્રાન્ડની સ્પર્ધા

■ ટોસીન, ગોપીઝ, પીઝેરીયા, મોજો પીઝા ઓવન સ્ટોરીએ જબરુ બજાર કબ્જે કર્યું

ગુજરાત | વંદન

ભારતીયો ફાસ્ટફુડના દિવાના બની ગયા છે અને તેમાં ઈટાલીયન પીઝા સૌથી ફેવરીટ આઈટમ છે પણ એક તરફ પીઝાહટ-મેકડોનાલ્ડ-ડોમીનોઝ સહિતની વૈશ્વીક કંપનીઓના પીઝા આઉટલેટ છે તો બીજી તરફ હવે નાની બ્રાન્ડ તથા લોકલ બ્રાન્ડના પીઝા પણ ખૂબજ લોકપ્રિય બનતા બ્રાન્ડેડ કંપનીઓને લાર્જ પીઝા સહિતની તેની પીઝા કેટેગરીના ભાવ ઘટાડવાની ફરજ પડી છે. દેશમાં એક તરફ લોકલ બ્રાન્ડના પીઝા આઉટલેટ મળવા લાગ્યા છે



તો બીજી તરફ નાની વૈશ્વીક બ્રાન્ડ ટોસીન, સાઉથ કોરીયાની ગો પીઝા, લીઓની પીઝેરીયા, મોજો પીઝા, ઓવન સ્ટોરી અને લા પીનો'ઝ પણ જબરુ માર્કેટ મેળવી રહી છે. અમેરિકી પીઝા- ચેઈન દ્વારા ભારતની પીઝા માર્કેટ પર જબરુ વર્ચસ્વ જમાવવામાં આવ્યું હતું પણ હવે નાની બ્રાન્ડ તેમને જબરો પડકાર આપી રહી છે અને તેથી આ બ્રાન્ડેડ કંપનીઓ તેના પીઝાના ભાવ ઘટાડવા પડયા છે. પીઝા ચેઈન દ્વારા તેના વેજીટેરીયન લાર્જ પીઝાના ભાવ રૂા.799માંથી ઘટાડીને રૂા.499 કર્યા છે

તો નોન વેજ પીઝાના ભાવ રૂા.919માંથી 549 કર્યા છે. ડોમીનોઝ બ્રાન્ડની પેરન્ટ કંપની જયુબીલીઅન્ટ ફાસ્ટફુડ જે દેશમાં 1800 આઉટલેટ ધરાવે છે.

## વૈજ્ઞાનિકોને સાઈબિરીયામાં પરમાફ્રોસ્ટની શોધખોળ કરતી વખતે એક અદભૂત કીડો મળ્યો...

# ઉમર માત્ર 46 હજાર વર્ષ....! યસ, તેની ઉમર છે માત્ર 46 હજાર વર્ષ...!

ગુજરાત | વંદન


એ પૃથ્વીનો એક એવો વિસ્તાર છે જ્યાં એક સમયે ભૂપ્રદેશ દેખાતો હતો, પરંતુ સમય જતાં તે સ્થિર થઈ ગયો છે અને બરફની નીચે દટાઈ ગયો છે. અને તેનુ નામ છે-પરમાફ્રોસ્ટ'.આવી ઘણી પર્વતમાળાઓ ઉત્તર અને દક્ષિણ ધ્રુવ પર થીજી ગઈ છે. એમાં શું અને કેટલા સરપ્રાઈઝ છુપાયેલા હશે એનો માનવીને પણ ખ્યાલ નથી.

સંશોધનકરનારાઓ દુનિયાના આકાશથી લઈને પાતાળ સુધી કઈકને કંઈક શોધખોળ કરતા રહે છે. જેમ કે સ્પેસ સ્ટેશનમાં રખાયેલ ઉંદર જિવિત અવસ્થામાં પૃથ્વી પર પરત આવી શક્યો. આવા પ્રયોગો અને સંશોધનોમાં વૈજ્ઞાનિકોને સાઈબિરીયામાં પરમાફ્રોસ્ટની શોધખોળ કરતી વખતે એક કીડો કે જે માત્ર માઈક્રોસ્કોપ દ્વારા જ જોઈ શકાય છે તે મળી આવ્યો...!

એવો અંદાજ છે કે તે થીજી ગયેલા બરફની ઉંમર લગભગ 46 હજાર વર્ષ હોવી જોઈએ. તો 46 હજાર વર્ષ પહેલા ત્યાંની જમીન ખુલ્લી જ હશે, કદાચ ત્યાં પાણી હશે. તે પાણી થીજી ગયું અને આટલા વર્ષો સુધી તે સ્થિતિમાં રહ્યું. અને તેની સાથે કીડો પણ થીજી ગયો હશે. જે 46 હજાર વર્ષ પછી મળી આવ્યો અને કેવી અવસ્થામાં...?

વૈજ્ઞાનિકોએ માઈક્રોસ્કોપિક કૃમિને સામાન્ય વાતાવરણમાં રજૂ કર્યો અને આશ્ચર્યજનક રીતે, તે જીવંત હતો...! એટલે કે 46 હજાર વર્ષ પછી પણ તનામાં જીવ હતો...! . વૈજ્ઞાનિકો, જો કે, તે જીવિત હતા તે વિશે આશ્ચર્યજનક નહોતું. 'ક્રિપ્ટોબાયોસિસ' નામની એક સ્થિતિ છે, જેમાં આવા સૂક્ષ્મ જીવો હજારો વર્ષો સુધી અથવા તો અનિશ્ચિત સમઉમરય સુધી સ્થિર રહી શકે છે. આ સમયગાળા દરમિયાન ચયાપચય સંપૂર્ણપણે સ્થગિત થઇ જાય છે. શરીરની વૃદ્ધિ, શારીરિક બીમારી, પ્રજનન જેવી તમામ પ્રક્રિયાઓ 'સ્થિર' છે. કુદરતે જ આ સૂક્ષ્મ જીવોમાં આ ક્ષમતા ઊભી કરી છે કે તેઓ આત્યંતિક પરિસ્થિતિઓમાં પણ ટકી રહેવા માટે એક જગ્યાએ તેમના અસ્તિત્વને રોકે છે. તેણીના રંગસૂત્રોના અધ્યયનથી જાણવા મળ્યું કે તેણીએ અગાઉ શોધેલી જાતિનું પ્રતિનિધિત્વ કર્યું હતું.





માનવી એ કીડામાંથી એવુ શોધે છે કે વર્ષો સુધી મૂર્છિત અવસ્થામાં કઇ રીતે રહી શકાય...!

એને આ રીતે પણ સમજી શકાય . જેમ મોબાઈલ પર વેબ સિરીઝ જોતી વખતે કોઈ સીન 'પોઝ' થાય છે, ત્યારે પેલા સૂક્ષ્મ કીડાનું જીવન 'પોઝ' અને થીજી ગયું હતું અને 46 હજાર વર્ષ સુધી તે એવી સ્થિતિમાં રાહ જોતો હતો કે જાણે કોઈ તેને બચાવશે....

સાઈબેરીયન વૈજ્ઞાનિકોએ આખરે તે કર્યું. ભૂતકાળમાં, માઈક્રોસ્કોપિક લાર્વા મળી આવ્યા હતા જે 25-30 વર્ષથી સ્થિર સ્થિતિમાં 'ક્રિપ્ટોબાયોસિસ' જીવે છે. પરંતુ આ પહેલું જીવન છે જે હજારો વર્ષોથી નિષ્ક્રિય છે અને શોધાયું છે. વૈજ્ઞાનિકોનું માનવું છે કે 50,000 વર્ષ પહેલાં આવી જ કુદરતી આફતમાં આ પ્રજાતિ લુપ્ત થઈ ગઈ હશે. ઊંડા સમુદ્રમાં કે થીજી ગયેલા બરફમાં આવી લાખો પ્રજાતિઓ છે, જેમાંથી માત્ર પાંચ હજાર જેટલી પ્રજાતિઓ જ વૈજ્ઞાનિક રીતે નોંધી શક્યા છીએ.


આ માઈક્રોસ્કોપિક વોર્મ જીવતો હોવાનું સમજ્યા પછી, વૈજ્ઞાનિકોએ બીજો અદભૂત પ્રયોગ કર્યો. તે પ્રક્રિયાને 'પાર્થેનોજેનેસિસ' કહેવાય છે. અપૃષ્ઠવંશી પ્રાણીઓ એવા સજીવો છે કે જેમની પાસે કરોડરજ્જુ નથી, જાતીય પ્રક્રિયા કે જેમાં નર અને માદા એકબીજાના સંસર્ગમાં આવ્યાં વગર જ પ્રજનન કરે છે તેને 'પાર્થેનોજેનેસિસ' કહેવાય છે. વૈજ્ઞાનિકોએ આ કીડા પર આ પ્રયોગ અજમાવવાનું નક્કી કર્યું. વિજ્ઞાનનો ચમત્કાર એ છે કે 46,000 વર્ષ જીવવા માટે 'પોઝ' પર મૂકવામાં આવેલા આ માઈક્રોસ્કોપિક કીડાએ બાળકોને જન્મ આપ્યો. હજારો વર્ષો પછી તેણીને માત્ર જીવન જ નહીં પરંતુ માતૃત્વ પણ મળ્યું...!.

કેટલાક વૈજ્ઞાનિકોના મતે, '46 હજાર વર્ષ'નો સમયગાળો નક્કી કરવા માટે ઉપયોગમાં લેવાતા પરીક્ષણ, જે બરફની ઉંમર અને તેની સાથે જોડાયેલા ધૂળના કણોને નિર્ધારિત કરે છે, તે નિશ્ચિતપણે કહી શકાતું નથી કે તેમાં કીડો ફસાઈ ગયો હશે.

વૈજ્ઞાનિકો હવે આ માઈક્રોસ્કોપિક વોર્મ્સની વિરામ અને પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં ટકી રહેવાની ક્ષમતાનો અભ્યાસ કરી રહ્યા છે. આ ક્ષમતા બનાવવા માટે કયું રસાયણ ઉત્પન્ન થાય છે અથવા બીજી કઈ પ્રક્રિયા કરવામાં આવે છે તે જો આપણે શોધી કાઢીએ તો તે એક ક્રાંતિ હશે અને મનુષ્યો માટે પણ તે શક્ય બને.સંશોધન એવા થઇ રહ્યાં છે આ 46 હજાર વર્ષની ઉમર થનાર કીડા પરથી કે માણસ પણ આવી સ્થિતિમાં કેટલા વર્ષ સુધી રહી શકે. અને ખાસ કરીને મંગળ ગ્રહ સહિત દૂર દૂર સુધાની ગ્રહો પર જવા માટે મહિનાઓ લાગે એવા ગ્રહોની મુસાફરી વખતે અંતરિક્ષયાનમાં માનવી પેલા કિડાની જેમ મૂર્છિત અવસ્થામાં રહી શકે અને ગ્રહની નજીક પહેંચે ત્યારે મૂરિછિત અવસ્થામાંથી બહાર આવી શકે. આ પ્રકારની કલ્પનાઓને સાકાર કરવાનું કામ વૈજ્ઞાનિકોનું

(અનુસંધાન પેજ નં.6પર)

# શ્રિયા શરણઃ બોલિવુડમાં હવે મહિલા કલાકારો માટે વય અવરોધરૂપ નથી



શ્રિયા શરણ ગત સપ્ટેમ્બરે 40 વર્ષની થઈ અને વયને છુપાવવાના સ્થાને તેણે ખુલ્લા દિલથી તેના જીવનના આ નવા સીમાચિહ્નનો સ્વીકાર કર્યો. શ્રિયાના મતે બોલિવુડમાં હવે મહિલા કલાકારો માટે વય અવરોધરૂપ નથી. દાયકાઓ દરમ્યાન પોતાની ગતિશીલ કારકિર્દી દરમ્યાન શ્રિયાએ વય, માતૃત્વ અને કાજોલ તેમજ કરીના જેવી અભિનેત્રીઓ બાબતે પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા હતા.

શ્રિયા કહે છે કે મારા મનથી હું પોતાને ૪૦ વર્ષની નથી માનતી, પણ ૧૮ વર્ષની હોઉં એવી લાગણી થાય છે. મારામાં હજી યુવા જેવી ઊર્જા અને ધગશ છે. શ્રિયા દ્રઢપણે માને છે કે વય તો માત્ર એક આંકડો છે અને એક કલાકાર માટે તેની ગતિશીલતા અને ધગશ મહત્ત્વના છે.

શ્રિયા પોતાના આવા અભિગમ માટે કાજોલ અને કરીના કપૂર ખાન જેવા કલાકારોને પ્રેરણા સ્રોત માને છે, જેમણે અન્ય મહિલા કલાકારો માટે સીમારેખાઓને વિસ્તારી આપી. શ્રિયા કહે છે કે તેમણે અમારા જેવાં કલાકારો માટે માર્ગ મોકળો કરી નાખ્યો છે અને અમે તેમના પથને જ અનુસરી રહ્યા છીએ.

શ્રિયા માને છે કે કાજોલ સમાજની કોઈપણ માન્યતા પ્રત્યે ધ્યાન નહોતી આપતી. તે કારકિર્દીની ટોચે હતી ત્યારે તેની મરજી થઈ તો લગ્ન કરી લીધાં, બાળકોને જન્મ આપ્યો અને ફરી કામે લાગી. કરીનાએ પણ પોતાની તમામ ગર્ભાવસ્થા દરમ્યાન કામ કર્યું. જોકે શ્રિયા કબૂલ કરે છે કે તેનામાં ગર્ભાવસ્થા દરમ્યાન કામ કરવાની હિંમત નહોતી. કરીના અને કાજોલ પાસે અલગ સ્તરનો આત્મવિશ્વાસ હતો જેનો હું અત્યંત આદર કરું છું.

# સુપરસ્ટાર યશની ફિલ્મ ‘KGF 3’ 2025માં થશે રિલીઝ



યશ સ્ટારર કન્નડ બ્લોકબસ્ટર ફિલ્મ ‘KGF’નો ત્રીજો પાર્ટ ‘KGF-3’2025મા રિલીઝ થશે. પ્રોડક્શન હાઉસ ‘હોમ્બલ ફિલ્મ્સ’ દ્વારા આ જાણકારી આપવામાં આવી છે.

હોમ્બલેના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, ‘KGF 3’ની જાહેરાત 21 ડિસેમ્બરે ‘KGF’ ફિલ્મના પાંચ વર્ષ પૂર્ણ થવા પર કરવામાં આવશે. ચર્ચાનો પ્રથમ રાઉન્ડ KGF 3ના દિગ્દર્શક, નિર્માતા અને મુખ્ય અભિનેતા વચ્ચે થયો છે અને વાર્તા વિશે પણ ચર્ચા કરવામાં આવી છે. ફિલ્મ 2025માં રિલીઝ થશે.

KGF ફ્રેન્ચાઈઝી 2018મા લોન્ચ કરવામાં આવી હતી. આ પછી 2022મા ‘KGF 2’ પણ સફળ થઈ અને કન્નડ સિનેમાની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની હતી. 100 કરોડમાં બનેલી આ ફિલ્મે 1200 કરોડનું વર્લ્ડવાઈડ કલેક્શન કર્યું હતું. વિશ્વભરમાં ભારતની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મોમાં તે ચોથા નંબરે છે. જ્યારે ભારતની બીજી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ છે.

# અક્ષયે ‘સ્કાયફોર્સ’ 2024માં રીલીઝ કરવાની જાહેરાત કરી

અક્ષય કુમારે દેશભક્તિ આધારિત વધુ એક ફિલ્મ ‘સ્કાયફોર્સ’ આવતાં વર્ષે રીલીઝ કરવાની જાહેરાત કરી છે. આ ફિલ્મથી વીર પહાડિયા ડેબ્યૂ કરી રહ્યો છે. વીર અગાઉ સારા અલી ખાનનો બોયફ્રેન્ડ રહી ચૂક્યો છે.

વીર પહાડિયા મહારાષ્ટ્રના ભૂતપૂર્વ સીએમ સુશીલકુમાર શિંદેનો દૌહિત્ર છે. ભૂતકાળમાં તે અને સારા અલી ખાન ડેટિંગ કરી ચૂક્યાં છે. વાસ્તવમાં કરણ જોહરે પોતાના ચેટ શોમાં સારાને તથા જાહ્નવીને એવું પૂછ્યું હતું કે તમે બંને એક સમયે બે ભાઈઓને ડેટ કરતાં હતાં તે વાત સાચી છે કે શું ? ત્યારે સારાએ આ રિલેશનશિપની કબૂલાત કરી હતી. બાદમાં એવું પ્રગટ થયું હતું કે સારા વીર સાથે રિલેશનશિપમાં હતી તે જ સમયે જાહ્નવી શેખરને ડેટ કરી રહી હતી. બાદમાં સારા અને જાહ્નવી બંનેનાં બ્રેક અપ થયાં હતાં. જોકે, તે પછી શેખરનું જાહ્નવીની જિંદગીમાં પુનરાગમન થયું હતું અને હાલ જાહ્નવી અને શેખર અનેક વખત સાથે સાથે જોવા મળે છે.

અક્ષય તથા અન્ય નિર્માતાઓએ ‘સ્કાય ફોર્સ’ આવતાં વર્ષની ગાંધી જયંતીએ રીલીજ કરવાની જાહેરાત કરી તેમાં વીરને એક પ્રતિભાશાળી કલાકાર તરીકે ગણાવ્યો છે. અક્ષયની આ ફિલ્મ ૧૯૬૫નાં યુદ્ધમાં ભારતીય એરફોર્સના ફાઈટર પાઈલોટ્સનાં એક સફળ ઓપરેશન પર આધારિત હોવાનું કહેવાય છે.



# રવીનાની દીકરી રાશા સાઉથમાં રામચરણની હિરોઈન બનશે



બોલીવૂડમાં નેપોટિઝમના આક્ષેપો થતા રહે છે જોકે તેનાથી બોલીવૂડના સ્ટાર્સ તથા નિર્માતાઓને કોઈ ફરક પડતો નથી. વિતેલાં વર્ષોની અભિનેત્રી રવીના ટંડનની દીકરી રાશાની હજુ પહેલી ફિલ્મ રીલીઝ થાય તે પહેલાં જ તેને બીજી ફિલ્મ પણ મળી ગઈ છે. તે સાઉથની એક ફિલ્મમાં ‘આરઆરઆર’ના હીરો રામચરણની હિરોઈન બનવાની છે. રાશા અજય દેવગણના ભાણેજ



અમન દેવગણની ફિલ્મથી બોલીવૂડમાં ડેબ્યૂ કરી રહી છે. આ પ્રોજેક્ટ આગળ વધે તે પહેલાં તેને તેલુગુમાં રામચરણ સામે એક ફિલ્મ મળી છે. આ ફિલ્મને હાલ આરસી૧૬ એવું કામચલાઉ ટાઈટલ અપાયું છે. આ ફિલ્મ સ્પોર્ટ્સ આધારિત હોવાનું કહેવાય છે. ફિલ્મ વિશે આજકાલમાં સત્તાવાર જાહેરાત થાય તેવી સંભાવના છે. આ ફિલ્મના અન્ય કલાકારોમાં વિજય સેતુપતિનો પણ સમાવેશ થાય છે. રાશા આ ફિલ્મ માટે આગામી જાન્યુઆરી ૨૦૨૪થી શૂટિંગ શરુ કરી શકે છે તેવા અહેવાલો છે. રાશાના લૂક ટેસ્ટ તથા ઓડિશન હાલમાં જ થઈ ચૂક્યાં છે. હજુ એક પણ ફિલ્મ રીલીઝ થાય તે પહેલાં જ રાશા ઓલરેડી સોશિયલ મીડિયા સેન્સેશન બની ચૂકી છે. તેના ફોટા તથા વીડિયોને લાખો લાઈક્સ મળે છે. નજીકના ભવિષ્યમાં જ તે સુહાના ખાન તથા ખુશી કપૂર જેવી અન્ય સ્ટારકિડઝ સામે સ્પર્ધા કરતી જોવા મળી શકે છે.

# પ્રિયંકાને ‘જી લે જરા’ ફિલ્મની સ્ક્રિપ્ટ પસંદ ન પડતા ફિલ્મ અટકી પડી!



પ્રિયંકા ચોપરા, આલિયા ભટ્ટ તથા કેટરિના કૈફની ફિલ્મ ‘જી લે જરા’ આ ત્રણેય હિરોઈનોની તારીખોની સમસ્યાને કારણે અટકી પડી હોવાનું બહાનું અગાઉ સર્જક ફરહાન અખ્તરે ઉચ્ચાર્યું હતું. પરંતુ, હવે એવું બહાર આવ્યું છે કે વાસ્તવમાં પ્રિયંકાને આ ફિલ્મની સ્ક્રિપ્ટ જ પસંદ ન પડી હોવાથી ફિલ્મ અટકી પડી છે.

એક દાવા અનુસાર આ ફિલ્મ આશરે બે વર્ષથી પાઈપલાઈનમાં છે પરંતુ હવે જે રીતે તેનું ઓરિજનલ કાસ્ટિંગ છિન્નભિન્ન થઈ ચૂક્યું છે તે જોતાં બહુ નજીકના ભવિષ્યમાં આ પ્રોજેક્ટ આગળ વધશે કે કેમ તે નક્કી નથી. ફરહાનની બહેન ઝોયા અખ્તર એવો દાવો કરી ચૂકી છે કે આ પ્રોજેક્ટ અભેરાઈ પર ચઢાવી દેવાયો નથી પરંતુ તે તેના સમયે આગળ વધશે. બીજી તરફ ફરહાન એવું કહીને હાર કબૂલી ચૂક્યો છે કે દરેક ફિલ્મ પોતાનું નસીબ લઈને આવતી હોય છે અને આ ફિલ્મ માટે કાંઈક જુદું જ નસીબ લખાયેલું છે.

ફરહાન અખ્તર હવે ‘ડોન થ્રી’નાં નિર્માણમાં વ્યસ્ત થઈ ગયો છે. આલિયા ભટ્ટ હવે સંજય લીલા ભણશાળીની ‘બૈજુ બાવરા’ની રીમેકમાં વ્યસ્ત થઈ ગઈ છે. આ જોતાં ‘જી લે જરા’ ફિલ્મનું ભાવિ અનિશ્ચિત બની ચૂક્યું છે.

# રવિ તેજાની ‘ટાઈગર નાગેશ્વર રાવ’ દશેરા પર બોક્સ ઓફિસ પર મચાવી શકે છે ધમાલ



સાઉથ સિનેમાના દિગ્ગજ કલાકાર રવિ તેજાની અપકમિંગ ફિલ્મ ટાઈગર નાગેશ્વર રાવની દર્શકો ઉત્સુકતાથી રાહ જોઈ રહ્યાં હતા. ટાઈગર નાગેશ્વર રાવનું દમદાર ટ્રેલર રિલીઝ કરી દેવામાં આવ્યુ છે. ટાઈગર નાગેશ્વર રાવનું ટ્રેલર લોન્ચ કરવા રવિ તેજા પહેલીવાર મુંબઈ આવ્યા હતા. ટાઈગર નાગેશ્વર રાવનું ટ્રેલર દમદાર છે. આ ટ્રેલર એક્શનથી ભરપુર છે.

ફિલ્મનું આ ટ્રેલર હિન્દી વર્ઝનમાં રજૂ કરવામાં આવ્યું છે. ‘ટાઈગર નાગેશ્વર રાવ’નું ટ્રેલર જોયા બાદ સરળતાથી અનુમાન લગાવી શકાય છે કે ,આ ફિલ્મ એક્શનથી ભરપૂર છે. વંશી કૃષ્ણ નાયડુ-વામસી કૃષ્ણ અકેલ્લા દ્વારા નિર્દેશિત ‘ટાઈગર નાગેશ્વર રાવ’ના આ ટ્રેલરે ચાહકોનું દિલ જીતી લીધું છે અને રિલીઝ થયા બાદ સોશિયલ મીડિયા પર આ ટ્રેલરની ખૂબ પ્રશંસા થઈ રહી છે.

દશેરાના ખાસ પર્વ પર ‘ટાઈગર નાગેશ્વર રાવ’ 20 ઓક્ટોબરે સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ ફિલ્મ હિન્દી, મલયાલમ, તેલુગુ, તમિલ, કન્નડ અને મલયાલમ ભાષાઓમાં રિલીઝ કરવામાં આવશે.આ ફિલ્મમાં અનુપમ ખેર, નુપુર સેનન, ગાયત્રી ભારદ્વાજ, રેણુ દેસાઈ, જીશુ સેનગુપ્તા અને મુરલી શર્મા મહત્વની ભૂમિકા ભજવતા જોવા મળશે.



# સિદ્ધાર્થ મલ્હોત્રા સ્ટારર ફિલ્મ ‘યોદ્ધા’ 8 ડિસેમ્બરે થશે રિલીઝ

સિદ્ધાર્થ મલ્હોત્રાની અપકમિંગ ફિલ્મ ‘યોદ્ધા’ સપ્ટેમ્બરમાં રિલીઝ થવાની હતી. હવે ફિલ્મની નવી રિલીઝ ડેટ સામે આવી છે. યોદ્ધામાં સિદ્ધાર્થની સાથે દિશા પટની અને રાશી ખન્ના લીડ રોલની ભૂમિકામાં છે. ફિલ્મમેકર કરણ જોહરે સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને ફિલ્મની રિલીઝ ડેટની જાણકારી આપી છે. સિદ્ધાર્થ મલ્હોત્રાની ફિલ્મ યોદ્ધા 8 ડિસેમ્બરે થિયેટર્સમાં રિલીઝ થવા જઈ રહી છે. કરણ જોહરે પોસ્ટ શેર કરતી વખતે લખ્યુ- અમે 8 ડિસેમ્બરે થિયેટર્સમાં લેન્ડ કરવા માટે તૈયાર છે.

સિદ્ધાર્થ મલ્હોત્રાની ફિલ્મ યોદ્ધાની રિલીઝ ડેટ 1-2 વખત નહીં પરંતુ 4 વખત બદલાઈ છે. આ ફિલ્મને 15 ડિસેમ્બરે રિલીઝ કરવાનો પ્લાન કરવામાં આવી રહ્યો હતો પરંતુ શાહરૂખ ખાનની ડંકીથી એક અઠવાડિયા પહેલા રિલીઝ કરવાથી ફિલ્મના બોક્સ ઓફિસ કલેક્શન પર અસર થાત. જેના કારણે આને 8 ડિસેમ્બરે રિલીઝ કરવાનો પ્લાન કરવામાં આવ્યો છે. સિદ્ધાર્થ મલ્હોત્રાની ફિલ્મ યોદ્ધાને પુષ્કર ઓઝા અને સાગર આંબ્રેએ ડાયરેક્ટ કરી છે. કરણ જોહર, શશાંક ખૈતાન, અપૂર્વા મહેતાએ પ્રોડ્યૂસ કરી છે.

# ‘OMG 2’ફિલ્મ 8 ઓક્ટોબરે ઓટીટી પર થશે રિલીઝ

અક્ષય કુમારની ફિલ્મ ‘OMG 2’ બોક્સ ઓફિસ પર હિટ રહી હતી. હવે 8 ઓક્ટોબરે નેટફ્લિક્સ પર સ્ટ્રીમિંગ માટે તૈયાર છે. અમિત રાય દ્વારા નિર્દેશિત, ‘OMG 2’ સ્ટાર્સ અક્ષય કુમાર, પંકજ ત્રિપાઠી અને યામી ગૌતમ મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મમાં કોમેડી દ્વારા દર્શકો સમક્ષ એક મહત્ત્વની વાત રજૂ કરવામાં આવી હતી અને તેને A સર્ટિફિકેટ મળવા છતાં થિયેટરોમાં તેને સારો પ્રતિસાદ મળ્યો હતો.




નેટફ્લિક્સ પર ‘OMG 2’ વિશે અક્ષય કુમારે કહ્યું, ‘OMG 2’ને થિયેટરમાં મળેલા પ્રેમથી અમે રોમાંચિત છીએ. આ સ્ટોરી તમને સીમાઓથી દૂર લઈ જશે. અમને વિશ્વાસ છે કે નેટફ્લિક્સ સાથે અમે ફિલ્મને વિશ્વભરના મનોરંજન પ્રેમીઓ સુધી લઈ જઈ શકીશું. આશા છે કે અમારી મહેનત ખુશીઓ ફેલાવતી રહેશે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

### ટચ સ્ટોન ફાઉન્ડેશનને અગાઉ પ્રસાદમાં ભેળસેળ કરતા 60 હજારનો દંડ ફટકાર્યો હતો

# અંબાજીમાં મોહનથાળનુ કામ ફરી જુના કોન્ટ્રાક્ટરને જ સોંપવામાં આવ્યું

■ અગાઉ વર્ષ 2012થી 2017 સુધી ટચ સ્ટોન ફાઉન્ડેશન અમદાવાદને અંબાજીમાં મોહનથાળ પ્રસાદ સંચાલનની કામગીરી કરેલી

ગુજરાત | વંદન

અંબાજી મંદિરમાં મોહનથાળના પ્રસાદને લઈને ફરી એકવાર વિવાદ સર્જાયો છે. અંબાજી ભાદરવી પૂનમના મેળા પહેલા ફૂડ વિભાગ દ્વારા મોહનથાળ બનાવવામાં ઉપયોગમાં આવતા ઘીના સેમ્પલ લેવામાં આવ્યા હતા, જે સેમ્પલ ફેલ થયા હતા. મોહનથાળ પ્રસાદનો મામલો ફરી એકવાર ગરમાતા મોહનથાળ બનાવતી કંપની મોહિની કેટરર્સનું ટેન્ડર રિન્યું કરાયું નથી. હવે મોહનથાળ પ્રસાદનો કોન્ટ્રાક્ટ ટચસ્ટોન ફાઉન્ડેશન એટલે કે અક્ષયપાત્રાને સોંપવામાં આવ્યો છે. અગાઉ વર્ષ 2012થી 2017 સુધી ટચ સ્ટોન ફાઉન્ડેશન અમદાવાદને અંબાજીમાં મોહનથાળ પ્રસાદ સંચાલનની કામગીરી કરેલી છે. ત્યારે વધુ એક વખત આ કોન્ટ્રોક્ટ એજન્સીને છ માસમાં માટે આપવામાં આવ્યો છે. ત્યારે પ્રસાદ કોન્ટ્રાક્ટ માટેની નવી કંપની પણ વિવાદમાં ચૂકી છે. ટચ સ્ટોન ફાઉન્ડેશને અગાઉ પ્રસાદમાં ભેળસેળ કરતા રૂ.60 હજારનો દંડ કરાયો હતો.

આ મામલે બનાસકાંઠાના કલેક્ટર વરુણ બરનવાલે જણાવ્યું કે, પ્રસાદ બનાવવાનો કોન્ટ્રાક્ટ હવે ટચ સ્ટોન ફાઉન્ડેશનને સોંપવામાં આવ્યો છે. આ ફાઉન્ડેશન દેશમાં ઘણી બધી જગ્યાએ કામ કરે છે. અગાઉ વર્ષ 2012થી 2017 સુધી ટચ સ્ટોન ફાઉન્ડેશને આ કામ કર્યું હતું. એક સમયે ...અનુસંધાન પેજ નં. 6 પર



## આક્ષેપ કરનાર તો આક્ષેપ કરશેઃ કલેક્ટર

કલેક્ટર વરુણ બરનવાલે જણાવ્યું કે, અત્યારે પહેલા કરતા અમારી સિસ્ટમ વધુ મજબૂત થઈ છે. કોઈપણ એજન્સીને કામ આપીએ, આક્ષેપ કરનાર તો આક્ષેપ કરશે જ. તથ્ય હોય અને આક્ષેપ કરે તો અમે તેના સામે એક્શન લઈશું. એક વખત ટચ સ્ટોન ફાઉન્ડેશને દૂધ પાવડર વાપર્યો હતો, જેના બદલામાં તેને રૂ. 60 હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો. અમે જે પણ નિર્ણયો લઈ રહ્યા છે તે ભક્તો-મંદિરના હિતમાં લઈ રહ્યા છીએ.

## ટચ સ્ટોન ફાઉન્ડેશનને કોન્ટ્રોક્ટ આપવામાં આવ્યો

અંબાજીમાં યાત્રાળુઓને માતાજીના પ્રસાદ તરીકે મોહનથાળ વિતરણ કરવામાં આવે છે. હવે મોહનથાળ પ્રસાદનો કોન્ટ્રાક્ટ ટચ સ્ટોન ફાઉન્ડેશનને સોંપવામાં આવ્યો છે. મંદિર ટ્રસ્ટની અખબારી યાદીમાં જણાવ્યું કે, મોહનથાળની ગુણવત્તા અને ઉપલબ્ધતા જળવાઈ રહે તે વ્યવસ્થા કરવી અત્યંત જરૂરી હોઈ ટચ સ્ટોન ફાઉન્ડેશનની દરખાસ્ત અન્વયે મંદિર ટ્રસ્ટ દ્વારા સરકારમાં આ કામગીરી ટચ સ્ટોન ફાઉન્ડેશનને સોંપવા 29 સપ્ટેમ્બરે 2023ના પત્રથી ભલામણ કરી હતી. જે બાબતે તારીખ 3 ઓક્ટોમ્બર 2023ના પત્રથી અંબાજી મંદિરના પ્રસાદ બનાવવાની કામગીરી ટચ સ્ટોન ફાઉન્ડેશન અમદાવાદને છ માસ માટે સોંપવા અનુમતિ મળી છે. જેને અનુલક્ષીને અંબાજી મંદિરમાં મોહનથાળ પ્રસાદની કામગીરી અગામી છ માસ માટે ટચ સ્ટોન ફાઉન્ડેશનને સુપ્રત કરવામાં આવેલી છે.



## ચોરના ભાઈ ઘંટી ચોરને કામ સોંપવામાં આવ્યું - ધારાસભ્ય કાંતિ ખરાડી

બીજી તરફ સરકાર તરફથી અંબાજીમાં મોહિની કેટરર્સનો કોન્ટ્રાક્ટ રદ કરીને અક્ષયપાત્રને કામગીરી સોંપવામાં આવી છે. ત્યારે દાંતાના કોંગ્રેસના ધારાસભ્ય કાંતિ ખરાડીએ સવાલો ઉઠાવ્યાં છે. કાંતિ ખરાડીએ મીડિયાને કહ્યુ હતુ કે, ચોરના ભાઈ ઘંટી ચોરને કામ સોંપવામાં આવ્યું છે. અગાઉ આ



સંસ્થાએ દૂધના પાવડરમાંથી પ્રસાદ બનાવ્યો હતો. ટચ સ્ટોન કંપનીને અગાઉ દંડ ફટકારવામાં આવ્યો હતો તે છતાંય તેને જ કામ સોંપવામાં આવ્યું છે.

કાંતિ ખરાડીએ કહ્યું હતું કે, મંદિર પાસે પુરતો સ્ટાફ છે જ જેથી અંબાજી ટ્રસ્ટે જ પ્રસાદ બનાવવો જોઈએ. દાંતાના કોંગ્રેસના ધારાસભ્ય કાંતિ ખરાડીએ ટચ સ્ટોન ફાઉન્ડેશનને કામ સોંપાયા બાદ સવાલો ઉઠાવ્યા તો બનાસકાંઠા કલેક્ટરે પણ નિવેદન આપ્યું હતું. કલેક્ટરે કહ્યું હતું કે, આક્ષેપ કરનારા તો કરશે જ. કલેક્ટરે વધુમાં કહ્યું હતું કે, ટચ સ્ટોન કંપની ઘણા શહેરોમાં કામ કરે છે. પાઉડર વપરાયો ત્યારે 60 હજારનો દંડ થયો હતો. પહેલા કરતા હાલ અમારી સિસ્ટમ વધુ મજબૂત છે. સારી ગુણવત્તાનો પ્રસાદ આપવા માટે અમારા પગલા છે. હાલમાં મંદિર પાસે પુરતો સ્ટાફ નથી. એટલે આક્ષેપો તો થયા કરશે.

# રાજ્યમાં શિયાળાનો પ્રારંભ : વહેલી સવારે ઠંડીનો અહેસાસ

■ અમદાવાદ શહેરનું તાપમાન 25 ડિગ્રીથી ઘટીને 21.6 ડિગ્રી તાપમાન

ગુજરાત | વંદન



અમદાવાદમાં રાત્રી દરમિયાન ઠંડીનો ચમકારો વર્તાયો છે. જેમાં અમદાવાદમાં લઘુતમ તાપમાન 21.6 ડિગ્રી રહ્યું છે. પાંચ દિવસમાં પારો ત્રણથી ચાર ડિગ્રી ગગડયો છે. તેમજ મોડી રાત્રે અને વહેલી વહેલી સવારે ઠંડીનો ચમકારો જોવા મળ્યો છે. જેમાં પાટનગરનું તાપમાન ગગડીને 19 ડિગ્રીએ પહોંચ્યું છે.

છેલ્લા પાંચ દિવસમાં રાજ્યના વિવિધ શહેરોમાં લઘુતમ તાપમાનનો પારો ત્રણથી ચાર ડિગ્રી ગગડતાં રાત્રી દરમિયાન ઠંડીનો ચમકારો વર્તાવા લાગ્યો છે. અમદાવાદ શહેરનું તાપમાન 25 ડિગ્રીથી ઘટીને 21.6 ડિગ્રી જ્યારે પાટનગર ગાંધીનગરનું તાપમાન ગગડીને 19 ડિગ્રીએ પહોંચી ગયું છે. તાપમાનનો પારો ગગડતાં મોડી રાત્રે અને વહેલી વહેલી સવારે ઠંડીનો ચમકારો વર્તાઈ રહ્યો છે.

હવામાન વિભાગ દ્વારા તાપમાનની પ્રસિદ્ધ કરેલી વિગતો મુજબ, અમદાવાદ શહેરનું લઘુતમ તાપમાન 25 ડિગ્રી અને મહત્તમ તાપમાન 36.9 ડિગ્રી નોંધાયુ હતુ. આ સિવાય ડીસામાં લઘુતમ તાપમાન 26.1 ડિગ્રી, ગાંધીનગરમાં 23.1 ડિગ્રી, વડોદરામાં 26.4 ડિગ્રી, ભાવનગરમાં 27 ડિગ્રી, દ્વારકામાં 26 ડિગ્રી, પોરબંદરમાં 24.5 ડિગ્રી, રાજકોટમાં 25.5 ડિગ્રી અને સુરેન્દ્રનગરમાં 26.8 ડિગ્રી નોંધાયું હતું. અમદાવાદનું લઘુતમ તાપમાન ઘટીને 21.6 ડિગ્રી, ડીસામાં 22.3 ડિગ્રી, ગાંધીનગરમા 19 ડિગ્રી નોંધાયુ છે.

### અમદાવાદની પોસ્ટ ઓફિસેથી પકડાયેલ વિદેશી ડ્રગ્સ કેસ

# USAથી ડ્રગ્સ મંગાવનાર 20 લોકોનો નામ તપાસમાં ખુલ્યા

ગુજરાત | વંદન

અમદાવાદ પોસ્ટ ઓફિસમાંથી પકડાયેલા વિદેશી ડ્રગ્સ કેસમાં પોલીસે તપાસ હાથ ધરી હતી. આ મામલે સાયબર ક્રાઈમની તપાસમાં ખુલાસા થયા છે. તપાસમાં અમદાવાદના 3, સુરતનો 1 અને બરોડાના 1 ડ્રગ્સ ડિલરની ઓળખ થઈ ગઈ છે. જેમાં USAથી ડ્રગ્સ મંગાવનાર 20 લોકોના નામ ખુલતા ખળભળાટ મચી ગયો છે. રમકડા અને પુસ્તકોની આડમાં ડ્રગ્સ લવાતું હોવાનું પણ બહાર આવ્યું છે. વધુમાં વિદેશી ડ્રગ્સની ડિમાન્ડ નવરાત્રી, દિવાળી સમયે વધુ હોવાનું સામે આવ્યુ છે.

સાઈબર ક્રાઈમ દ્વારા કબજે કરેલા 20થી વધુ પાર્સલોમાં સુરત, વડોદરા, રાજકોટ, વલસાડ, અમદાવદની જુદા-જુદી વ્યકિતઓ મગાવતા હતા. સાઈબર ક્રાઈમની તપાસમાં ડાર્કવેબ મારફતે ઉપયોગમાં લેવાતા ગેટ-વેની વિગતો સામે આવી છે. જેમાં કરોડોનું પેમેન્ટ કરાયું હોવાનું સામે આવ્યું છે. શાહીબાગ સ્થિત પોસ્ટ ઓફિસમાંથી 48 લાખ રૂપિયાની કિંમતના ગાંજો અને કોકેન જેવા ...અનુસંધાન પેજ નં. 6 પર


# પ્રાકૃતિક ખેતીને જનઆંદોલન બનાવીએ, આખા વિશ્વને પ્રેરણા આપીએ: રાજ્યપાલ

ગુજરાત | વંદન

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ગુજરાતના ખેડૂતોને પ્રાકૃતિક ખેતીને જનઆંદોલન બનાવવા અપીલ કરી છે. રાસાયણિક ખેતીના અસંખ્ય દુષ્પરિણામો આપણે ભોગવી રહ્યા છીએ ત્યારે પ્રાકૃતિક ખેતી અપનાવ્યા સિવાય કોઈ છૂટકો જ નથી. પ્રાકૃતિક ખેતી ઈશ્વરીય કાર્ય છે. પ્રાકૃતિક ખેતી અપનાવવામાં, આપણે ગુજરાત આખા વિશ્વને પ્રેરણા આપીએ.

રાજભવન પરિસરમાં નવનિર્મિત સ્વામી દયાનંદ સભામંડપમાં આયોજિત પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં રાજ્યના જિલ્લા અને તાલુકા કક્ષાના સંયોજકો, કૃષિ અને બાગાયત વિભાગના રાજ્યના અધિકારીઓ, પ્રગતિશીલ ખેડૂતો અને કૃષિ વૈજ્ઞાનિકોને સંબોધન કરતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા ગુજરાતના દરેક ગામમાં એક પ્રાકૃતિક ખેતીનું 'મોડેલ ફાર્મ' બનાવીએ. હવે જેનું પોતાનું 'મોડેલ ફાર્મ' હોય એવા ખેડૂતો જ માસ્ટર ટ્રેનર તરીકે અન્ય ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ આપશે.

જીવામૃત, ઘન જીવામૃત, બીજામૃત, આચ્છાદન, વાપ્સા અને મિશ્ર પાક પદ્ધતિ જેવા તમામ આયામોનું વ્યવસ્થિત પાલન કરીને પદ્ધતિસર કરવામાં આવે તો પ્રાકૃતિક ખેતીમાં પહેલા જ વર્ષે રાસાયણિક ખેતી કરતાં વધુ ઉત્પાદન મળી શકે છે, એમ કહીને



રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, ગુજરાતમાં ૮,૫૦,૦૦૦ થી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી છે. રાસાયણિક ખેતીમાં જેમ યુરિયાથી ઉત્પાદન ઝડપી બને એમ પ્રાકૃતિક ખેતી અપનાવવામાં આપણી ગતિ હવે યુરિયા જેવી ઝડપી હોવી જોઈએ. યુરિયા જેટલી સ્પીડે આપણે પ્રાકૃતિક ખેતીના મિશનને ઝડપભેર આગળ વધારીએ અને યુરિયાને પાછળ પાડી દઈએ. પ્રાકૃતિક ખેતી એ ઈશ્વરને પ્રાપ્ત કરવાનો સર્વોત્તમ ઉપાય છે, સમાજની મોટામાં મોટી સેવા છે.

આંધ્ર પ્રદેશના પૂર્વ વિશેષ મુખ્ય સચિવ (કૃષિ) અને વર્તમાનમાં આંધ્ર પ્રદેશ સરકારના કિસાન સશક્તિકરણ સંગઠનના કાર્યકારી ઉપાધ્યક્ષ ટી. વિજય કુમારે આ પરિસંવાદમાં વિસ્તૃત પ્રેઝન્ટેશન આપ્યું હતું. અભ્યાસપૂર્ણ વક્તવ્યમાં તેમણે કહ્યુ કે, પ્રાકૃતિક કૃષિ પરંપરા અને સંસ્કૃતિ સાથે સંલગ્ન 'મૉડર્ન સાયન્સ' છે. જે ખેડૂત પ્રાકૃતિક ખેતી કરે છે તે ...અનુસંધાન પેજ નં. 6 પર

# અયોધ્યા મંદિરની થીમ ઉપર ગાંધીનગરમાં કેસરિયા ગરબાનું ભવ્ય આયોજન

■ શ્રીરામની પાદુકાઓ - અંબાજીથી જ્યોત લવાશે, 51 હજાર દિવડાની મહાઆરતી

ગુજરાત | વંદન

ગાંધીનગર ઉત્તર વિધાનસભાનાં ધારાસભ્ય રીટાબેન પટેલ પ્રેરીત સહાય ફાઉન્ડેશનના નેજાં હેઠળ પાટનગરની મધ્યમાં સેક્ટર - 11 નાં રામકથા મેદાનમાં મેદાનમાં અત્યારસુધીનાં સૌથી મોટા આયોજન સાથે "કેસરિયા ગરબા - 2023" નું આયોજન કરવામાં આવ્યું છે. અહીં અયોધ્યા મંદિરની 108 ફૂટ ઊંચી આબેહૂબ પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવશે. ઉપરાંત અયોધ્યાથી પૂજા કરીને ભગવાન શ્રી રામની પાદુકાઓ



તેમજ અંબાજીથી જ્યોત લાવવા ઉપરાંત આઠમનાં દિવસે 51 હજાર દીવડાંની મહાઆરતી પણ કરાશે. અહીં એકસાથે 12 હજાર ખેલૈયાઓ ગરબાના તાલે મન મૂકીને ઝુમી શકે તેવું ડસ્ત ફ્રી ગ્રાઉન્ડ તૈયારી થઈ રહ્યું છે. જેનાં માટે 12 કરોડનો વીમો પણ લેવામાં આવ્યો છે.

સહાય ફાઉન્ડેશન દ્વારા આયોજિત કેસરિયા ગરબા મહોત્સવ અંગે કેતન પટેલે જણાવ્યું હતું કે, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલની પ્રેરણાથી વિવિધ સેવાકીય, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સામાજિક, ધાર્મિક, આરોગ્યલક્ષી, પર્યાવરણલક્ષી તેમજ રમતગમત સહિતની પ્રવૃતિઓના આયોજનના ધ્યેય સાથે "સહાય ફાઉન્ડેશન"ની સ્થાપના કરવામાં આવી છે. જે અંતર્ગત દર વર્ષે સમયાંતરે વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ કરવામાં આવશે. જે તહેવાર પ્રત્યેક ગુજરાતી અપાર શ્રદ્ધા, આનંદ અને ઉલ્લાસ સાથે ઉજવે છે એવા જગતજનની માં અંબાની આરાધનાના પર્વ નવરાત્રીનો તા.15 ઓક્ટોબરથી પ્રારંભ થઈ રહ્યો છે.

વર્ષોથી ગાંધીનગરમાં વિવિધ સંસ્થાઓ દ્વારા ગરબા મહોત્સવનું આયોજન થતું આવ્યું છે. સહાય ફાઉન્ડેશન દ્વારા આ વર્ષે વિશિષ્ટ આકર્ષણો અને સુનિયોજિત વ્યવસ્થા સાથે ગાંધીનગરમાં અત્યાર સુધીના સૌથી વિશાળ અને ભવ્ય આયોજનથી "કેસરિયા ...અનુસંધાન પેજ નં. 6 પર

## અમદાવાદ ગ્રામ્ય SOGએ ઝડપેલો હાઈબ્રીડ ગાંજો છેક થાઇલેન્ડથી આવતો, આરોપીઓ ક્રિપ્ટો કરન્સીથી કરતા ચૂકવણી





મેઘા તેવાર (DYSP, અમદાવાદ ગ્રામ્ય)

ગુજરાત | વંદન

અમદાવાદના ઉલારીયા નજીકથી હાઈબ્રિડ ગાંજા અને ચરસ સાથે અમદાવાદ ગ્રામ્ય SOGએ એક શખ્સની ધરપકડ કર્યા બાદ આંતરરાષ્ટ્રીય ગાંજા કેસમાં મોટો ખુલાસો થયો છે. અમદાવાદ ગ્રામ્ય SOGની તપાસમાં સામે આવ્યું છે કે આ ગાંજો થાઈલેન્ડથી લાવવામાં આવ્યો હતો. ગાંજાની ડિલિવરી મળ્યા બાદ આરોપીઓએ ક્રિપ્ટો કરન્સીથી ચૂકવણી કરી હતી. મુખ્ય આરોપી દ્વારા અમદાવાદ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં ડ્રગ્સનું મોટુ નેટવર્ક ચલાવવામાં આવતું હોવાનું સામે આવ્યું છે. હાલ આ કેસમાં અર્ચિત અગ્રવાલ, લલિત ઉર્ફે ક્રિષ્ના બૈસ અને જયરાજ પટેલની ધરપકડ કરાઈ છે.

અમદાવાદ ગ્રામ્ય DySP મેઘા તેવારે આ મામલે જણાવ્યું કે, આ કેસમાં પકડાયેલા અર્ચિત અગ્રવાલની તપાસમાં સામે આવ્યું કે તે થાઈલેન્ડ અને સ્પેન જેવા દેશના અલગ અલગ વ્યક્તિઓના સંપર્કમાં છે. થાઈલેન્ડથી 100થી 150 ગ્રામ માલ રમકડાની રિમોટવાળી ગાડીમાં અથવા તો પ્રોટીન્સના ડબ્બામાં વેક્યુમ સીલ કરી મોકલાતો હતો. આરોપી પોતે થાઈલેન્ડથી 50 હજાર રૂપિયાનો 28 ગ્રામ ગાંજો મંગાવતો અને એક ગ્રામના 2500 રૂપિયા લેખે ગ્રાહકો પાસેથી વસૂલ કરતો હતો. અર્ચિતના પિતા સંજય અગ્રવાલ કાપડના વેપારી છે, જ્યારે તેની માતા ફેશન ડિઝાઈનર છે. અર્ચિત અગ્રવાલ પોતે ઈન્સ્ટાગ્રામ પર એક આઈડી બનાવી તેમજ પોતે હાઈબ્રિડ ગાંજાના એક્સપર્ટ તરીકેની લોકોમાં ઓળખ પ્રસ્થાપિત કરતો હતો. આરોપી પાસેથી પોલીસે મર્સિડીઝ ગાડી પણ કબ્જે કરી છે.

### ઘાટલોડિયાની કેલોરેકસ સ્કૂલને ક્લીનચીટ નહીં

# બાળકોને નમાજ કરાવનાર કર્મચારીઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા આદેશ

ગુજરાત | વંદન

અમદાવાદના ઘાટલોડિયાની કેલોરેકસ સ્કૂલ દ્વારા ઈદના તહેવાર નિમિતે સ્કૂલમાં બાળકોને નમાઝ કરાવવામાં આવી હતી. જે મામલે હિન્દુ સંગઠનોએ સ્કૂલમાં ઉગ્ર વિરોધ કર્યો હતો. આ અંગે ગાંધીનગર સુધી નોંધ લેવાઈ હતી અને જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સ્કૂલ પાસે ખુલાસો માંગીને તપાસ કરવામાં આવી હતી. જેમાં પ્રાથમિક રિપોર્ટ આવ્યા બાદ સ્કૂલને જવાબદાર કર્મચારીઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા આદેશ આપ્યા છે. તથા સ્કૂલ સામે વધુ તપાસ માટે વર્ગ-2ના ત્રણ કર્મચારીઓની ટીમ બનાવી તપાસ સોંપવામાં આવી છે.

કેલોરેકસ ફ્યુચર સ્કૂલમાં ઈદના આગળના દિવસે સ્કૂલમાં વિદ્યાર્થીઓને નમાઝ શીખવાડવામાં આવી હતી. જે અંગેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો. આ ઘટનાનો વીડિયો વાઈરલ થયા બાદ અલગ-અલગ હિન્દુ સંગઠનોએ સ્કૂલમાં વિરોધ કર્યો હતો. ABVP દ્વારા પણ સ્કૂલમાં ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. આ બનાવની ગાંધીનગર શિક્ષણમંત્રી દ્વારા નોંધ લેવામાં આવી હતી. જે બાદ શિક્ષણમંત્રીએ જિલ્લા શિક્ષણાધિકારીને તાત્કાલિક તપાસના આદેશ આપ્યા હતા.

જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા મંગળવારે સ્કૂલને લેખિતમાં ખુલાસો આપવા જણાવ્યું હતું. સ્કૂલ દ્વારા ખુલાસો આપ્યા બાદ બીજા દિવસે સ્કૂલમાં તપાસ માટે ટીમ મોકલવામાં આવી હતી. સ્કૂલમાં તપાસ માટે આવેલી ટીમે રિપોર્ટ તૈયાર કરીને જિલ્લા શિક્ષણાધિકારીને મોકલ્યો હતો. ...અનુસંધાન પેજ નં. 6 પર

## સ્પાની આડમાં ચાલતા દેહવેપારનો પોલીસે કર્યો પર્દાફાશ, 6 રૂપલલનાઓ ઝડપાઈ

ગુજરાત | વંદન

શહેરમાંથી ફરી એકવાર સ્પાની આડમાં દેહવેપાર થતો હોવાનું ઝડપાયું છે. આનંદનગર વિસ્તારમાં હાલો સ્પા એન્ડ મોરમાં પોલીસે દરોડા પાડ્યા હતા. ડમી ગ્રાહક મોકલી પોલીસે દેહવેપારનો પર્દાફાશ કર્યો છે. આ મામલે મહિલા સંચાલક અને મેનેજરની ધરપકડ કરવામાં આવી છે. દરોડા પાડતા સ્પમાંથી છ રૂપલલનાઓ




મળી આવી છે. આનંદનગર પોલીસ મથકે આ સમગ્ર મામલે ગુનો નોંધાયો છે.

મહત્ત્વનું છે કે, થોડાક દિવસ અગાઉ જ અમદાવાદમાં એક યુવતીને સ્પા માલિક દ્વારા ઢોર માર મારવાનો મામલો સામે આવ્યો હતો. અમદાવાદના બોડકદેવ વિસ્તારમાં 25 સપ્ટેમ્બરના રોજ મોડી રાતે સિંધુ ભવન રોડ પર આવેલા ગેલેક્સી સ્પાના માલિકે યુવતી સાથે લાફાવાળી કરી હોવાના ઘટના બની હતી.

જેમાં આરોપી સ્પા માલિકે યુવતી સાથે ઉદ્ધતાઈ ભર્યું વર્તન કરી યુવતીના કપડાં પણ ફાડી નાખ્યા હતા, જેના સીસીટીવી ફૂટેજ ...અનુસંધાન પેજ નં. 6 પર

# અદાણી ટોટલ ગેસ અમદાવાદમાં બાયો-સીએનજી પ્લાન્ટ બનાવશે

ગુજરાત | વંદન

દેશમાં ઘર-ઘર સુધી ઈંધણ પહોંચાડવા અદાણી ટોટલ ગેસે એક મોટી પહેલ કરી છે. અમદાવાદ સ્થિત અદાણી ટોટલ ગેસ હવે બાયો-સીએનજીનું ઉત્પાદન કરશે. અદાણીના જૂથ અને ફ્રેન્ચ ઊર્જા ક્ષેત્રની કંપની ટોટલ એનર્જીઝ વચ્ચેના સંયુક્ત સાહસ ધરાવતી કંપની ATGL અમદાવાદમાં બાયો-સીએનજી ઉત્પાદન કરતો અદ્યતન પ્લાન્ટ બનાવશે.

અમદાવાદના પીરાણા/ગ્યાસપુર ખાતે એટીજીએલ દ્વારા નવીન પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન(AMC) તરફથી મળેલા વર્કઓર્ડર પ્રમાણે તેને પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ મોડલ મુજબ બનાવવામાં આવશે.

એટીજીએલ દેશના 124 જિલ્લાઓને આવરી લેતા 52 લાયસન્સમાં ઓટોમોબાઈલ સીએનજી અને ઘરેલું રસોઈ માટે પાઈપ્ડ ગેસનું વેચાણ કરે છે. કંપની દેશમાં 460 સીએનજી સ્ટેશન તેમજ રસોઈ ગેસના લગભગ 7 લાખ ગ્રાહકો ધરાવે છે. અદાણી ટોટલ ગેસે તાજેતરના વાર્ષિક અહેવાલમાં ઓટોમોબાઈલ સીએનજી તેમજ ડોમેસ્ટિક ઈન્ડસ્ટ્રીઝમાં પાઈપ્ડ ગેસના છૂટક વેચાણ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર રૂ. 18,000 કરોડથી રૂ. 20,000 કરોડના રોકાણની જાહેરાત કરી છે. અદાણી ટોટલ આગામી આઠ-દસ વર્ષમાં ગેસ વિતરણ માટે મોટું રોકાણ કરવા જઈ રહી છે. દેશમાં વધતી જતી સ્વચ્છ ઇંધણની માંગને પહોંચી વળવા એટીજીએલ સીએનજી સ્ટેશનોનું નેટવર્ક, ...અનુસંધાન પેજ નં. 6 પર



Sakar-9, 821,Lobby-1, Ashram Rd, beside Old Reserve Bank of India, Ahmedabad, Gujarat 380009